પુદુમૈપિત્તનની વાર્તાઓ

આંતરભારતીય પુસ્તકમાળા

પુદુમૈપિત્તનની વાર્તાઓ

સંપાદન

મી. પ. સોમસુંદરમ્

અનુવાદિકા

ઉષા સટ્ટાવાલા

નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા

આ પુસ્તક પર્યાવરણ - સહૃદય પુનર્નિર્મિત કાગળ પર છાપવામાં આવ્યું છે.

ISBN : 81-237-0446-1

1995 (શક 1916)

રૂ. 25.00
Original : Pudumaippithan Sirukathaigali (Tamil)
Gujarati Translation : Pudumaipithanni Vartao
પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા,
એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110 016.

અનુક્રમ

ભૂમિકા

વિશ્વસાહિત્યમાં વાર્તાસાહિત્યનું સ્થાન મહત્ત્વનું છે. કારણ એ છે, કે વાર્તાસાહિત્ય પ્રત્યે બધી જાતિઓની સદૈવ અભિરુચિ રહી છે. સેંકડો વર્ષો પહેલાં લોકકથાઓ અને દંતકથાઓના રૂપમાં વાર્તાનો આવિર્ભાવ થયેલો. સમય જતાં લેખિત સાહિત્યમાં પણ વાર્તાસાહિત્યે ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું.

તમિલ ભાષાના વાર્તાસાહિત્યનો વિકાસ પણ સેંકડો વર્ષોથી ચોરાઓ, ચબૂતરાઓ, સાહિત્યિક વાર્તાલાપ અને બેઠકોના માધ્યમથી થયો. આપણા ઐતિહાસિક અને પૌરાણિક ગ્રંથોમાં કેટલીય લઘુકથાઓ છે. તમિલ સાહિત્યના 'મણિ મેખલાઈ', 'શિલપ્પદિકારમ્' આદિ મહાકાવ્યો તથા 'અહનૂનુરુ' 'કલિત્તનોગાઈ', 'કુરંતોગૈ' આદિ સંપાદિત ગ્રંથોમાં પણ કેટલીય કથાઓ અનુસ્યૂત છે. પણ એ કાવ્યાત્મક શૈલીમાં છંદોબદ્ધ છે. ગઈ શતાબ્દી સુધી કથાસાહિત્યનું વાર્તા તરીકેનું સ્વરૂપ ઘડાયું નહોતું અને કથા લોકકથાની શૈલીમાં રહી.

છાપખાનાની સગવડ અને પશ્ચિમના સાહિત્યના પ્રભાવને લીધે સામયિકોનો વિકાસ થયો. અને પુસ્તકો દ્વારા શિક્ષણના પ્રચારની શરૂઆત થઈ. આની સાથે જ તમિલના વાર્તાસાહિત્યે આધુનિક શૈલીઓથી વાચકોને પોતાની તરફ આકર્ષ્યા.

તમિલ સામયિકોના વિકાસક્રમ પર નજર નાખતાં સ્પષ્ટ થાય છે કે પાછલાં પચાસ વર્ષોમાં પરંપરાવાદથી આધુનિક્તા તરફ આગળ ધપનારા અને નવી માન્યતાઓવાળા ક્રાન્તિકારી લખાણની અંદર અંદરની સ્પર્ધાને કારણે, વાર્તાસાહિત્ય સમૃદ્ધ થતું ગયું છે.

સુબ્રહ્મણ્ય ભારતી પછીના નવી પેઢીના શાશ્વત મહત્ત્વવાળા વાર્તાકારોને મુખ્યત: બે વર્ગમાં વિભાજિત કરી શકાય.

એક વર્ગ છ; 'આનંદ વિકટન', 'કલ્કિ' વગેરે સામયિકો દ્વારા વાર્તાસાહિત્યને સમૃદ્ધ કરનારા, કલ્કિ, રા કૃષ્ણમૂર્તિ તથા તેમના જેવા તેમના વર્ગના અન્ય લેખકોનો. બીજો વર્ગ છે 'મણિકકોડિ' સામયિક તથા એ જ શૈલીનાં બીજાં પ્રચલિત સામયિકોમાં લખનારા બી.એસ. રામૈયા તથા પુદુમૈપિત્તન વગેરે લેખકોનો.

આ બંને વર્ગના અનુયાયી લેખક તથા આધુનિક બદલાતાં ધોરણોને અનુરૂપ અન્ય કેટલાક લેખકો તમિલ સાહિત્યને સમૃદ્ધ કરવામાં ફાળો આપે છે. તાજેતરમાં જ એક પ્રમુખ સાહિત્યિક સંસ્થા દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર તમિલમાં દર વર્ષે એક હજાર પાંચસો વાર્તાઓ પ્રકાશિત થાય છે. આટલી મોટી સંખ્યામાં પ્રગટ થતી વાર્તાઓમાંથી કેટલી શાશ્વત પ્રભાવ પાડી શકશે એ વાત ચિંતનીય છે.

આ સંકલનના કથાકાર પુદુમૈપિત્તન શાશ્વત મહત્ત્વની વાર્તાઓના લેખકોમાં મહત્ત્વના સ્થાનના અધિકારી છે. 'મણિકકોડિ' લેખકોના વર્ગમાંના 'પુદુમૈપત્તન' પણ એક છે. આ વર્ગમાંના એક કહેવાને બદલે એમને શ્રેષ્ઠતમ કહેવાનું કદાચ વધુ ઉચિત થશે. આ સંદર્ભમાં પુદુમૈપિત્તન પોતે જ કહે છે.

"મણિક્કોડિ પત્રિકાના લેખકોમાં સર્વાધિક વ્યંગનું લક્ષ્ય અને નવીનતાને કારણે ઉત્પન્ન થતી અપરિચિતતાનું એક માત્ર પાત્ર હું જ હતો."

આ પંક્તિઓના લેખક પુદુમૈપિત્તને એક સ્થળે નવી ક્રાન્તિના ઈતિહાસની ચર્ચા કરી છે જે એક પ્રકારે 'મણિક્કોડિ યુગ' કહી શકાય. મણિક્કોડિના ઈતિહાસમાં, એ પત્રિકાના ઈતિહાસની સાથે, પુદુમૈપિત્તનના સાહિત્યનો ઈતિહાસ પણ વણાયેલો છે. હું એને બરાબર એ જ રીતે રજૂ કરું છું. પુદુમૈપિત્તન લખે છે :

"મણિક્કોડિના પ્રકાશનની પૂર્વે કેટલાંય સાહિત્યિક સામયિકો નીકળતાં હતાં. પરંતુ નવા પ્રયોગોને સ્થાન આપનારી કે પ્રોત્સાહિત કરનારી પત્રિકા ન તો પહેલાં હતી કે નથી પછી પ્રગટ થઈ. આ પત્રિકાના સંપાદક શ્રી કે. શ્રીનિવાસન પોતાના એ અપરાધને માટે, ભાષાચ્યુત વ્યક્તિની માફક બીજા રાજ્યમાં એક બીજી ભાષામાં પત્રકારત્વનું કાર્ય કરવા લાગ્યા છે. સમયાનુસાર ઢોલ પીટનાર અવસરવાદી, આક્રોશમાં ગર્જવા જેવો અભિનય કરતા વૃદ્ધ સિંહ તથા ભાષા અને ભાષાના વિકાસને નષ્ટ કરવા તત્પર તમિલભાષીઓનું ભાષાભિમાન તો પ્રણામ કરવા યોગ્ય છે. તે સમયે 'નવી લહેર' શબ્દમાં તેજી અને સાર્થક્તા હતી. કેટલાક લોકોએ એનું સ્વાગત કર્યું અને કેટલાક લોકોએ એના પર ટીકા પણ કરી. ઘણા લોકો એની પ્રત્યે ઉદાસીન રહ્યા. 'મણિક્કોડિ' નામના એ શિશુની, આર્થિક મુશ્કેલીઓએ હત્યા કરીને એને તિરસ્કારરૂપી સાર્વજનિક કચરાપેટીમાં ફેંકી દીધું. એ અચેતન શિશુને મેં, બંધુ રામૈય્યા તથા બીજા કેટલાક ઉત્સાહી મિત્રોએ આશારૂપી અમૃત દ્વારા જીવિત રાખવાનો પ્રયાસ કર્યો. બે-ત્રણ વર્ષોમાં જ યુવતી બની ગયા પછી એ આકર્ષક સુંદરીને મિત્રો ભગાડીને લઈ ગયા. એમણે એને કોઈને હાથે વેચી દીધી. વેચાણ પછી એ આ કળિયુગથી મુક્ત થઈ ગઈ. આ જ કથા છે એ પ્રયોગવાદી લેખકોની જેમણે તમિલ સાહિત્યમાં નવા પ્રયોગો કરવાની ઈચ્છા રાખી. આ જ કથાનો એક અંશ છે "મારી કથાઓ."

ઉપર ટાંકેલી પંક્તિઓ પુદુમૈપિત્તનની છે. એને મેં અક્ષરશઃ ઉતારી છે. આ પંક્તિઓમાં પુદુમૈપિત્તનની વાર્તાઓનો ઈતિહાસ આલેખાયેલો છે. પુદુમૈપિત્તનની તમિળ શૈલી શરૂઆતથી જ વિવાદગ્રસ્ત છે. પુદુમૈપિત્તનની કલ્પના તથા એમની વિચારાત્મક ક્રાન્તિ જે રીતે વિવાદનો વિષય બની, એ જ રીતે એમની શૈલી પણ વિવાદગ્રસ્ત રહી. એ વિષય પર પુદુમૈપિત્તને સ્પષ્ટ વિસ્તારથી ચર્ચા કરી છે. પોતાની તમિલ શૈલી, એનું સ્વરૂપ વગેરે બાબતમાં પુદુમૈપિત્તનની માન્યતા આ પ્રમાણે છે :
"મૂળ ચિંતનને પ્રાધાન્ય આપતાં વાક્યો, શૃંખલાને રૂપે નિયોજિત કરવાવાળી ત્વરિત શૈલીની ગૂંથણી મેં કરી હતી. એ શૈલી મારી પોતાની છે. તમિળ સાહિત્યની પરંપરાને જોતાં એકદમ નથી. હું પણ શિક્ષિત હોવાને કારણે ભાષાને માટે નવો હતો. પરિણામ

એ આવ્યું કે કેટલાક લોકો મારા લખાણને સમજી ન શક્યા. કેટલાક લોકોએ સહાનુભૂતિપૂર્વક ઘોષણા કરી કે મારું સાહિત્ય દુર્બોધ છે. હવે આ શૈલી ઉચિત છે કે ભાવાનુકૂળ, એનો નિર્ણય તો એ જ પદ્ધતિ પ્રમાણે લખાયેલા સાહિત્યને જોઈને કરી શકાશે. મેં પણ આ શૈલીને થોડા વખત પછી છોડી દીધી. એનું કારણ એ નહોતું કે એમાં ક્ષમતા નહોતી. મારી ઈચ્છા વાર્તાતંતુને કેટલીય રીતે પ્રસ્તુત કરવાની રહી છે. અને એટલા માટે મેં એ શૈલી છોડીને બીજી કેટલીય શૈલીઓમાં લખવાનો આરંભ કર્યો. બની શકે કે મારો પ્રયાસ અસફળ રહ્યો હોય. એનો અર્થ એ નથી કે મારી રીત ખોટી છે. અનાયાસ નિર્મિત મારી શૈલી બાબતમાં એક વાત કહેવા માગું છું. જે વખતે મેં આ કશ્યપ શૈલીનું અનુકરણ કરેલું તે વખતે એ જ શૈલી પશ્ચિમના દેશોમાં શ્રેષ્ઠતમ મનાતી હતી. આ હકીકતનું જ્ઞાન મને મારા એક સાહિત્યિક બંધુ પાસેથી પ્રાપ્ત થયેલું. મારો આશય એ નથી કે હું સાહિત્યના મૂર્ધન્યસ્થાન પર બેસવા માંગુ છું. મારો ઉદ્દેશ્ય કેવળ એટલું જ બતાવવાનો છે કે મારા ભાવ દેશનાં માનસિક વલણોમાંથી ભલે જન્મ્યા હોય; પણ મારું સાહિત્ય વિશ્વસાહિત્યની ગતિને અનુરૂપ રહ્યું છે."

આ રીતે પુદુમૈપિત્તને પોતે પોતાની શૈલીની નવીનતાને સ્પષ્ટ કરી છે. ઉપર આપવામાં આવેલાં બંને અવતરણો પુદુમૈપિત્તનની વાર્તાઓની આધુનિક્તાને સ્પષ્ટ કરે છે. પ્રથમ વાક્ય અવતરણ દ્વારા 'મણિક્કોડિ'ના માધ્યમથી પ્રસ્તુત પુદુમૈપિત્તનની સાહિત્યિક ક્રાન્તિ અને બીજા અવતરણ દ્વારા એમની આધુનિક શૈલી વિશેની માન્યતા સ્પષ્ટ થાય છે.

પ્રસ્તુત સંકલનની સોળ વાર્તાઓના વિષયમાં પણ કંઈક કહેવું ઉચિત થશે. પુદુમૈપિત્તનની વાર્તાઓમાંથી કોઈ પણ વાર્તા નબળી નહિ માની શકાય. કારણ કે પ્રત્યેક વાર્તામાં કોઈ ને કોઈ સમસ્યા લેવામાં આવી છે. આ વાર્તાઓ માત્ર મનોરંજનાર્થે લખવામાં આવી નથી. પુદુમૈપિત્તને આ વાર્તાઓ દ્વારા સમાજની છાતી પર એક ખીલો જાણે ઠોકી દીધો છે. કઈ સમસ્યાને આપ વધારે મહત્ત્વની ગણશો ? એમને માટે બધી જ સમસ્યાઓ એકસરખી ભયંકર રહી છે, અને એ એમની વાર્તાઓમાં સમાઈ ગઈ છે. છતાં પ્રસ્તુત સંકલનનો મુખ્ય ઉદ્દેશ્ય લેખકના હૃદયની કરુણા અથવા કઠોરતાને કેટલાય સંદર્ભો, કેટલીય મનઃસ્થિતિઓના પરિપ્રેક્ષ્યમાં સમાવિષ્ટ વાર્તાઓને એક સાથે પ્રસ્તુત કરવાનો છે. આ સોળ વાર્તાઓની શૈલી જુદી છે. ઠીક આઠ દિશા અને સોળ ખૂણાની માફક. ઉપરછલ્લી રીતે વાંચવાથી કેટલીક વાર્તાઓ સાધારણ લાગશે. પણ એક બે વાર વાંચવાથી એનું ઊંડાણ સ્પષ્ટ થશે. છીછરા આવરણ નીચે સત્ય દારૂગોળાની માફક ફૂટી ઊઠે છે. આ જ પુદુમૈપિત્તનની પોતાની વિશેષતા છે.

જો પ્રત્યેક વાર્તાના વિષયમાં કંઈક લખાય તો ભૂમિકા લાંબી થઈ જાય. વાર્તાઓ આપની સામે છે. આપ પોતે વાંચી લેશો. કેરી આપતી વખતે એને વિષે ભાષણની શી જરૂર છે ? છતાં પણ આ સંગ્રહની ત્રણ વાર્તાઓ વિષે અવશ્ય કંઈક કહેવા ઈચ્છું છું. એ છે 'કાંચના' 'શાપ મુક્તિ' 'ઈશ્વર અને કંદસ્વામિ પિલ્લૈ'.

પુદુમૈપિત્તનની કેટલીક વાર્તાઓના સંદર્ભમાં અમારે પરસ્પર પત્રવ્યવહાર થયો છે. જો એને પ્રકાશિત કરવામાં આવે તો એક પુસ્તક તૈયાર થઈ શકે. આ ભૂમિકામાં એની આવશ્યક્તા નથી આ ત્રણ વાર્તાઓના વિષયમાં પુદુમૈપિત્તનની માન્યતા એમના જ શબ્દોમાં ટાંકું છું :

'કાંચના'-મારી વાર્તાના એક પ્રશંસકે આ વાર્તા વાંચીને પૂછેલું : "આપ ભૂતપ્રેતમાં વિશ્વાસ રાખો છો ?...... આપે આવી વાર્તા કેમ લખી ?" મેં કહ્યું: "ભૂત-પ્રેતમાં નથી માનતો, પણ ડર તો લાગે છે." "આપ તો મજાક કરો છો, આ વાર્તાનો અર્થ શું થયો ભલા ?" એમની જિજ્ઞાસા હતી "ખરેખર હું પણ નથી જાણતો." મેં કહ્યું. એમને સંતોષ ન થયો. હું એમનાથી પીછો છોડાવીને એક વિવેચક મિત્ર પાસે ગયો. એમણે મારી પ્રશંસા કરતાં કહ્યું કે મેં જેમ્સ જોઈસની માફક અર્ધચૈતન્યાવસ્થાનું ચિત્રણ સફળતાપૂર્વક કર્યું છે. જેમ્સ જોઈસ અંગ્રેજી સાહિત્યમાં અંતિમ કડી માનવામાં આવે છે. કોણ મુગ્ધ ન થાય એવી પ્રશંસાથી ? મને લાગ્યું, શબ્દો દ્વારા લોકોના મનમાં ભય ઉત્પન્ન કરવાનું બહુ સરળ છે.

'કાંચના' પછી 'શાપ-મુક્તિ'ની પણ વિવેચના થઈ. અધિકાંશ લોકોને વાર્તા સારી ન લાગી. કારણો અલગ અલગ હતાં. કોઈ વિવેચકે આરોપ મૂકતાં કહેલું કે વાલ્મીકિની કથામાં અહિલ્યા ક્યાંય શીલાના રૂપમાં આલેખાઈ નથી. લોકો તો યથાર્થને બદલે એની ઉપર જામેલી લીલને લીધે જ આકર્ષિત થાય છે. લીલ શું છે ? મનના પરિપક્વ થવાની એક સ્થિતિ જ તો છે. જો આ માની લેવામાં આવે તો એ રાગમાંથી ઉત્પન્ન થયેલા બધા જ રાગ લીલા જ મનાઈ જશે. જે એમ માને છે કે પાત્રનો આધાર એ જ છે, તે એક જ પાસું જોવાની આદતવાળા છે. અન્ય દૃષ્ટિકોણોને એ સ્વીકારતા નથી. પણ વિશ્વની સૃષ્ટિ એમના દર્શનમાં સીમિત નથી થતી. હું વાર્તાકાર છું. વાર્તામાં પથ્થર પણ જીવંત બની શકે છે. માંકડ પણ સ્તુતિ કરી શકે છે. હું શું કરું ? આ તો કથાલોકની નિયતિ છે. આપે આ દૃશ્યમાન જગતમાં મનુષ્યને મૂર્તિવત્ બેઠેલા પણ જોયા હશે. મનુષ્ય જો શિલાની માફક ફેરવાઈ જતા હોય તો પત્થર પણ થોડા વખત માટે કેમ મનુષ્યવત્ ન બની જાય ? આ ઉપરાંત અમને એ વાતની સ્વતંત્રતા છે કે અમે પુરાણા કથાનકોને નવી દૃષ્ટિએ જોઈએ.

'શાપ-મુક્તિ'માં એક જ ખામી મને ખટકે છે- વશિષ્ઠ અને કુબ્જાની અનુપસ્થિતિ. લોકો ગમે તે માને, રામાયણની કથાનકની શાંતિ એમાં સંપૂર્ણ રીતે ઉતારી શકાઈ છે. 'ઈશ્વર અને કંદસ્વામી પિલ્લૈ' ભગવત્ સેવામાં મંડી પડેલા ભક્તોનો આક્રોશ એટલા માટે જ છે કે હું એમના દ્વારા રુચિપૂર્વક સ્થાપિત શિલાપ્રતિમાઓની વચ્ચેથી એમના આરાધ્ય દેવને ગૂપચૂપ ઉઠાવી લઈને શહેરમાં લાવ્યો છું. જો હું એમને મળી જાઉં તો મને શૂળી પર ચડાવીને એ પ્રાયશ્ચિત કરી લેશે. ઈશ્વર પોતે જ કંદસ્વામી પિલ્લૈની સાથે ફરવા માગે છે. હું કેવી રીતે જૂઠો થઈ ગયો ?

પુદુમૈપિત્તન મેધાવી છે. જન્મથી જ એમનામાં દૂરદૃષ્ટિ, અદ્‌ભૂત ક્ષમતા અને સ્વતંત્ર ચિંતનનો ગુણ રહ્યો છે. એમણે પોતે વેઠેલા અનુભવો, કડવાશ, આક્રોશ,

ઘટનાઓ અને જિંદગીનો સાર એ સર્વે તેમની વાર્તાઓને માટે પ્રેરક બિંદુ રહ્યાં છે.

એ એક શ્રેષ્ઠ લેખક જ નહિ, એક અપ્રતિમ મનુષ્ય પણ હતા. આત્મવિશ્વાસ અને હૃદયની કઠોરતા એમની પોતાની વિશિષ્ટતા હતી. અંગ્રેજી સાહિત્ય પ્રત્યે એમને પૂરેપૂરી નિષ્ઠા હતી. બધાં જ નવાં મૂલ્યોને પોતાના લખાણમાં ઉતારવાની ક્ષમતા એમનામાં હતી.

મારા પ્રત્યેનો એમનો સ્નેહ અને આદર લોકોને માટે આશ્ચર્યનો વિષય હતો. કારણ કે હું એમના કરતાં જુદી જ સ્થિતિ અને વર્ગનો લેખક રહ્યો છું. ખબર નથી કેવો સંયોગ હતો કે અમે એકબીજાને પ્રેમ અને આદરની દૃષ્ટિથી જોતા હતા. એટલે એવું લાગે છે કે આજ આ વાર્તાઓ ચૂંટીને સંકલિત કરવામાં હું એક સાહિત્યિક મિત્ર પ્રત્યેના કર્તવ્યનું પાલન કરી રહ્યો છું. એમની પ્રતિભા અને લેખન વિષે બીજું પણ ઘણું કહી શકાત. પણ એમના જ શબ્દોમાં એમની ધારણા રજૂ કરતાં ભૂમિકા સમાપ્ત કરવા માગું છું. પુદુમૈપિત્તન વિષે કોઈ પણ આટલું સ્પષ્ટ વિચારી શકતું નથી પોતાના જ વિશેના એમના વિચારો અપૂર્વ છે.

"સાધારણત: મારી વાર્તાઓ ઉપદેશાત્મક સંસ્થા નથી કે નથી ભવિષ્યને સુખમય બનાવનારી વીમા પોલિસી. હું જે મને સારું લાગે છે જે સારું નથી લાગતું તે બધા જ ઉપર વ્યંગ કરું છું. કોઈ મારી સાથે હસી લે છે, કોઈ નારાજ થઈ જાય છે. એ જેમ જેમ નારાજ થાય છે તેમ તેમ મને એમને છંછેડીને વધારે નારાજ કરવાની ઈચ્છા થાય છે. પણ આ રીતે નારાજ થનારાઓની ખોટ સાથે મારી ચિંતા પણ વધતી જાય છે. મારી ઈચ્છાને મારી આદત માનીને એની પ્રશંસા કરવી એ લોકોના મગજની પરિપક્વતા તો છે. પણ મને એક ચોકઠામાં બાંધીને મારો ટાંટિયો ખેંચવાની આથી બહેતર રીત બીજી કોઈ જ નથી. પણ હું એ ચાલાકીમાં સપડાતો નથી. આપ મારી વાર્તાઓને માન્ય ન કરો. હું પરવા નથી કરતો. અસંખ્ય વાચકોમાંથી કોઈ એક વાચકને માટે હું લખી રહ્યો છું. વિવેચકોને માટે એક વાત કહેવા માગું છું. દાર્શનિકોની પકડમાં જ આવનારા ઈશ્વર જેવી જ મારી વાર્તાઓ પણ છે. જો એ આપના ધોરણોમાં બરાબર બેસતી નથી તો દોષ મારો નથી કે નથી મારાં પાત્રોનો. આપ કેવળ આપના ગજથી જ મારી વાર્તાઓનું મૂલ્યાંકન કરી રહ્યા છો."

આ પુદુમૈપિત્તનનો સ્વર છે. વાર્તાઓના સ્વરને સાંભળ્યા પહેલાં લેખકના સ્વરથી પણ પરિચિત થઈ ગયા હશો. આ સ્વર નવો નથી લાગતો ? વાર્તાઓમાં પણ નવીનતા મળશે. પણા પોતાના માનંદડની સહાયના થવી અત્યાર સુધી આપણે જે કંઈ મૂલ્યાંકનો કર્યાં હશે તે આપણી રીતનાં છે. હવે આપણે જે લેખકથી પરિચિત થઈશું તે બિલકુલ નવા પ્રકારના છે. જે લેખકનું નામ છે પુદુમૈપિત્તન. તે અમર છે.

મી.પ. સોમસુંદરમ્

શાપ-મુક્તિ

(રામાયણ સાથે પરિચય રાખનારાઓને આ વાર્તા ન પણ ગમે પણ હું એની પરવા નથી કરતો.)

રસ્તામાં એક શિલામૂર્તિ. થાક્યા હાર્યા શરીરને પણ શક્તિદાયી થાય એવું સૌંદર્ય. જેને જોતાં ભ્રમ થાય છે કે જાણે કોઈ અપૂર્વ શિલ્પીએ ભૂલોકમાં માત્ર એટલા માટે જ અવતાર લઈને પોતાનાં સ્વપ્નોને પથ્થરમાં ઉતાર્યાં હોય ! પણ એ પ્રતિમાની આંખોમાં શોક-જેને શબ્દોમાં વ્યક્ત ન કરી શકાય એવો શોક-વ્યાપ્ત હતો જે દર્શકોને શારીરિક મોહમાંથી છોડાવીને શોકાકુલ કરી મૂકે છે. આ કોઈ શિલ્પીનું સ્વપ્ન નહોતું : શાપનું પરિણામ હતું. એ જ અહિલ્યા હતી.

જંગલના રસ્તાઓમાં મૂર્તિમંત શોક જેવી, એ શોકને તટસ્થ દૃષ્ટિએ જોવાવાળી પ્રકૃતિની ગોદમાં પડી છે. સૂરજ તપે છે. ઝાકળ પડે છે. વરસાદ વરસે છે. ધૂળ, ચકલાંઓ એના ઉપર બેસે છે. ઊડે છે. એ સંજ્ઞાહીન તપસ્વિની જેવી પથ્થર રૂપે પડી છે.

થોડે દૂર ઊધઈનો રાફડો છે. નિષ્ઠામાં લીન આત્મચૈતન્યથી રહિત તપસ્વી ગૌતમ. પ્રકૃતિ એનું પણ કોઈ ભેદભાવ વિના રક્ષણ કરે છે.

થોડે દૂર આ દંપતીના કૌટુંબિક જીવનની જેમ જ એમને આશ્રય આપનારી ઝૂંપડી પણ પંચત્વમાં પડી લીન બની ગઈ છે. દીવાલ પણ પડી ગઈ છે. માત્ર એના અવશેષો બચ્યા છે. જે આ બંનેના હૃદયના ઘા જેવા લાગે છે. દૂર ગંગાની છલછલાતી લહરો છે. ગંગામાતા એમના સીમાહીન શોકને જાણે છે, કદાચ.

આ જ રીતે કેટલાક યુગ વીતી ગયા. એક દિવસ.....

પહેલા જ પહોરમાં સૂર્યનો તડકો જરા આકરો અવશ્ય હતો. છતાં ય લતાઓની લીલીછમ છાંયડી, મંદ ગતિએ વહેતો વાયુ, દુ:ખભર્યા સંસારમાં શ્રદ્ધાપ્રેરક દર્શનની જેમ શીતળતા પ્રદાન કરતાં હતાં. સિંહની જેમ વિશ્વામિત્ર પોતાના કર્મની સફળતા પર મુગ્ધ થતા ચાલ્યા આવે છે. મારીચ અને સુબાહુનું ક્યાંય નામનિશાન નથી રહ્યું. તાડકા નામની ક્રૂરતા નાશ પામી છે. તપશ્ચર્યા અને ધાર્મિક વિચારોમાં લીન વ્યક્તિઓને પરમ સંતુષ્ટ કરવામાં પોતે સાધન બની શક્યા, એનો એમને ગર્વ છે. વારંવાર એ પાછા વળીને જુએ છે. દૃષ્ટિમાં કેટલો સ્નેહ છે ! બે બાળકો રમતાં રમતાં ચાલ્યાં આવે છે. એ બીજા કોઈ નહિ રામ-લક્ષ્મણ જ છે. રાક્ષસોના નાશના કાર્યનો શુભારંભ કરીને એમની જવાબદારીને સમજ્યા વિના રમી રહ્યા છે. દોડાદોડીથી ધૂળ ઊડે છે.

આગળ લક્ષ્મણ દોડે છે. એનો પીછો કરવાવાળા છે રામ ! ધૂળનો ઢગલો શિલા પર પડે છે....

વિશ્વામિત્ર એમના ઉત્સાહનું કારણ જાણવા માટે પાછળ ફરે છે. જોતા જ રહી જાય છે. ધૂળની રજકણો શિલા પર પડે છે.

યુગો પહેલાં અટકી ગયેલી હૃદયગતિ ફરીથી ચાલવા લાગે છે. થીજી ગયેલું લોહી ફરીથી વહેવા લાગે છે. પ્રતિમામાં ચેતના વ્યાપી જાય છે. એ જીવંત બની ગઈ છે.

અહિલ્યા આંખો ખોલે છે. પ્રજ્ઞા પાછી આવે છે. શાપ-મુક્તિ ! શાપ-મુક્તિ ! ભગવાન ! આ કલંકિત દેહ પવિત્ર થયો ! મને પુનર્જીવિત કરનારો આ દૈવી પુરૂષ કોણ છે ?

આ બાળક !

એનાં ચરણોમાં વંદન કરે છે. રામ આશ્ચર્યથી ઋષિની તરફ જુએ છે.

વિશ્વામિત્ર સમજી ગયા. આ અહિલ્યા છે. તે દિવસે ઈન્દ્રના છદ્મવેશથી છેતરાયેલી બિચારી સ્ત્રી. પતિ પ્રત્યે અતિશય મોહાતુર હોવાથી પોતાના શરીરને કલંકિત કરી નાખનારી સ્ત્રી, ગૌતમની પત્ની. રામને બધી વાત કહે છે. પેલો જે રાફડો છે તેમાં જાળામાં ફસાયેલા કરોળિયાની જેમ ગૌતમ તપશ્ચર્યામાં લીન છે. જુઓ, એ પોતે જ ઊઠી ગયા છે !

તપશ્ચર્યાને અંતે આંખો ધારદાર બનાવેલી તલવાર જેવી તીક્ષ્ણ બની ગઈ છે. દેહનો કાયાકલ્પ થઈ ગયો છે. પત્નીનાં કુકર્મોથી પોતાને વિમુક્ત ન કરી શકવાની વિવશતામાં ધીરે ધીરે ચાલતા ચાલતા આવે છે.

ફરીથી એ જ દુ:ખની જાળ ? શાપ-મુક્તિ પછી જીવન કેવું બનશે એ બાબતમાં તો વિચાર્યું જ નહોતું. હવે એ વિચાર એક મોટા વલયની જેમ એના જીવનની ચારે બાજુ ઘૂમી વળ્યો છે. એનું મન ઉદ્વિગ્ન થઈ ઊઠ્યું છે. રામનું શિક્ષણ ધાર્મિક દૃષ્ટિવાળું છે. બધું જ સ્પષ્ટ થઈ ગયું છે. છતાં પણ એ અનુભવોથી પ્રાપ્ત થયેલું શિક્ષણ નથી. એ છે જીવનની મૂંઝવણોને સહજ રીતે સમજાવી દેનારો વશિષ્ઠનો ઉપદેશ. પણ એમાં સંકીર્ણતા ક્યાં ય નામની ય નથી. નવા માર્ગો પર હિંમતભેર ચાલવાનું સાહસ પ્રેરનારું એ શિક્ષણ.

વિશ્વના નિયમો આટલા વિપરીત શા માટે છે ? મન અને તર્કશક્તિની સાવધાનીથી વિરૂધ્ધ જે ઘટના બની ગઈ એના પાત્રને દંડ ? 'મા' કહેતાંમાં તો રામ એનાં ચરણોમાં ઢળી પડયા.

બંને ઋષિઓ (એકે સાહસને જ્ઞાન બનાવી દીધું છે તે, અને બીજા જેણે સ્નેહને ધર્મનો આધાર બનાવ્યો છે તે) બાળકના વિચારો પર મુગ્ધ થઈ જાય છે. કેટલું સહજ સ્નેહસિક્ત છતાં સાહસપૂર્ણ સત્ય છે ! "જેણે મનથી વિશ્વાસઘાત નથી કર્યો તેનો સ્વીકાર કરવો તમારો ધર્મ છે."

વિશ્વામિત્રે ધીમેથી કહ્યું.

ઠંડી હવામાં તેના તર્કની કડવાશ રસભેદ ઉત્પન્ન કરી ગઈ.

ગૌતમ, તેમની પત્ની અને અવશેષ એ સ્થાન પરથી ખસ્યાં નહિ. પહેલાં નિર્જીવ હતું તે સ્થળ સજીવ બની ગયું. ગતિને અટકાવનારી શક્તિઓ ત્યાંથી ખસી ગઈ. મિથિલા સાંજ સુધીમાં પહોંચવું છે. વિવાહમંડપ હાથ ફેલાવી બોલાવી રહ્યો છે.

ગૌતમમાં એ હિંમત ન આવી કે એ નિષ્કલંક થઈને એની સાથે વાત કરી શકે. તે દિવસે એને વેશ્યા કહેલી; તે આજે એમની જીભને બાળી રહી છે. શું બોલે ? કેવી રીતે બોલે ?

"શું જોઈએ છે ?" ગૌતમે પૂછ્યું. બધું જ જ્ઞાન ભાવુકતામાં તણાઈ જઈને અર્થહીન વાક્યમાં ઊછળવા માંડ્યું. "ભૂખ લાગી છે," અહિલ્યાએ બાળકની જેમ ઉત્તર આપ્યો.

ગૌતમે પાસેના ઉપવનમાંથી ફળો ઉતાર્યાં. તે દિવસે લગ્નના પહેલા દિવસ જેવો સ્નેહ અને કૌતૂહલ એના વર્તનમાં સમાઈ ગયાં. એ વિવાહ હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થયા પછી ભલે થયો હોય; પણ એ છલમાં કરવામાં આવેલો વિવાહ જ હતો. પશુની પ્રદક્ષિણા કરીને મેળવેલી એ સ્ત્રી જ હતી -ગૌતમનું મન એને પોતાને જ દોષ દેવા માંડ્યું.

અહિલ્યાની ભૂખ શમી ગઈ.

એના મનમાં સંપૂર્ણ રીતે સ્નેહ વ્યાપી ગયેલો. પણ બંને બે પ્રકારના સંઘર્ષમાંથી પસાર થતાં હતાં.

"શું હું ગૌતમને લાયક છું ?" આ અહિલ્યાની ચિંતા હતી.

"શું હું અહિલ્યાને લાયક છું ?" આ ગૌતમની ચિંતા હતી.

રસ્તાની બંને બાજુ ખીલેલાં ફૂલો એમને જોઈને હસી રહ્યાં.

2

અહિલ્યાની ઈચ્છાનુસાર અયોધ્યાની બહારના સીમાડામાં સરયૂ નદીને કિનારે નિર્જન સ્થાનમાં એક કુટીરમાં ગૌતમ ધર્મસાધનામાં તલ્લીન થઈ ગયા. હવે ગૌતમને અહિલ્યા પર પૂરેપૂરો વિશ્વાસ હતો. ઈન્દ્રના પડખામાં જો હવે એ લેટી પણ પડે તો પણ એને વહેમ નહિ આવે. એનું મન પવિત્ર છે. અહિલ્યાની સેવા વિના એમની ધર્મસાધના નષ્ટ થઈ જશે એમ એ માનતા હતા.

અહિલ્યાએ એમને અસીમ સ્નેહમાં બાંધી લીધા હતા. એમનો વિચાર આવતાં જ એનું હૃદય અને શરીર નવોઢાની જેમ પુલકિત થઈ ઊઠતાં, પણ એના હૃદય પર લદાયેલો પથ્થર ન હલ્યો. એની ઈચ્છા હતી કે લોકો એના વર્તન પર જરાય શંકા ન કરે. આને લીધે જ એના હલનચલનમાંથી સાહજિકતા ચાલી ગઈ. અને એમાં કૃત્રિમતા આવી ગઈ. એને પોતાની આજુબાજુની બધી જ વ્યક્તિઓ ઈન્દ્ર જેવી

લાગતી. અહિલ્યાના હૃદયમાં ભય ઘર કરી ગયો. એની વાતો અને એનો ખિલખિલાટ સમાપ્ત થઈ ગયાં. કોઈ પણ વાતને કહેતાં પહેલાં એ મનમાં એને હજારો વાર તોળતી અને પછી જ બોલતી. ગૌતમની સ્વાભાવિક વાતોમાંથી પણ અર્થો શોધતી.

એને જીવન જ નરક લાગવા માંડ્યું.

તે દિવસે મરીચિ આવેલા. એની પહેલાં એક દિવસ દધીચિ આવેલા. માતંગ ઋષિ પણ બનારસ જતાં જતાં ગૌતમના ખુશીખબર પૂછવા આવેલા. એમના સૌના મનમાં માત્ર પ્રેમ જ હતો. પણ અહિલ્યા પશ્ચાત્તાપથી રૂંધાઈ રહી હતી. અતિથિની આગતા સ્વાગતાની સામાન્ય ઔપચરિકતા પણ એનાથી કરી શકાતી નહોતી. તદ્દન સાધારણ રીતે જોનારની આંખો સાથે આંખો મેળવતાં પણ એ ગભરાવા માંડી. કુટીરમાં સંતાવા માંડી. ગૌતમનો તો સિધ્ધાંત જ હવે બદલાઈ ગયેલો. ધર્મની સીમાઓ માત્ર જાણી જોઈને પાપ કરનારાઓ માટે જ છે. આત્મચેતનાથી રહિત, અજાણપણે કોઈ પાપ કરવામાં આવે તો ભલે એ પાપથી આખી માનવજાતિનું નુકસાન થાય. એ પાપ બનતું જ નથી. મનની ઈચ્છા અને સભાનતાથી કરવામાં આવેલું કાર્ય જ કલંક બની શકે છે. પોતાની તૂટેલી ઝૂંપડીમાં રહીને ગૌતમે પોતાની ચેતનાને નવી જ દિશામાં વાળી. એને અહિલ્યા નિષ્કલંક લાગી. એને લાગ્યું કે એ પોતે હવે અહિલ્યાને યોગ્ય નથી રહ્યા. શાપ દેવા ઉશ્કેરનારા એમના ક્રોધે એમને કલંકિત કરી દીધા છે.

રામ ને સીતા વારંવાર એ બાજુ રથ લઈ આવતાં. એ અવતારી પુરૂષ ગૌતમને મનમાં આદર્શ પુરૂષ જેવા જ લાગ્યા. એનું હાસ્ય અને કિલ્લોલ જ ધર્મશાસ્ત્રનાં વ્યાખ્યાનો સમાન લાગ્યાં. એ નવદંપતીનો પરસ્પર પ્રેમ પણ કેટલો ગહન છે ! ગૌતમને પૂર્વજીવનના સ્નેહની યાદ દેવડાવતો.

અહિલ્યાના મન પરના બોજાને વહેંચી લેવા સીતા આવી. એને લાગ્યું, જાણે સીતાનું હાસ્ય એના કલંકને ધોઈ નાખશે. એ જયારે આવતી ત્યારે અહિલ્યાના અધરો પર મલકાટ રમી રહેતો; આંખોમાં ઉલ્લાસ છવાઈ જતો.

વશિષ્ઠની દેખરેખ નીચે રાજયનો વિકાસ જ ધ્યેય બની ગયો. સરયૂ નદીને કિનારે બે જુદા જુદા સંસારમાં પડેલા જીવોમાં એ જૂનો ઉત્સાહ પ્રેરવા માંડ્યો.

અહિલ્યાને ક્યાંય બહાર જવું ગમતું નહિં. સીતાના સામીપ્યે એના મનના ભારને હળવો કરીને એને હિંમત આપી.

પદાભિષેકના ઉત્સવમાં ભાગ લેવાનો સ્વીકાર કરી લીધેલો. પણ મહેલમાં ભાવુક્તાએ કેવું પડખું ફેરવ્યું ? એક જ શ્વાસમાં દશરથને મૃત્યુ આપીને, રામને વનવાસમાં મોકલીને, ભરતને નંદીગ્રામમાં વસાવીને વિશ્રામ લીધો !

માનવમર્યાદાઓની પાર, પેલી શક્તિએ આસુરી વેગથી જાણે કે ચોપાટનાં સોગઠાંઓ ફેંકીને બાજી બદલી નાખી.

વશિષ્ઠે કેટલીક સાવધાનીપૂર્વક માનવધર્મના વિજય જેવા આ રાજયની સ્થાપના

માટે પ્રયાસ કરેલા ! એની બધી જ ગણતરી ખોટી પડી. એની આશાઓ નંદીગ્રામના દીવામાં જ સમેટાઈ ગઈ.

સરયૂ નદી પરની કુટીર પણ હચમચી ગઈ. ગૌતમની બધી જ સાધના આ ઝંઝાવાતમાં ક્યાં ઊડી ગઈ. બધેથી જ વિશ્વાસ ઊડી ગયો. અહિલ્યાના દુ:ખની સીમા નહોતી. એની સમજમાં કંઈ જ ન આવ્યું. રામ વનવાસ માટે ચાલ્યા ગયા, ભાઈ પણ સાથી થયા, સીતા પણ સાથે ચાલી ગઈ. એના મનમાં પહેલાં જેવો જ અંધકાર છવાઈ ગયો. પણ મન પરનો બોજો અસહ્ય બની ગયો.

સવારના પહોરમાં ગૌતમ જપ-તપ સમાપ્ત કરીને કુટીરમાં પ્રવેશ્યા.

એમના પગ ધોવા માટે પાણી લઈને આવતી અહિલ્યા બોલી; "અહીં મને ગમતું નથી મિથિલા ચાલ્યાં જઈશું ?" "ચાલો ચાલ્યાં જઈએ. સદાનંદને જોયે પણ ઘણા દિવસ થઈ ગયા." એમ કહીને ગૌતમ બહાર નીકળી ગયા. બંને મિથિલા તરફ ચાલ્યાં. બંનેના મન પર બોજો હતો. ગૌતમ જરા અટકી ગયા. પાછળ આવતી અહિલ્યાનો હાથ પકડી લીધો અને ચાલવા માંડ્યા. "ડરતી નહિ," એમણે કહ્યું.

બંને મિથિલા તરફ ચાલવા માંડ્યાં.

3

પ્રાત:કાળનો સમય. બંને ગંગાકિનારે જઈ રહ્યાં છે. નદીની વચ્ચે ઊભી રહીને કોઈ વ્યક્તિ ઊંચા સ્વરે ગાયત્રીનો જાપ કરી રહી છે.

જપ સમાપ્ત થાય ત્યાં સુધી એ પતિ પત્ની બંને કિનારે પ્રતીક્ષા કરતાં રહ્યાં.

"સદાનંદ !" ગૌતમે સાદ કર્યો.

"મા, પિતાજી !" પ્રફુલ્લિત મનથી સદાનંદે પ્રણામ કર્યા. અહિલ્યાએ મનમાં એને આલિંગન કર્યું. પુત્ર સદાનંદ કેટલો જુદો લાગે છે. દાઢીમૂછ રાખીને ઋષિ બની ગયો છે.

ગૌતમને પુત્રની તેજસ્વિતાએ મુગ્ધ કરી દીધા.

સદાનંદ બંનેને પોતાની કુટીરમાં લઈ ગયો. આરામ કરવાની બધી વ્યવસ્થા કરીને જનકના વિચાર-મંડપમાં જવા નીકળ્યો. ગૌતમ પણ સાથે ગયા. પુત્ર પોતે જ એમને સાથે લઈ જવા માગતો હતો. લોહીના સંબંધથી સ્નેહને લીધે એને એમના થાકની પણ ચિંતા હતી. યુગો સુધી તપશ્ચર્યામાં લીન થવાથી પણ જે શરીર નહોતું થાક્યું તે કંઈ આજે થાકે ! એ પણ પાછળ ચાલવા માંડ્યા. પુત્ર તત્ત્વવિચારની નવી દિશા જાણવા ઉત્સુક હતો.

મિથિલાની સડક પરથી પસાર થતાં એમને લાગ્યું કે અયોધ્યાનો શોક અને માનસિક સંતાપ અહીં ફેલાઈ ગયાં છે. હવામાં જાણે રૂંધાયેલા શ્વાસોશ્વાસ ટૂંપાઈ રહ્યા છે.

લોકો જઈ રહ્યા છે, પાછા ફરી રહ્યા છે. કામમાં તલ્લીન છે. બધાં જ કાર્યો નિષ્કામભાવે થતા કર્મની જેમ થઈ રહ્યાં છે. ક્યાંય મમતા નથી. બંધન નથી. જલ-કળશ લઈ જતા હાથીઓની ચાલમાં તેજી નથી. સાથે જતા પૂજારીના મોઢા પર

દિવ્ય કૌતુક નથી. બંને રાજાના ગોષ્ઠિમંડપમાં પહોંચ્યા. સત્સંગીઓનું આખું ટોળું ભેગું થયું છે. આ ભીડમાં તત્ત્વશોધ કઈ રીતે થતી હશે ! ગૌતમ ગૂંચવાયા. એમના વિચારો ખોટા હતા.

જનકે બંનેને જોયા.

એ દોડતા આવ્યા. મુનિને માનપાન આપ્યું. પોતાની પાસે બેસાડ્યા.

જનકના મોઢા પર શોક છવાયેલો હતો. પણ એમની વાણીમાં ક્યાંય અસ્વસ્થતા નહોતી. એમનું ચિત્ત સ્થિર હતું.

ગૌતમ ખચકાયા. એમને સમજ ન પડી કે શું બોલવું.

"વશિષ્ઠે પોતાના રાજયમાં ભાવુકતાના સેતુઓ નથી બાંધ્યા," જનકે દાઢી ખંજવાળતાં કહ્યું.

જનકની વાણી મર્મને સ્પર્શી ગઈ.

"ભાવુકતાના ઝંઝાવાતમાંથી સત્ય ઉત્પન્ન થાય છે," ગૌતમે કહ્યું. "જો ભાવનાઓનો સદુપયોગ કરવામાં ન આવે તો દુ:ખ પણ જન્મે છે. રાજયનું નિર્માણ કરવું હોય તો એને માટે પણ સ્થાન હોવું જોઈએ. નહિ તો રાજય ન ટકી શકે," જનકે કહ્યું.

"આપનું," ગૌતમે શંકા ઉઠાવી.

"હું રાજય નથી કરતો; શાસનને સમજવાનો પ્રયત્ન કરું છું," જનક બોલ્યા. થોડીવાર બંને મૌન રહ્યા.

"આપની ધર્મસાધના કયા પ્રકારની છે ?" જનકે વિનમ્રતાથી પૂછ્યું.

"હજી પ્રારંભ નથી કર્યો. હજી તો સમજવાનું છે. કેટલાય પ્રશ્નો ઊઠ્યા કરે છે," કહેતાં જ ગૌતમ ઊઠીને ચાલતા થયા.

બીજે દિવસે એ જનકના મંડપમાં ગયા નહિ. કેટલીય સમસ્યાઓ હિમાલય જેવી ઊભી થઈ ગઈ. એ એકાંત ચાહતા હતા; પણ એકાંતની શોધમાં બીજે દિવસે જનકે પૂછ્યું, "મુનીશ્વર ક્યાં છે ?"

"એ અમારી કુટીરની સામે અશોક વૃક્ષની નીચે સમય વ્યતીત કરે છે."

"તપશ્ચર્યામાં ?"

"ના, ચિંતનમાં."

"તરંગો શાંત નથી થયા ?" જનક ગણગણ્યા.

અહિલ્યાને સ્નાન કરવાનો અપાર શોખ હતો. પરોઢિયામાં એકલી કળશ લઈને ગંગાકિનારે ચાલી જતી.

બે ત્રણ દિવસ પોતાના મનની ભાવનાઓને મુક્ત રીતે વિહરવા દેતી એ સ્નાન કરતી રહી. એનું મન શાંત હતું. પણ એ વધારે દિવસ ન ટક્યું.

નાહીને શિર ઝુકાવી ને એ ચાલી આવતીં'તી. સામે કટુ સ્વર સંભળાયા. કેટલીક ઋષિપત્નીઓ પણ નહાવા જતી હતી. એને જોતાં જ મોઢું ફેરવી ખસી ગઈ, જાણે એ કોઈ શુદ્ર હોય !"એ જ અહિલ્યા છે," શબ્દ એના કાને પડ્યા. ગૌતમના શાપથી પણ અધિક દુ:ખ એ શબ્દોએ આપ્યું.

એનું હૃદય સ્મશાનની જેમ બળવા માંડ્યું. ચિંતન વેરવિખેર થઈ ગયું. "પ્રભુ શાપ-મુક્તિ મળ્યા પછી પણ પાપમુક્તિ નથી મળી શકતી !" એ રડી પડી. યંત્રની જેમ એણે ગૌતમ અને સદાનંદને જમાડ્યા. "પુત્ર પણ પરાયો થઈ ગયો છે, પરાયા પણ શત્રુ બની ગયા છે. હવે અહીં રહીને શું કરવું છે. ? "અહિલ્યાના મનમાં આ જ વાત ઘોળાયા કરી. ગૌતમ વચ્ચે વચ્ચે ચેતના આવતી હોય તેમ એકાદ કોળિયો ખાતા, ચિંતનમાં લીન રહ્યા.

સદાનંદ આ બંનેના મનના ભારથી મુંઝાઈને કહે, "અત્રિ મુનિ જનકને મળવા આવ્યા હતા. અગત્સ્યને મળીને આવે છે. મેરૂ તરફ જઈ રહ્યા છે. રામ અને સીતાએ અગત્સ્યનાં દર્શન કર્યાં છે. એ બંનેને અગત્સ્યે પંચવટીમાં રહેવાનો આદેશ આપ્યો છે. એ ત્યાં જ રહેવાના છે." "આપણે પણ તીર્થ-યાત્રા કરીએ તો ? "અહિલ્યાએ ધીમેથી પૂછ્યું.

"ચાલો" હાથ ખંખેરીને ગૌતમ ઊભા થઈ ગયા.

"હમણાં, આ સમયે ?" સદાનંદે પૂછ્યું.

"સમયનો વળી શું વિચાર કરવાનો ?"

ખૂણામાં મૂકેલું કમંડળ ઉપાડીને બહાર નીકળી ગયા.

અહિલ્યાએ અનુસરણ કર્યું.

સદાનંદનું મન સંતપ્ત થઈ ઊઠ્યું.

4

સાંજનો સમય. સૂર્યાસ્ત થયો. બે વ્યક્તિ સરયૂને કિનારે કિનારે અયોધ્યા તરફ આવી રહી હતી. ચૌદ વર્ષો વીતી ગયાં. સઘળા મુનિવરો અને તીર્થક્ષેત્રોનાં દર્શન એમણે કરી લીધેલાં; પણ મનને ક્યાંય શાંતિ નહોતી મળી.

મૂર્ખની બુધ્ધિ અને લંગડાનાં ચરણોના સામર્થ્યની પેલે પાર એવા કૈલાસ પર્વતનાં દર્શન એમણે કર્યાં.

પોતાનાં દુ:ખોના બોજા જેવા અવિશ્વાસને ઉત્પન્ન કરનારાં સ્થાનોને પાર કર્યાં. પોતાના ચિત્તની માફક પ્રજવલિત જવાલામુખીની પ્રદક્ષિણા કરી. પોતાના જીવનની ચડતી-પડતીને પાર કરતા ગયા.

"થોડા દિવસમાં રામ પાછા આવશે. હવે જીવનમાં સૂર્યોદય થશે." એમના હૃદયમાં આશા હતી. તેઓ પાછાં એ જ સ્થાન પર પહોચ્યાં. જ્યાં ચૌદ વર્ષ પહેલાં એમની કુટીર ખંડેર બની ગયેલી.

રાતોરાત ગૌતમે એને સમારી ઠીક કરી. પ્રભાત થતાં થતાંમાં કામ પૂરું થયું. બંને સરયૂમાં સ્નાન કરી આવ્યાં, અહિલ્યા પતિની સેવા કરતી રહી. બંનેનાં હૃદય રામના સ્વાગત માટે તૈયાર હતાં. પણ મન કદી કામને સીમામાં બાંધી શકે છે ?

એક દિવસ અહિલ્યા પ્રાતઃસ્નાન માટે ગયેલી. એની પૂર્વે કોઈ વિધવા સ્નાન કરીને પાછી ફરતી'તી. અહિલ્યા એને ઓળખી શકી નહિ. પણ સામેવાળી સ્ત્રી એને ઓળખી ગઈ. લગભગ દોડતી આવીને અહિલ્યાનાં ચરણોમાં ઢળી પડી.

દેવી કૈકેયી ! એકલી સ્વજન પરિવારહીન તાપસી !

કળશ ઉતારીને એને બંને હાથે ઊભી કરી. કૈકેયીની ક્રિયા એ સમજી શકી નહિ. "ધર્માન્ધતાને લીધે ભરતે મને એના હૃદયમાં સ્થાન દેવાનો અસ્વીકાર કર્યો છે," કૈકેયીએ કહ્યું.

સ્વરમાં નહોતો ક્રોધ, નહોતી કઠોરતા, કૈકેયીની બાબતમાં કલ્પના કેવી કરેલી ! વાસ્તવિકતા કેવી છે ! આધારને માટે તલસતી કૈકેયીના દુઃખને અહિલ્યાએ અનુભવ્યું. બંને હાથ પકડીને સરયૂ તરફ ચાલવા માંડ્યાં. "ભરતના ધર્મવૈરાગ્યનું કારણ શું છે ?" અહિલ્યાએ પૂછ્યું. એના હોઠના ખૂણામાં સહાનુભૂતિપૂર્ણ મલકાટ રમી રહ્યો.

"બાળકના હાથમાંનો અગ્નિ જો નગરને સળગાવી મૂકે તો બાળકને મારી નાખવું ઉચિત છે ?" કૈકેયીએ પૂછ્યું.

અહિલ્યાને વિચાર થયો કે બાળક અને અગ્નિની વચ્ચે સીમા હોવી જોઈએ.

"અગન એ તો અગન જ હોય છે ને ?" અહિલ્યાએ પૂછ્યું.

"બળી ગયેલી જગ્યાને સાફ કર્યા વિના એને સમેટીને એની પાસે બેસવું કેટલું ઉચિત છે ?" કૈકેયીનો પ્રશ્ન હતો.

"રાખ સમેટવાવાળો તો બે ત્રણ દિવસમાં જ આવશે." અહિલ્યાએ કહ્યું.

"હા." કૈકેયીએ કહ્યું. એના સ્વરમાં પરમ તૃપ્તિ હતી. રામની પ્રતીક્ષા ભરત નહિ, કૈકેયી કરી રહી છે. બીજે દિવસે જ્યારે એ અહિલ્યાને મળી ત્યારે એનું મોઢું પડી ગયેલું હતું. મન ચિંતાતુર હતું. "ગુપ્તચરોને ચારે દિશામાં મોકલીને તપાસ કરાવી છે. રામનો ક્યાંય પત્તો નથી લાગ્યો. ચાલીસ કલાકની અંદર એ શી રીતે આવવાનો હતો ? ભરત અગ્નિપ્રવેશ કરશે. અગ્નિ કુંડના નિર્માણની તૈયારી કરી રહ્યો છે."

ભરતનો અગ્નિપ્રવેશ રાજ્યમોહના આરોપનું પ્રાયશ્ચિત છે-કૈકેયી માનતી હતી. થોડીવાર પછી એ બોલી, "હું પણ અગ્નિપ્રવેશ કરી લઈશ, પણ એકાંતમાં." એનું મન કઠોર થઈ ગયેલું.

ચૌદ વર્ષ પછી પણ એ જ ભાવુકતાનો ઝંઝાવાત ! અયોધ્યાને લાગેલો શાપ હજી પૂર્ણ નથી થયો ?

અહિલ્યાનું મન ડોલવા લાગ્યું. એને સંદેહ થવા લાગ્યો કે આ એનાં પગલાંના પાપની છાયા છે. "વશિષ્ઠ શું એને રોકી નહિ શકે ?" અહિલ્યાએ પૂછ્યું. "ભરત

ધર્મની આણ માને છે. વશિષ્ઠની વાત નહિ માને," કૈકેયી બોલી. "માનવને આધીન જે ધર્મ નથી એ માનવજાતિનો શત્રુ છે". અહિલ્યા વીફરી ઊઠી. કદાચ ભરત એના પતિની વાત માને એવી એને આશા હતી. ક્યાંક ફરીથી અયોધ્યામાં શોકની છાયા ન પડી જાય - એનો એ ભય હતો. ગૌતમ માની ગયા. પણ એમની વાતોની અસર ન થઈ.

ભરતને સમાવી લેવાની ઈચ્છા અગ્નિની નહોતી. હનુમાન આવ્યા. અગ્નિ બુઝાઈ ગયો. દિશાઓનો શોક હર્ષમાં પરિવર્તન પામ્યો. ધર્મ નૃત્ય કરવા લાગ્યો.

વશિષ્ઠના હોઠો પર હાસ્ય રમવા માંડ્યું. એમને લાગ્યું ચૌદ વર્ષ પહેલાંનું એમનું સ્વપ્નું સાકાર થઈ જશે.

ગૌતમ એ હર્ષને જોઈને પાછા ફર્યા. અહિલ્યા ખુશ હતી કેમ કે રામ અને સીતા એને મળવા આવશે.

સ્વાગત ઉત્સવોની સમાપ્તિ પછી બંને કુટુંબીજનોને છોડીને એમને મળવા આવ્યા. રથમાંથી ઊતરતા રામના કપાળ ઉપર અનુભવે રેખાઓ આંકી દીધી હતી. સીતાનું લાવણ્ય અનુભવને લીધે ખીલી ઊઠેલું. બંનેના હાસ્યે મોક્ષ જેવો આનંદ આપ્યો. રામને લઈને ગૌતમ બહાર ટહેલવા નીકળી પડ્યા.

પોતાના ગર્ભથી જન્મેલી પુત્રી પરના જેવા વાત્સલ્યથી અહિલ્યા એને અંદર લઈ ગઈ. બંનેના ચહેરા પર મલકાટ હતો.

રાવણ દ્વારા હરણ, દુઃખ, ફરી મુક્તિ-સીતાએ બધી જ ઘટનાઓ સંભળાવી. રામની પાસે પાછા આવ્યાં પછી હવે એને દુઃખ કેવું ?

અગ્નિ પ્રવેશની વાત કહી. અહિલ્યા ચમકી ઊઠી.

"એમણે શું કહેલું ? તેં શું કર્યું ?"

"એમણે આજ્ઞા કરી મેં પ્રવેશ કર્યો," સીતાએ શાંતિથી જવાબ આપ્યો.

"એમણે આજ્ઞા કરી ?" અહિલ્યા ચીસ પાડી ઊઠી. એના મન પર 'કણણગી' નો ઉન્માદ છવાઈ ગયો, અહિલ્યાને માટે એક ન્યાય... પોતાને માટે બીજો ન્યાય ? દગો ! એટલે ગૌતમનો શાપ ન્યાયસંગત હતો. બંને મૌન રહ્યાં. "સંસારને સાબિની પણ આપવી હતી," સીતા ધીમેથી હસી.

"મનને સ્વીકાર્ય હોય તે બસ નથી ? સત્ય આખા વિશ્વમાં કઈ રીતે સાબિત કરી શકાય ?" અહિલ્યાએ કહ્યું. એના શબ્દોમાં કઠોરતા હતી.

"સાબિતી આપવાથી એ સત્ય બની જશે ?"

"જો મન એનો સ્વીકાર ન કરે તો પણ ? રહેવા દો, પણ સંસાર શું છે. ?" અહિલ્યાએ પૂછ્યું.

બહાર હલચલ થઈ. એ લોકો પાછા આવ્યા. સીતા મહેલમાં પાછી જવા માટે બહાર આવી. અહિલ્યા ન આવી.

રામનું મન સંતપ્ત થઈ ઊઠયું. પગ નીચેની ધૂળ એને દઝાડવા લાગી. રથ ચાલવા લાગ્યો. પૈડાંના ધ્વનિ શમી ગયા. ગૌતમ વિચારમાં લીન રહ્યા. આધારહીન ત્રિશંકુની જેમ એમનું દિલ ઝોલાં ખાવા માંડ્યું. એમના મનમાં એક નવો જ વિચાર આવ્યો. મનના બોજાને હટાવીને, જૂના જોડાણને પુનર્જીવિત કરવા માટે એક પુત્ર કેમ ન પ્રાપ્ત કરવો ? એના નાનકડા હાથ મનના બોજાને હળવો કરી દેશે.

અંદર ગયા. અહિલ્યાની પ્રજ્ઞા સમાપ્ત થઈ ગઈ હતી. ફરીથી ઈન્દ્રનું નાટક, ભૂલમાં નાખનારું એ નાટક એનાં માનસપટ પર ચાલી રહ્યું હતું.

ગૌતમે એને આલિંગન કર્યું. ગૌતમ એને છદ્મવેશધારી ઈન્દ્ર જ લાગ્યા. એનું મન જડ થઈ ગયું. ઓહ, કેટલી શાંતિ !

ગૌતમના બાહુપાશમાં એક શિલા ! અહિલ્યા ફરીથી શિલા બની ગઈ.

મનનો બોજો હલકો થઈ ગયો. કૈલાસ પર્વત તરફ એક માનવાકૃતિ બરફાચ્છાદિત રસ્તા પર વેગથી ચાલી જતી હતી. એનાં કદમોમાં સંપૂર્ણ વૈરાગ છવાઈ ગયેલો હતો. એ જ ગૌતમ છે....... એ સંન્યાસી બની ગયા છે.

પાલવણ્ણમ પિલ્લૈ

પાલવણ્ણમ પિલ્લૈ જિલ્લાધીશની કચેરીમાં લહિયા છે. આખી જિંદગી દસ્તાવેજો અને ધાકધમકી અને ફિટકારમાં જ વીતી ગઈ. માત્ર 35 રૂપિયામાં એનું પૂર્ણવિરામ આવી ગયું. ભય અને તદ્દજન્ય નમ્રતા એમના જીવનનું સારતત્ત્વ છે. ધાકધમકી એમના જીવનમાં અપવાદ છે.

પ્રાણીશાસ્ત્રના ગ્રંથોમાં પશુઓના ખાસ કરીને સસલાના ચાર પગ દર્શાવવામાં આવ્યા છે, પણ જયાં સુધી પાલવણ્ણમ પિલ્લૈને લાગેવળગે છે ત્યાં સુધી, એ અપૂર્વ પશુના કેવળ ત્રણ પગ છે. મનની કઠોરતા, સિધ્ધાંતોનો આગ્રહ વગેરે સદ્‌ગુણો સૈનિક અને સત્યાગ્રહીઓને માટે ભલે અનુકૂળ હોય, પણ જો એ ગુણો જિલ્લાધીશની કચેરીના કોઈ લહિયામાં હોય તો લોકો એને બેવકૂફી કે હઠીલાપણું જ કહેશે.

પાલવણ્ણમ પિલ્લૈ કચેરીમાં ગાય જેવો નરમ છે; પણ ઘરમાં હિટલર. તે દિવસે એ નારાજ હતો. તે દિવસે કચેરીમાંથી પાછા ફરતાં-હિટલર જેવી મૂછો ભલે ન હોય-હોઠ એના જરૂર ફફડી રહ્યા હતા. ખાસ કરીને ઉપલા હોઠ. કારણ ? કચેરીમાં બાજુવાળા લહિયા સાથેનો એક નાનકડો ઝઘડો. એમનું માનવું હતું કે મેક્સિકો દક્ષિણ અમેરિકામાં છે, પણ એમના મિત્રનું કહેવું એમ હતું કે ભૂગોળની ચોપડીમાં કંઈક બીજું જ લખ્યું છે. પાલવણ્ણમ પિલ્લૈ પોતાની વાતને પુરવાર કરવા જલદી ઘેર પાછો ફર્યો.

પાલવણ્ણમ પિલ્લૈ અને એમની પત્નીને કુટુંબનિયોજનમાં જરાય વિશ્વાસ નહોતો. પરિણામ એ આવ્યું કે વર્ષોવર્ષ બાળક થતું રહ્યું. અત્યારે ખોળામાં પાલવણ્ણમનું ચોથું સંતાન રમતું'તું અને પછીનું કદાચ ચૈત્ર સુધીમાં જન્મશે.

આવા પરિવારમાં જન્મેલા પાલવણ્ણમના લાડકાઓને 'બેબી શો'માં પારિતોષક મળે એ અસંભવિત છે. પાલવણ્ણમ્ પિલ્લૈની પત્ની ઉપરા ઉપરી થતી પ્રસૂતિ અને અતિશય કામના બોજાથી પુષ્કળ થાકી ગઈ છે. શારીરિક અને માનસિક થાકને લીધે પુષ્કળ સહિષ્ણુતા પણ ઉત્પન્ન થઈ છે.

ખોળાના બાળકનું આગલું બાળક અસ્વસ્થ છે. ખોળામાંનું બાળક દૂબળું છે. માનું પાતળું શરીર બાળકને પૌષ્ટિક ન બનાવી શક્યું. ધર્માદા દવાખાનાની પાણીવાળી દવાઓ, દૂધવાળા પાસેથી ઉધાર લીધેલું દૂધ, બાળકોના પોષણને માટે છે. આ મહિને દૂધનું બીલ હંમેશની જેમ ચાર રૂપિયા વધારે જ થઈ ગયું. આવા વખતમાં દૂધની સમસ્યાનું સમાધાન કરવા પાલવણ્ણમ પિલ્લૈની પત્નીને એક યુક્તિ સૂઝી. કોઈ નવી

યુક્તિ નથી. બાળકોના ઉપયોગ માટે એક ગાય ખરીદવી જોઈએ. એને વિચાર આવ્યો.

ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરનાર ભક્ત અને એક નવી શોધ કરનાર વૈજ્ઞાનિક કદી મૂંગા નથી રહેતા. પોતાની વાત કહી કહીને સાંભળનારાના કાન પકાવી દે છે. પાલવણ્ણમ પિલ્લૈની પત્નીની પણ એવી જ દશા હતી.

પિલ્લૈ ઘેર પાછા ફરતાં એ જ વિચાર કરતા'તા કે નિશાળના છેલ્લા વર્ષની ભૂગોળ ઉપરના કબાટમાં મૂકી છે કે રૂમમાં મૂકેલી લાકડાની પેટીમાં.

ઘરમાં પ્રવેશ કરતાં જ, "અરે સાંભળે છે ! પેટીની ચાવી ક્યાં રાખી છે ?" પૂછતાં પૂછતાં જ ઉપરના રૂમમાં મૂકેલા કબાટને ફંફોળવા લાગ્યા.

એમની પત્ની ચાવી લઈને એમની પાછળ ગઈ. દૂધની સમસ્યાની ઉકેલની યુક્તિ કહેવા માટે એના હોઠ ફફડી રહ્યા હતા. પણ પાલવણ્ણમ પિલ્લૈનું મન મેક્સિકોની સમસ્યામાં ડૂબેલું હતું. એ દૂધની સમસ્યા સાંભળવા માગતા નહોતા. "શું શોધો છો ?" એણે પૂછ્યું.

"એક ચોપડી. ચાવી ક્યાં છે ?" "આ લો. તમને કંઈક કહેવું છે. બાળકોના દૂધનો ખર્ચો વધતો જ જાય છે. સો એક રૂપિયાની એક ગાય લઈ લઈએ તો ?" એ બોલી.

"બસ, પાછાં આવતાં જ તારી રામાયણ શરૂ ! ગાય ભેંસ કંઈ જ ખરીદાશે નહીં. મારા છોકરાંઓ પાણી પીને જ મોટાં થઈ જશે." મેક્સિકો ઉત્તર અમેરિકામાં જઈને બેસી ગયું હોય તો ભલા એમને ગુસ્સો ન આવે ?

દૂધની સમસ્યાનો ઉકેલ ન આવ્યો. એમની પત્નીના હાથમાં બે કડાં હતાં. બાળકોની મમતાને લીધે એ કડાં ગાય વાછરડામાં ફેરવાઈ ગયાં.

બે દિવસ પછી પાલવણ્ણમ્ પિલ્લૈ કચેરીમાંથી પાછા આવીને પછવાડે હાથ ધોવા ગયા ત્યારે ખૂંટે બાંધેલો વાછરડો વાગોળતી ગાયને જોઈને ભાંભરવા માંડ્યો.

"અલી ઓ !" એમણે પત્નીને બૂમ મારી. પત્ની મનમાં ને મનમાં ગભરાતી'તી છતાં ય હસતી હસતી આવી.

"ગાય ક્યારે આવી ? કોણે અપાવી ?" "ઉપરવાળા ભાઈએ અપાવી છે. એક પડી* (લીટર) દૂધ આપે છે," એ બોલી.

તે દિવસે નવા દૂધની કોફી બનાવીને પતિને શોધવા માંડી. એ ઘરમાં નહોતા. તે દિવસથી પિલ્લૈએ કોફી અને દહીં છાશ બંધ કરી દીધાં. પત્નીને બેહદ દુઃખ થયું. એક તરફ બાળકો અને બીજી તરફ પતિ. વંશવૃદ્ધિની સ્વાભાવિક ઈચ્છા જીતી ગઈ.

આ જ રીતે પંદર દિવસ વીતી ગયા. ગાયનું કરવું શું ?

---

* પડી = તામિલનાડુમાં પ્રચલિત એક માપ જે લગભગ લિટર જેટલું થાય છે.

તે દિવસે રાતના આઠ વાગ્યા હશે. પાલવણ્ણમ્ પિલ્લૈ અને સુબ્બૂ કોનારે* ઘરમાં પ્રવેશ કર્યો.

"ગાય જોઈ લ્યો, પચીસ રૂપિયા પડશે," એ બોલ્યા. "સ્વામી ગાય સાઠેક રૂપિયાની થશે," સુબ્બૂકોનારે કહ્યું. "બસ.... માત્ર પચીસ ! તારે આપવા હોય તો ત્રીસ ઠીક છે ને ? અત્યારે જ લઈ જા."

"સ્વામી અત્યારે રાત્રે ? કાલે સવારે લઈ જઈશ," સુબ્બૂ કોનારે સમજાવતાં કહ્યું. "ના, અત્યારે ને અત્યારે."

ગાય છોડી આપવામાં આવી. "ગાય માત્ર સિત્તેર રૂપિયાની જ નથી. બાળકો માટે દૂધ પણ આપે છે," પત્નીએ ટોક્યા.

"ઉપરથી કમાણી પણ થાય છે."

"મારાં બાળકો પાણી પીને જીવશે," પિલ્લૈ બોલ્યા.

સુબ્બૂ કોનાર જયારે ગાયને છોડીને લઈ જવા માંડ્યા ત્યારે છોકરો રડવા માંડ્યો.

"મા, મારી વાછડી."

"ચૂપ મૂવા !" પાલવણ્ણમ્ પિલ્લૈએ ધમકાવ્યો.

---

* ગોવાળની એક જાતિ તામિલનાડુમાં કોનાર જાતિ કહેવાય છે.

રજજુ-ભ્રમ

કલ્લિપટ્ટિ હોય કે આધુનિક શહેર કૈલાસપુરમ્, ગંગાની અવિરત ધારાની જેમ જીવનનો કાળપ્રવાહ સતત વહેતો રહે છે.... અને વહેતો રહેશે. દહીંવાળી જે રીતે ભીંત ઉપર નાની નાની રેખાઓ દોરીને રોજબરોજના હિસાબ રાખે છે, જોવા જઈએ તો એ જ રીતે આપણે માટે રવિવાર, સોમવાર, મંગળવાર જેવા કાલ્પનિક દિવસોનો કંઈ જ અર્થ નથી. બધા એક સરખા જ તો છે. બસ એક તાંતણો છે જે કોઈ દિવસ તૂટતો નથી અને નબળો પણ પડતો નથી. ના, ના, કરોળિયાની લાળમાંથી નીકળેલા તાંતણાની જેમ આ કાળજાળ વધતું જ જાય છે. કાલ - આજ - કાલ જેવી માન્યતાઓ આપણો આધાર લઈને વણાયેલી સ્વાર્થી કલ્પનાઓ જ તો છે. 'હું'ની ભાવના, પછી એના સંદર્ભમાં 'પર'નો ભાવ; મારા પહેલાં અને મારી પછી એનો ભાવ, આપણી સ્વેચ્છાએ સ્વીકૃત ધન છે.... આમ કયાં સુધી ચાલ્યા કરશે. 'સ્વ' ના આધાર પર અનેક નાનાં નાનાં બિંદુઓ દ્વારા વિચારાયેલી વિચારાતી અને વિચારવાની માન્યતાઓ એકરૂપ હશે તો સમજાશે.... સામૂહિક જીવનની સુવાસ માટે લૌકિકતાથી નિર્માયેલી રેતીના મહેલ જેવું હોય તો પણ ચાલે. મહાકાળ રૂપી કરોળિયાની જાળમાંથી ઉત્પન્ન થયેલી જીવસૃષ્ટિને કિનારે....

માથા ઉપર એકવડી કપડાથી બાંધેલી પાઘડી નાની પડતી હતી. અને અનેક જગ્યાએ સીધો તડકો પડવા માંડ્યો. એ નીચા નમીને તાડની છાયામાં એક બાજુ સરકીને બેસી ગયા. થોરના કાંટાએ જાંઘ પર ઉઝરડા પાડયા. એ થોડું વધારે ખસ્યા. નીચા નમીને માયા પ્રપંચ વિશે વિચાર ભલે કરતા હોય પણ એકાએક એમની નજર વિષ્ટામાં આળોટતા કીડા પર પડી. છિ ! કોણ જાણે કેટલી યોનિઓ છે, કેટલાં મરણ છે.... છિ ! ઊબકા જેવું આવ્યું અને ઊઠીને બીજા તાડને છાંયડે બેઠા. આ ઝાડ જરા નાનું હતું. છાંયો પણ ઓછો હતો. કાંટા તો નહોતા ખૂંચતા, પણ કોઈ કોઈ જગ્યાએ ઘાસનાં તણખલાં ખૂંચવા માંડયાં. મન વારંવાર વિષ્ટાના કીડાના જેવી શારીરિક વિપત્તિઓના તરફ આસક્ત થતું રહ્યું.

મન શરીરથી પૃથક્ સંચાલિત શક્તિ છે અથવા સ્વરને માટે અનિવાર્ય ધનરપી વીણા જેવું છે.... પોતાના જન્મ પહેલાં પોતાના વિષે હું સચેત હતો. કે પછી હું મારા પ્રત્યે કે મારા પરિવેશ પ્રત્યે વસ્તુતઃ સચેત છું.

આ તાડ, આ નાનું એવું ઝાડ મારી પ્રજ્ઞાથી પર નથી. એની ઉત્પત્તિ વિશે હું જાણું છું. આ વૃક્ષો ઊગતાં પહેલાં અહીંની ભૂમિ સપાટ હતી. અહીં છાયાનું

નામનિશાન નહોતું, ગયા આષાઢમાં જે તાડ પડી ગયેલો તેની ભૂમિ પણ ઓળખાતી નથી. બધું સપાટ મેદાન બની ગયું છે. મારા જન્મ પહેલાં... સુખ-દુઃખ, આશા-નિરાશા, ઈચ્છા-ઘૃણા આદિ ભાવોથી યુક્ત એક પરમશિવમ્ પિલ્લૈ પરંપરાથી ચાલી આવતી આ રમતની બધી જ યુક્તિપ્રયુક્તિઓ શીખીને ઈચ્છા અથવા અનિચ્છાથી રમી રહ્યો... અને પછી પરમશિવમ્ નામ માત્ર રહ્યો... બધો જ કઠપૂતળીનો ખેલ છે. કઠપૂતળીનો ખેલ પણ કેમ કહેવાય ? કોઈ સૂત્ર કે સૂત્રધાર પણ છે ખરો ? નિશ્ચિત રીતે નકારાત્મક કે હકારાત્મક ઉત્તર પણ કેમ અપાય ? કેવળ પ્રવેશ અને પ્રસ્થાન જ જોઈ શકાય છે. એક યોનિદ્વારથી જન્મ અને બીજા યોનિદ્વારથી ગમન.... પ્રકૃતિ માત્રની એ ધરિત્રીની પાસે ? કે અજ્ઞાત દેશથી અજ્ઞાત દેશ સુધી જવાનો માર્ગ જ શું માનવજીવન છે ? ન સમાપ્ત થવાવાળો ખેલ છે ? કે અવ્યવસ્થિત તંત્ર ?

કૈલાસપુરમની નહેરને કિનારે તાડની છાયામાં બેઠેલા પરમશિવમ્ પિલ્લૈનું મન આત્મહીન જગતમાં ઊડવા માંડ્યું.

1

અડધી સદી પહેલાં કૈલાસપુરમમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત પોતાની ગતિ પ્રમાણે થતા હતા. નહેરવાળા રસ્તા પર એ વખતે આટલાં મકાનો નહોતાં. ધૂળ પણ નહોતી ઊડતી. વૃક્ષની ઘાટી છાયામાં ગાય પડી પડી વાગોળ્યા કરતી. જાણે સમસ્ત માનવસભ્યતા એ પ્રાંતમાં બેઠી બેઠી વાગોળ્યા કરે છે ! પણ ક્રિયાશીલતા તો હતી જ. રવિવાર સમાપ્ત થતાં જ સોમવારનો પ્રારંભ થાય છે. કોઈ કહી શકશે કે કઈ ક્ષણે એ પરિવર્તન થાય છે ?

આપણે જે કહીએ છીએ કે આપણી ઘડિયાળ જે કહે છે એ બંનેમાં કંઈ અંતર છે ? બંનેનું નિર્ધારણ આપણે પોતે જ કરીએ છીએ. રવિવારને જ નિર્ધારિત સમય પછી સોમવાર કહીએ છીએ. એ યથાર્થ છે. પણ માનવસભ્યતાને અહીં વાગોળતી જોવી એ એક ભ્રમ. જો સભ્યતા આમ જ નિષ્ક્રિય રહે તો વિશાળ ભવનો કેવી રીતે થાત ? વૃક્ષની છાયા જ હજી સુધી ફેલાયા કરત. ત્યાં આંધી આવી અને અનરાધાર વૃષ્ટિ થઈ. નદીમાં પૂર આવ્યાં. તાડનાં વૃક્ષ ઊખડી ગયાં. ઈંધણ બની ગયાં. પાછાં નવાં વૃક્ષ ઊગ્યાં. સૂર્યાસ્ત.... સૂર્યોદય.... નહેરના કિનારે અલગિયનમ્બિયા પિલ્લૈ પોતાના ધોતિયાનો કછોટો મારીને બેઠા બેઠા પગનો મેલ સાફ કરતા, નહેરમાં ડૂબકી મારતા માથા ઉપર વિભૂતિ લગાવી અનુષ્ઠાન વગેરે પૂરાં કરતા. પગથિયાં પર વૃક્ષની છાયા ફેલાયેલી રહેતી. પણ હવે એ પગથિયાં તૂટી ગયાં છે. રસ્તો અવશ્ય છે. દક્ષિણ તરફનાં પગથિયાંને ભીંજવતી ધારા વહી જાય છે. વૃક્ષ નથી. તડકો અવશ્ય છે; બચેલાં પગથિયાં લપસણાં છે.

પચાસ વર્ષ પૂર્વેના એ દિવસે કુરુવૂરમાં વીર્યની ભરતી આવી. એ અનંત બીજોમાંથી એક બીજ રહી ગયું. આને એનું ભાગ્ય કહેવાય ? કે એ પોતે જ

સમસ્ત ચેતના સાથે સ્થિર થવા માગતું તું ? એને આકાર મળ્યો. ચેતના મળી. માછલી, દેડકું, પછી પૂછડું વિલીન થઈ ગયું. વાંદરાના આકારમાં સમાધિની અવસ્થામાં સૂઈ રહ્યું....

પછી શિશુ પોતાની મૂઠીઓ વાળીને પ્રતીક્ષા કરતું રહ્યું.

કૈલાસપુરમાં વૃક્ષો ફાલવા માંડ્યાં. માખીઓ ગુંજારવ કરવા લાગી. વૃક્ષોએ ગર્ભ ધારણ કર્યો.... ફળ લાગી ગયાં....

કુરુવૂરની ઉત્તરે ઉદારપુરીમાં હુંકારનો સ્વર સંભળાયો. વેદનાપૂર્ણ સ્વર. મૂઠીઓ બાંધી ઊંધે માથે એક પિંડ ધરતી પર અવતર્યો - એક જન્મ. ચેતના આવી. બધો જ મળ નીકળી ગયો. જીવ ચીસ પાડી ઊઠયો. હાથપગ હલાવી રડવા લાગ્યો. નાભિવિચ્છેદની સાથે એ પૂર્ણ થયો. દુગ્ધપાન કર્યું.... સૂઈ રહયો... રડવા માંડયો.... ફરીથી દુગ્ધપાન....

કૈલાસપુરમનાં વૃક્ષો પર ફળ પરિપક્વ થયાં. ફળોના ગુચ્છોના ગુચ્છો લાગ્યા. વૃક્ષો ભારથી નમીને ધરતીને સ્પર્શવા લાગ્યાં.

2

આંગણામાં ફેલાયેલી ચાંદનીમાં અલગિયનમ્બિયા પિલ્લૈ બાળકને રમાડી રહ્યો છે. છોકરું હસી રહ્યું છે.

"પિતાજી ક્યાં છે ?" અગલિયનમ્બિયા પિલ્લૈએ લાડથી પૂછ્યું.

બાળકે પોતાની છાતી તરફ આંગળી ચીંધી.

"અરે બેવકૂફ, હું તારો બાપ છું. તું તો પરમશિવમ્ છે, પરમશિવમ્ પિલ્લૈ" અલગિયનમ્બિયા પિલ્લૈએ બાળકને સમજાવતાં કહ્યું.

"પરમશિવમ્ કોણ છે ?" અલગિયનમ્બિયા પિલ્લૈએ પાછું પૂછ્યું.

"હું", બાળકે ગર્વથી પોતાની તરફ ઈશારો કર્યો.

"વાહ બેટા વાહ ! મારા લાલ !" એ બાળકને દડાની જેમ ઉછાળતાં હર્ષથી બોલ્યા.

બાળક પણ પરમશિવમના રૂપમાં "હું" અને "પર" ના ભેદને સમજવા માંડયો. મા, પિતા, મહોલ્લો, ગામ એના પરિચયનો વિસ્તાર વધવા માંડ્યો. અધ્યાપક, મારપીટ, પછી વિદ્યા, સામાન્ય જ્ઞાન, એવી રીતે ધીમે ધીમે એની કેળવણી ફેલાવા માંડી. ખાંડ ગળી છે, અગ્નિ ગરમ છે - પિતાજી નારાજ થશે - ઈશ્વર ક્ષમા નહિ કરે જેવી લાગણીઓના અનુભવ અહમ્‌ની જમીનની ચારે તરફ દીવાલો બનાવવા માંડ્યા. નિશાળ, ભણતર, રમતગમત - પરમશિવમ્ સમાહના દિનો પસાર કરતો આગળ વધવા માંડ્યો.

અલગિયનમ્બિયા પિલ્લૈના કાર્યને કાલનાન્તરે સંભાળી લીધું. પરમશિવમ્

પરમશિવમ્ પિલ્લૈ થઈ ગયા. સરસ ગંઠાયેલું શરીર, આત્મવિશ્વાસ, સાહસથી પૂર્ણ યુવક 'ઘરકામને માટે....' વંશવૃદ્ધિને માટે એક યુવતી શ્વાસોશ્વાસ ઉપરાંત પણ કંઈક સુખ છે.... સંભોગ... શરીરની સમસ્ત શક્તિ વીર્યમાં પરિવર્તિત થઈ ગઈ. હવે દિવસો, અઠવાડિયાં મહિના કેવાં દોડવા માંડયાં ! દુ:ખ, કડવાશ, દગો, દેવાં પાંચ વર્ષ વીતી ગયાં ? સમય કેવો ભાગે છે ? રેતીનાં મકાનો જાણે ઢળી પડતાં હોય તેમ !.... શું સાચેસાચ દિવસો આમ જ ભાગે છે ?.... કે પછી હું ભાગું છું ?.... આ શરીર ?... સૂતી વખતે, જન્મ પૂર્વે આ "હું" કયાં હતો ? આ "હું" ભાગે છે ?.... કમર તોડી નાખે તેવી મહેનત... બીજાઓનો બોજો ઊંચકતાં ઊંચકતાં કમર બેવડી વળી ગઈ છે. બીજાઓનું ભલું કરતાં કરતાં બસ ચાર પૈસા ભેગા થયા. આંખોનું તેજ ઓસરવા માંડ્યું... ઘરમાં બિલાડાં ઘૂમવા માંડયાં... ગરીબી ઘરનાં બાળકો સાથે હાથ મેળવીને ખેલ કરવા માંડી. પત્નીની આંખોનું સૌંદર્ય એ આકર્ષણ કયાં ચાલી ગયું ? હાથ આટલા ખડબચડા કેમ થઈ ગયા ? ધીરે ધીરે જાણે મૂળ તત્ત્વ સાથે એકાકાર થવાથી "સાધના કરે છે ! બસ. થોડા જ દિવસોમાં મકાનની જગ્યાએ મેદાન થઈ જશે... ત્યારે અલગિયનમ્બિયા પિલ્લૈ કયાં રહેશે ? એમનો પુત્ર પરમશિવમ્ પિલ્લૈ કયાં છે ?... બધું પરમતત્ત્વમાં લીન થઈ જશે. કેટલું દુ:ખ, કેટલો વિશ્વાસ.. અને કેવો આઘાત.. કેટલા ઈશ્વર... જીભના સ્વાદ માટે— એક દેવતા, ખેતરોમાં જલપ્રદાન કરવા માટે એક. યુદ્ધ જીતવા... જ્યોતિષ ફળવા અને પછી પૂરી શ્રદ્ધાથી પૂજવા માટે એક દેવતા. કેટલા દેવતાઓની કલ્પના કરશો, ભાઈ ?... 'મારા' જન્મ સાથે મારે માટે ભગવાનોની સૃષ્ટિ થઈ ?... જો મારે માટે આટલા દેવતાઓની સૃષ્ટિ થઈ શકી તો આ બ્રહ્માંડમાં કેટલા હશે ?.. નદીની રેતી ગણી શકાય ? પણ આ દેવતાઓની- ? એકના જન્મની સાથે કેટલા દેવતાઓ જન્મતા હશે ? શું એ બધા એની સાથે સમાપ્ત થઈ જાય છે ?... 'હું' સમાપ્ત થઈ જાય છે ? તો પછી એ પણ કદાચ આ 'અહમ્'ની સાથે સમાપ્ત થઈ જાય છે... એ જ કાળ નદીના તટ પર રમતાં રમતાં બંધાયેલા રેતીના ઘરનો નિર્બળ પાયો છે. કદાચ માનવ મન ! પરમશિવમ્ પરમશિવમ્ ! તને એની શું જરૂર છે ?... જો, પગ નીચે સાપ છે. બંધુ સાપ.... રજ્જુ - ભ્રમ !

3

સમય એક રજ્જુ-ભ્રમ છે ?

પરમશિવમ્ પિલ્લૈને ખાટલેથી ઉતારીને જમીન પર સુવડાવ્યા છે. સાપ કરડવાથી કોઈ બચ્યું છે ? આત્માની શાંતિ માટે કોઈ માથા પાસે બેસીને દેવારમનો પાઠ કરે છે. પરમશિવમ્ પિલ્લૈ માથું ઊંચું કરીને ધીમેથી કહે છે. "દૂર બેસીને પાઠ કરશોને તો જરા સારું લાગશે. આટલી નજીકથી પાઠ કરવાથી કાનમાં ધાક પડે છે."

અધખુલ્લી આંખોથી પરિવેશને જોતાં એ ખુશ છે. સંતુષ્ટ છે. દૂરથી સંભળાતું દેવારમ્ એમને આનંદિત કરે છે; જાણે સ્નાન કરતી વખતે કયાંકથી સ્વરો ગૂંજી રહ્યા

છે ! એ રહ્યું મારું પુસ્તક, મારા જ પગનો અંગૂઠો છે... કયાં સુધી દેખાશે ? પણ કંઈ ચેતના નથી. બસ. આંખોથી અવશ્ય દેખાય છે ? કદાચ એ અંગૂઠો ખૂબ દૂર છે... બે માઈલ દૂર... છિ.. ઓછામાં ઓછા આઠ માઈલ હશે.. પેલું મારુ પુસ્તક એ પણ હવે દૂર દેખાય છે. એમાં શું લખેલું... હિસાબ.. અક્ષર... અલગિયનમ્બિયાને બોલાવીને પૂછું.. જે હોય તે.. મારે શું ?.. મારા મર્યા પછી આ અંગૂઠો રાખ થવાનો છે... કોને ખબર કેટલી વાર દેખાશે... થોડી વાર ગુપચુપ જોયા કરું.. આ પણ સારું જ લાગે છે... ઊંઘ આવે છે... બહુ જ થાક પણ લાગ્યો છે... આંખો મીંચાતાં જ હવે કેટલું સુખ છે.. શ્વાસ અટકી ગયો... મુઠ્ઠીઓ વળી ગઈ... એ જ કાળ..... "હું" ભ્રમણ કરવા લાગ્યો. સ્મરણ ભ્રમણ કરવા લાગ્યું. ચેતના પણ સમાપ્ત થઈ ગઈ. એ દિવસે કુરુવૂરમાં જન્મેલી આકૃતિ આજે કરમાઈ ગઈ.

રાખ હવામાં વિલીન થઈ ગઈ. નામ પણ નામમાં વિલીન થઈ ગયું... માનવમન આવી જ રીતે કેટલાય માળાઓ બનાવીને રમતું રહ્યું... કૈલાસપુરમનાં વૃક્ષો છાંયડો દેતાં રહ્યાં, ફાલતાં રહ્યાં, ફળતાં રહ્યાં. ચાહે કલ્લિપટ્ટિ હોય કે કૈલાસપુરમ હોય ! કાળની ધારા નિર્બંધ વહેતી રહી. એને કોઈ સીમાડા નથી. કુરવૂર હોય ? કાટટૂર હોય ? સમાધિ હોય કે પૂજા ? ગમે તે હોય ?.....

'હું' ચાલું તો સમય ચાલે છે. મારા ન હોવાની સાથે સમય પણ અટકી જાય છે કે પછી સમય શાશ્વત છે ? રવિવાર - સોમવાર - મંગળ..... મારા હોવાથી જ આ સમય પણ છે. એના વિના કાળ કંઈ જ નથી; કેવળ રજ્જુ-ભ્રમ છે ! પરમશિવમ્ પિલ્લૈ કયાં છે ?

બોધ-ગુફા

એ એક અલૌકિક જીવ છે. જન્મ્યા પછી લગભગ દસ વર્ષ સુધી એ મૂંગો જ રહેલો. એ કામરૂપ સૌંદર્યનો શું ફાયદો ? મોઢામાંથી સદા લાળ ટપક્યા જ કરતી. જો કે આંખો મોટી અને કાળી હતી, પણ એમાં પ્રકાશ કયાં હતો ? જ્ઞાનશૂન્ય ખાલી આંખો !

એ મદુરૈ નગરના કુરુમલૈ પાસેના એક નાના ગામડાના સરપંચ દેવરજીનો દીકરો છે. બધી જ સંપત્તિ અને સુખોનો એક માત્ર ઉત્તરાધિકારી. પિતા એને કાશી રામેશ્વરની યાત્રાનું ફળ સમજી રહ્યા હતા.

પણ પુત્રના જન્મ પછી પિતાનું મન ભાંગી પડ્યું. મહાકાલીને સામી નજરે જોનારા પિતાની નજર જમીનમાં દટાઈ ગઈ. ગામના બધા જ જયોતિષી અને વૈદે આ અદ્ભૂત બાળક વિષે જે કંઈ ભવિષ્યવાણી કહેલી તે બધી જ જૂઠી નીકળી !

જન્મની સાથે જ આ સંસારમાં માએ પોતાનું સ્થાન ખાલી કરીને દીકરાને આપી દીધું એટલે એ નિશ્ચિંત થઈને ચાલી ગઈ. આમ પણ સરપંચ દેવરજીનો કાર્યભાર અતિ અધિક હતો. મરવકુરુચિ જાતિની છોકરી સાથે પુનર્વિવાહ કર્યા. પણ એ મહિલાની કુંડળીમાં બાળબચ્ચાં નહોતાં. એના પાંચ છ વર્ષના લગ્નજીવને એ સાબિત કરી દીધું. એમાં કંઈ જ આશ્ચર્ય નથી કે એ ઈર્ષ્યાનું પ્રક્ષેપણ આ મૂર્ખ બાળક પર થયું. દેવર સાહેબની આંખોનો એકમાત્ર દીપક આ બાળક હતો; એને માટે એ જીવ આપતા. પ્રકૃતિથી બળવાન હોય તે પોતાની ઘૃણાઓની સાથે સાથે પોતાની ઈચ્છા ઓનું પણ નિર્બળ પર આરોપણ કરે છે. પ્રકૃતિ નિયતિની આગળ ચાલતી ગઈ.

સરપંચ દેવરજીનાં દસ વર્ષનાં વ્રતો અને ઉપાસનાઓએ એ બાળકને કેવળ ' અમ્મા, અપ્પા' બે જ શબ્દો શીખવ્યા. કાણાવાળી બાલદીથી પાણી ભરવાવાળો જો ઘડામાં આંગળીભર પાણી ભરવામાં સફળ થાય તો એના આત્મવિશ્વાસ અને હર્ષની સીમા નથી રહેતી. દેવરજીને એવો વિશ્વાસ બેસી ગયો કે એમનો ગૂંગણો દીકરો બધી જ વિદ્યાઓમાં પારંગત થઈને સપરંચનું પદ સંભાળશે.

બાળક જયારે અમ્મા કે અપ્પા કહેતો ત્યારે એની આંખોમાં કંઈક તેજ આવતું. ગામના લોકો પણ પિતાની બેવકૂફી પર મજાક કરવા લાગ્યા. એમની બેવકૂફીની સીમા ત્યારે આવી કે જયારે એ પોતાના બાળકને ચબૂતરાવાળી પાઠશાળામાં ભણાવવા લઈ ગયા. "અરે, એકનો એક છોકરો હોય તેથી શું બાપની અક્કલ પણ બહેર મારી ગઈ છે !" ગામવાળાઓએ મજાક કરી.

પાઠશાળાના અધ્યાપક વિદ્વાન નહોતા છતાંય એમનું ભણતર ગામવાળાઓને પ્રભાવિત કરવા માટે પૂરતું હતું. એ અનુભવી હતા. બાળકની બાબતમાં કંઈ જ નિરાશા ન બતાવી. સંસ્કૃતની એક સરળ કથા સંભળાવીને કહ્યું કે, ગાય ચરાવવી એ જ્ઞાનબુદ્ધિનું પહેલું પગથિયું છે.

ભલા, સરપંચના છોકરાને ગોવાળિયાની દોસ્તી ન મળે ? બસ. એ તો બળદ પર બેસીને કુરમલૈ પ્રદેશનાં ચક્કરો લગાવવા માંડ્યો. શિક્ષકના કહેવા પ્રમાણે એનું અંતર્જ્ઞાન વધશે કે નહિ એ તો ઈશ્વર જ જાણે. પણ એ ઘૂવડો, ભમરાઓ અને તમરાંઓની શોધમાં લાગી ગયો. અથવા તો એમ કહીએ કે એનું મન એ કાર્યમાં લાગી ગયું. ઘેર આવવું જાણે કડવું ઝેર લાગવા માંડ્યું. દેવરજીના આરાધ્યદેવ કદાચ એમને વધારેને વધારે સમસ્યાઓથી લાદવા માગતા હતા. બાળકને ઘેર લાવવો એ પણ એક સમસ્યા થઈ ગઈ.

ખૂબ સમજી વિચારીને એમણે નિર્ણય કર્યો. છોકરો ગમે તેટલો મૂર્ખ કેમ ન હોય, આખરે છે તો મનુષ્ય. એનાં લગ્ન કરી નાખીએ તો એનું મન ઘરમાં લાગશે, એમણે વિચાર્યું.

દેવરજીની જાતિમાં છોકરીઓની શું કમી ? મરુદૈયા દેવન ગરીબ જરૂર છે. પણ એની છોકરી શું સુંદર ન હોઈ શકે ? કુરુપ્પાઈ નામાનુરૂપ કાળી ભલેને હોય, સુંદર અવશ્ય છે. દેવરજીની આજ્ઞાનુસાર એ છોકરાની સામે જયારથી આવવા માંડી, એના ચહેરા પર પરિવર્તન થવા માંડ્યું. - કુરુપ્પાઈને જોતાં જ એનો ચહેરો ચમકી ઊઠતો. એના શૂન્ય ચિત્તમાં એ વાત રહી રહીને ઝબકી જતી કે એનો કુરુપ્પાઈ સાથે કંઈક સંબંધ છે.

એ વખતે એની ઉંમર પંદર વર્ષની હતી. 'અમ્મા' 'અપ્પા' એ બે શબ્દની સાથે હવે 'કુરુપ્પાઈ' શબ્દ પણ બોલવા લાગ્યો. કુરુમલૈના પહાડોને પણ એ ઓળખવા માંડ્યો.

2

કુરુમલૈની ઝાડીઓમાં મોટાં મોટાં વૃક્ષો અથવા તો આંખોને સુંદર લાગનારી હરિયાળી ક્યાંય નથી. કુકુરમુત્તોનાં જેવાં મોટાં મોટાં ઝાડ, કૈકટસ ઝાડીઓની વચ્ચે વચ્ચે મોટી વડવાઈઓવાળાં વડના ઝાડ, એની ચારે તરફ ઊગેલા તાડ, ફેલાયેલી લતાઓ - આ કુરુમલૈનું જંગલ છે. સસલાં, શિયાળ, ઘુવડ - આ જ ત્યાંનાં ભયંકર જાનવર છે. શિલાઓના કાંકરાઓ તથા કાંટાઓથી છવાયેલી પગદંડીઓની કુરુમલૈ પ્રદેશનાં ગાયભેંસ અને ગોવાળિયાઓને માહિતી છે.

સંભળાય છે કે આ જંગલોમાં કેટલાક સિદ્ધ થાય છે અને કેટલીક જડીબુટ્ટીઓ પણ જોઈએ તેટલા પ્રમાણમાં મળે છે. ગોવાળિયાઓ દ્વારા કહેવાયેલી કેટલીય ઘટનાઓને સાક્ષાત્ પુરાવા રૂપે રજૂ કરવામાં આવે છે. વચ્ચે જટામુનિની વાતે ગામના માણસોનું કુતૂહલ જગાડી દીધું.

તે દિવસે સરપંચના છોકરાને ખૂબ તડકાને લીધે તરસ લાગી. ધગધગતા તાપમાં ગાયો પણ છાંયડામાં લેટી ગઈ. ખીણમાં ઊભા રહીને મેદાન અને દૂર દૂર દષ્ટિગોચર થતા ગામને જોતાં તો આખી પૃથ્વી અગ્નિના પિંડની જેમ દઝાડતી દેખાતી.

ઊંચે આકાશમાં ફેલાયેલા એકાદા વાદળના ટુકડાને જોતાં પણ આંખો અંજાઈ જાય છે. કુરુમલૈમાં એક જ સરોવર છે, જેને પ્રસુપ્ત અંધકાર કહેતા હતા. બપોરને સમયે ગોવાળો તરસથી ભલે તરફડિયાં મારે પણ એ દિશામાં જતા નહોતા. આ મૂર્ખ બાળકને તરસ લાગી. જ્ઞાન, દીપકની જેમ ભયને દૂર કરવાનું સાધન થઈ શકે છે. પણ જ્ઞાન જો નષ્ટ થઈ જાય તો ભય ક્યાં ?

બાળકે એ અંધારી ગુફામાં જઈને ચાંગળું ભરીને પાણી પી લીધું. કોને ખબર શું સૂઝયું કે પાણીમાં કૂદીને તરવા લાગ્યો. અરધો કલાક વીતી ગયો. પાણીની ઠંડકથી એનું શરીર કાંપવા લાગ્યું. કિનારે પાછા ફરીને એક ખડક પર બેસીને તડકામાં શેકાતાં આસપાસ વૃક્ષોને જોતો રહ્યો. ખબર નથી કેટલો સમય વીતી ગયો. અંધારી ગુફામાં સહસા રોશની ફેલાઈ ગઈ. એનું પ્રતિબિંબ ધીરે ધીરે ફેલાઈને અંધારી ગુફા તથા એમાંથી નીકળતા સ્ત્રોતમાં પડવા માંડ્યું. ત્યાર પછી એક દિવ્ય સુવાસ આખી ગુફામાં ફેલાઈ.

ખબર નથી, એ મૂર્ખ બાળકને એ વાત આશ્ચર્યજનક લાગી કે નહિ, પણ કુતૂહલજનક અવશ્ય લાગી. પ્રકાશ તરફ જોઈને હસતો રહ્યો. પ્રકાશ વધતો રહ્યો. માણસની આંખોને આંજી નાખનારી તેજ રોશની. એ જ વખતે ગુફાના કોઈક ખૂણામાંથી એક આકૃતિ પ્રગટ થઈ. આકૃતિ બેહદ નીચી હતી. પણ એની ઉંમરનો અંદાજ નહોતો બંધાઈ શક્તો. બાળક જેવો ચહેરો, સોનેરી દાઢી, કમરે એક લંગોટ. કાળી આંખો ગુફાના જળની જેમ ઝગઝગી રહી હતી. એ આકૃતિ પ્રકૃતિથી વિપરીત જળ ઉપર ચાલવા લાગી તોય પેલા બાળકને ભય ન લાગ્યો.

પેલી તાપસિક જેવી આકૃતિ જ્યારે દ્વાર સુધી પહોંચી ત્યારે પેલો મૂર્ખ બાળક એને ચરણે પડ્યો. અને નમસ્કાર કર્યા.

એ તાપસિક આકૃતિના ચહેરા ઉપર થોડોક આનંદ રમી રહ્યો. આંખો એક ક્ષણને માટે વિચારમાં સ્થિર થઈ ગઈ. મૂર્ખ બાળકની આંખોને ધ્યાનથી જોવા લાગી.

સ્પર્શથી પુલકિત થયેલા બાળકનું સ્મિત ધીમે ધીમે વિલીન થયું. આંખોમાં જ્ઞાનનું ઝેર ઝબકી ઊઠ્યું. "મારી સાથે આવ." આકૃતિએ બાળકનો હાથ પકડ્યો અને પાછી ફરી ગઈ.

ગુફામાં ધીમે ધીમે અંધકાર છવાવા લાગ્યો. સર્વત્ર નીરવતા વ્યાપી વળી. એ જ પુરાણો અંધકાર, એ જ પુરાણી નીરવતા.

3

તાપસ જેવી આકૃતિ અને બાળક ઘણે દૂર સુધી સાથે ચાલતાં રહ્યાં. પ્રવાહની પછી રેતી. ખબર નથી કેટલે દૂર સુધી ચાલતા રહ્યા. ઉપર ક્યાંક આકાશના ટુકડા

આમતેમ વેરાયેલાં નક્ષત્રો દ્વારા રસ્તો દર્શાવતા રહ્યા.

ઋષિની આકૃતિ છરીની જેમ ચાલતી રહી. મૂર્ખ બાળક ક્યારેક આકાશની તરફ તો ક્યારેક એની તરફ જોઈને હસતાં હસતાં એનું અનુસરણ કરતો રહ્યો.

બંને રેતીને બીજે છેવાડે પહોંચ્યા. ત્યાં પણ ખડકોએ રસ્તો રોકી રાખેલો. ખૂણામાં એક સ્ત્રોત હતો. તેની પાસે એક ખડક. બંને ખડક પર બેઠા. ઋષિએ બાળકને પોતાની સામે બેસાડયો. એની આંખોમાં તાકતાં મંત્રોચ્ચાર કર્યો. બાળકની ચારે તરફ પ્રભાવલય ફેલાવા લાગ્યું. એને નવી વાતો સમજાવા લાગી. જયાં સુધી નજર જાય ત્યાં સુધી ફેલાયેલી, વેરાયેલાં મોતી જેવી શિલાઓ. ત્યાં સોના ચાંદી ધાતુઓ લતાની માફક ફેલાયેલી હતી. પરવાળાં, સોનાની શાખાઓ, હીરાનાં ફુલ - અપૂર્વ ઉદ્યાન હતું. પ્રત્યેક વૃક્ષ સ્વયં એક સંસાર જેવું હતું. એનાં પુષ્પો તથા ફળ વિવિધ રંગોમાં ઝગમગતા હીરા જ હતા. શાખાઓમાં લટકતા નાગ સર્પ, કાચના જેવી ચમકદાર ચામડીવાળા અજગર ફુંફાડા મારતા સહજ રીતે ઘસડાઈ રહ્યા હતા. જાતજાતના રંગોમાં ચમકતી રેતીમાં સંસારનાં જીવજંતુઓનાં હાડપિંજર જયાં ત્યાં અડધાં દટાઈને પડેલાં.

બાળકને લાવનારી પેલી ઋષિ જેવી આકૃતિની પ્રતિછાયા જેવી લાગતી કેટલીક આકૃતિઓ પ્રત્યેક વૃક્ષની નીચે તપસ્યામાં લીન હતી. પ્રકૃતિથી વિપરીત આ દિશામાં સુગંધી વાયુ જ ભોજન રૂપે વહી રહ્યો હતો.

"દેવીની તરફ જો," એક ગંભીર સ્વર સંભળાયો. તરત જ એ નૂતન સંસાર વિલીન થઈ ગયો.

પુરાણા અંધકારમાં એ ખડકની ધાર પર એક કાળી ઘોર આકૃતિ. કદાચિત્ એ સ્વયં એ અંધારામાં તેજ છે. એ જ દેવી છે. નારીત્વથી ભરપૂર નગ્ન આકૃતિ !

ખાસ્સી ઊંચી હોવા છતાં બાળક એના પ્રત્યેક અંગને જોઈ શકતો હતો. નિશ્ચલ આકૃતિના ચહેરા પર એક મલકાટ. ભયંકર પ્રાણઘાતક પરંતુ શરીરમાં ભાવનાઓનો જવર ઉત્પન્ન કરનારો મલકાટ. બાળક એને એકીટશે જોઈ રહ્યો. એની આંખો ત્યાંથી ખસી શકતી નહોતી. ધીમેથી એ ગણગણ્યો: 'કુરુપ્પાઈ'. ભયંકર ગર્જના. જાણે સાતે લોકનું પરસ્પર ઘર્ષણ થયું ! આકૃતિ બે ભાગમાં વિભક્ત થઈને વિલીન થઈ ગઈ. ખડકોની દીવાલો ધસી પડી. હજારો વીજળી બાળકની છાતી પર સમાઈ ગઈ. એકદમ અંધકાર !

ગોવાળિયાઓએ ગામવાળાઓને ખબર આપી કે સરપંચ દેવરજીના દીકરાને પ્રવાહમાં બળેલાં લાકડાંની માફક વહેતો જોયો છે.

ઉપદેશ

ડૉકટર વિશ્વનાથને તીણી ધારવાળું ચાકૂ બેસિનમાં રાખીને, કાતરથી આંતરડાના સડેલા ભાગને કાપીને કાઢી નાખ્યો. લિંટ (ઘા પર બાંધવાનું કપડું) ની સહાયથી પરુ અને ઘાથી ભરેલા ભાગને કાઢીને ફેંકી દીધો. 'નર્સ, સોય' એમના કહેતાં વેંત જ નર્સે સ્ટરિલાઈઝ કરેલી સોય હાથમાં પકડાવી દીધી. ડૉકટરના હાથ સ્ફૂર્તિથી ટાંકા લગાવવા માંડયા.

કાચના ટેબલ પર પડેલો રોગી ધીરેથી કરાંજી ઊઠ્યો. ભાનમાં આવવાનો પૂર્વ સંકેત !

"ડૉકટર વિલ્કિન્સન, જરાક વધારે ક્લોરોફોર્મ અને.... એક મિનિટ અને હું.... સફળતા મળશે, મને લાગે છે." બેસિનમાં સોય મૂકતાં એમણે કહ્યું. હાથમોજાં અને મોઢા પરનું કપડું કાઢતાં એ વોશબેસિન પાસે ગયા.

"રોગી ભાનમાં આવી ગયો છે, પણ એને ઘણો પ્રયાસ કરવો પડે છે. એક કલાક પછી, થોડુંક ગ્લુકોઝ આપજો...." કહેતાં સિગરેટ પેટાવી. ઓપરેશન થિયેટરમાંથી નીચે ઊતરતાં ડૉ. વિશ્વનાથનનો પીછો ડૉ. વિલ્કિન્સને કર્યો. વિશ્વનાથનના સફેદ વાળ પર પડતા સૂર્યના પ્રકાશે એમના ચહેરાને તેજથી ભરી દીધો.

વિશ્વનાથનને કેટલાંય વિદેશી વિશ્વવિદ્યાલયોમાંથી ડિગ્રી મળેલી. રંગભેદમાં માનનાર બ્રિટિશ ચિકિત્સાનિષ્ણાતો પણ ભારતીય ચિકિત્સાનિષ્ણાતની અપાર કાલ્પનિક પદ્ધતિઓ પર વિસ્મિત થતા હતા. શલ્યચિકિત્સાનો પર્યાય ડૉ. વિશ્વનાથન જ છે. કેવળ મદ્રાસવાસીઓના જ નહિ, પણ યુગોસ્લાવિયાના રાજકુમારના પેલા વિચિત્ર સોજાની ચિકિત્સા કરનારા ચિકિત્સકોમાં એ પણ હતા. સોજો ખોપરીમાં હતો. બીજા ચિકિત્સકોને પ્રાણહાનિનો ભય હતો, કેમકે ઓપરેશનની સફળતા એની સ્ફૂર્તિ પર જ નિર્ભર હતી. એક ક્ષણનો વિલંબ પણ રાજકુમારની શબપેટીના નિર્માણને માટે પર્યાપ્ત હતો. પણ વિશ્વનાથનના સ્ફૂર્તિભર્યા હાથે અડધા સમયમાં જ કામ પૂરું કરી બતાવ્યું. આજે એ રાજકુમાર પાઠશાળામાં અભ્યાસ કરે છે. એનું શ્રેય ડૉકટર વિશ્વનાથનને જ છે.

ગઈ જર્મન લડાઈમાં ઓપરેશન દ્વારા યમરાજના આગમનને રોકવા માટે ડૉકટરો કેટલીય ખોટી રીત અપનાવતા હતા. ડૉ. વિશ્વનાથનને એ ખોટી રીતોમાં સુધારો

કરવાનો અવસર મળેલો.

ડૉ. વિલ્કિન્સન એમના મિત્ર હતા. ભારતીયો બાબત એમનો ભાવ જેવો રહ્યો હોય તેવો, ડૉ. વિશ્વનાથન પ્રત્યે એમનો વ્યવહાર અતિશય સૌહાર્દપૂર્ણ હતો. આ મૈત્રીનું કારણ બંનેના નાસ્તિક વિચારો પણ હોઈ શકે. તેત્રીસ કોટિ દેવતાઓ અને ત્રણ શ્વેત દેવતાઓનો જે પરિહાસ એ બંને કરતા હતા, જો એ દેવતાઓ સાંભળી જાત તો, એમની સામે જ ફાંસો ખાઈ લેત. અરૂપ દેવતાઓની એટલી મજાક એ લોકો કરતા હતા.

તે દિવસે ઓપરેશન થિયેટરમાં લાવવામાં આવેલો એ રોગી હઠયોગી હતો. ઝેર અને કાચના ટુકડાઓ ગળી જઈને પણ જીવતો રહેવાવાળો યોગી. સિધ્ધાંત સ્વામી નામના એ યોગીએ એ બંને ડૉક્ટરો સમક્ષ પોતાનો પ્રતાપ બતાવ્યો છે.

તે દિવસે એની બેહોશીના ખબર સાંભળતાં વેંત જ ઍમ્બ્યુલન્સ મોકલીને ધર્મશાળામાંથી એને લઈ આવવાનો આદેશ પણ એમણે જ આપેલો. હઠયોગીના આંતરિક ભાગ કેવા છે એ જાણવાની તીવ્ર ઈચ્છા બંનેને હતી. એક્સ-રે દ્વારા એમને ખબર પડી કે એના આંતરડાનો એક ભાગ ઘાથી સડી ગયેલો. કારણ, એક નાનકડો કાચનો ટુકડો એક વાર એનાથી ભૂલથી એના આંતરડામાં ખૂંચી ગયેલો.

સિધ્ધાંત સ્વામીને માટે બે ખાસ નર્સો, દર ત્રણ કલાક પછી ડોકટરી પરીક્ષા.... બીજે દિવસે પ્રાતઃકાળે ડૉ. વિલ્કિન્સને જે ખબર સાંભળ્યા એણે એમને ચોંકાવી નાખ્યા. પ્રથમ તો હોસ્પિટલમાંથી સિધ્ધાંત સ્વામીનું લાપતા થવું, અને બીજું ડૉ. વિશ્વનાથનનું સંન્યાસગ્રહણ. પહેલી ખબરમાં ડૉ. વિલ્કિન્સનને એટલી જિજ્ઞાસા નહોતી. એમને લાગ્યું કે ડૉક્ટર વિશ્વનાથનના મગજમાં કંઈ બગાડ થયો હશે અને એમણે એનો ઈલાજ કરવો જોઈએ.

તરત પોતાની મોટરમાં ડૉક્ટર વિશ્વનાથનના બંગલે ગયા. મુંડાવેલું માથું, કમર પર કેસરિયા ધોતી, પગમાં પાદુકા. ડૉ. વિલ્કિન્સન આ વેશ જોઈને ચોંકી ઊઠ્યો. "ગમે તે થાય ડૉક્ટર અંતે તો ભારતીય છે," એમણે વિચાર્યું, "આ શું ડૉક્ટર ? આ પણ કોઈ મજાક છે ? તમારા દેવતાઓ તમને ક્યારે મળ્યા ? એક મુક્કો લગાવીને એમને મોકલી દેવા'તાને...!" હસીને બોલ્યા.

"વિલ્કિન્સન ! હસો નહિ. આ એક નવો પ્રયોગ છે. મારો સિધ્ધાંત યથાવત્ છે. માત્ર પરીક્ષા કરી રહ્યો છું." ડૉક્ટર વિશ્વનાથન બોલ્યા, એમાં તીવ્રતા હતી.

ડૉક્ટર વિલ્કિન્સન કંઈ બોલી ન શક્યા. "વેલ ! ગુડ લક !" માત્ર આટલું જ બોલી શક્યા અને પાછા ફરી ગયા.

પાંચ વર્ષ બાદ કૈલાસ પર્વતની શિખરયાત્રાના દલમાં ડૉક્ટર વિલ્કિન્સન પણ એક હતા. જે માર્ગની યોજના એમણે કરેલી તે એકદમ નવો જ માર્ગ હતો. આજ સુધીમાં

કોઈ જ એ રસ્તે ગયું નહોતું. તિબેટ સરકારની હેરફેરને લીધે દલના નેતા છેલ્લી ઘડીએ આ યોજના તૈયાર કરવામાં સફળ થયેલા. દલમાં વિરોધ થયો છતાં યાત્રીઓએ અંતે સંમતિ આપી.

યાત્રાનો વીસમો દિવસ. વેરાન રસ્તે એ જઈ રહેલા. રેતાળ રસ્તો. પાસે અડધા માઈલને અંતરે હિમ શિખર ! દલની વચ્ચે ચાલતા ડૉકટર વિલ્કિન્સનને હિમશિખર પર સિધ્ધાંત સ્વામીની શકલવાળો એક માણસ દેખાયો.

"જુવો પેલો માણસ ! હું એને ઓળખું છું. એ એક સાધુ છે," પોતાની બાજુવાળી વ્યક્તિને એમણે કહ્યું.

આગળ ચાલનારા જૅક અલ્બર્ટસન આલ્પ્સ કલબના આજીવન સભ્ય હતા. દૂર-દર્શક યંત્રમાંથી જોઈને કહે, "માણસ છે જરૂર.... પણ...." એ વાત પૂરી કરે ત્યાર પહેલાં તો વિલ્કિન્સન પાસેના મોટા ખડક પર કૂદીને ચડી ગયા અને શિખર તરફ આગળ વધવા લાગ્યા. જૅક અલ્બર્ટસન પણ સાહસિક હતા. એમનો પીછો કરવા લાગ્યા. દલના નેતાએ રોકીને કહ્યું, "અંધારુ થઈ ગયું છે. ત્યાં જઈને પાછા ફરવું હશે તો કેમ્પ સુધી નહિ જઈ શકાય."

"પેલો એકલો જઈ રહ્યો છે; એને મરવા જવા દઉં ?" અલ્બર્ટસન ગુસ્સે થઈને બોલી ઊઠ્યા. દલના નેતાએ ત્યારે વિલ્કિન્સનને જતા જોયા.

અસહાય થઈને બોલ્યા, "અમે આગ પ્રગટાવીને બેસશું, તમે જલદી પાછા આવજો." અને દલને એ પાછું લઈ ગયા.

જૅક અલ્બર્ટસને છલાંગ મારીને વિલ્કિન્સનો પીછો કર્યો. બરફની શિલા સાવ સીધી ઊભેલી તેથી એમને શિખર સાફ દેખાતું નહોતું. બે શિલાઓનું અંતર; એને ઓળંગીને આગળના ભાગમાં ઝૂકેલા બરફ પર સંભાળીને પગ રાખી શકાય, તો એ રસ્તે શિખર સુધી સહેલાઈથી પહોંચી શકાય તેમ હતું. એ બે શિલાઓની આગળ એક ઊંડી ખીણ હતી. બસ એક છલાંગ મારીને એ શિલા પર કૂદી જવું'તું. વિલ્કિન્સને છલાંગ લગાવી. પગ સરકી જતાં કોદાળીનો સહારો લીધો.

"નેરો સેવ," (માંડ માંડ બચ્યો) એ ગણગણ્યા.

જૅકે પીછો કર્યો.

બંને બરફની ધરતી પર બનેલા રસ્તા પર ચાલવા માંડ્યા. બરફની વચ્ચે દટાયેલું શિવલિંગ; એની ઉપર ભગવાં વસ્ત્રોની પોટલી.

જૅકે એ ખોલી. "વિલ્કિન્સન ! અહીં જુવો તો !" એ બૂમ પાડી ઊઠયા. વિલ્કિન્સન પાછા ફર્યા. બરફનાં ઢેફાંઓ વચ્ચે એક માનવઆકૃતિ; પદ્માસનની મુદ્રામાં બેઠેલા ડૉકટર વિશ્વનાથ !

"બિચારાનો આ અંત ? ખૂબ જાણીતા ડૉકટર હતા," માથું ઝુકાવીને પ્રણામ કરતાં બોલ્યા.

પછી પોટલી ખોલી. એમાં ચામડાનું એક પાકિટ અને ડાયરી અને ખોલતાં જ...
મિત્ર વિલ્કિન્સન,

મને ખબર છે તમે ક્યારેક અહીં આવશો જ. હું મર્યો નથી, મને કોઈ પણ અવસ્થામાં મરેલો માનશો નહિ. આપણા ચિકિત્સાગ્રંથો ફેંકી દઈને ફરીથી લખવા પડશે. એમાં આધારો જ ખોટા છે. તમે આ વાત જાહેર ન કરશો. લોકો તમને પાગલ ઠરાવશે... પેલો સ્વામી સામાન્ય નહોતો..." પોટલીને યથાવત્ બાંધીને ડૉક્ટર વિલ્કિન્સન બોલ્યા, "ચાલો પાછા ફરીએ"

"બીજું કરી પણ શું શકાય ?" જૅકે કહ્યું.

તે રાત

નાડમાડકૂડલમાં તે રાતે ત્રણ વ્યક્તિઓ સૂતી નહિ. એમાં એક હતા સોકકેસન. મનુષ્યોની સાથે મનુષ્યની જેમ વ્યવહાર કરતા એમના સુખદુ:ખના ભાગીદાર સોકકેસન ! ચૂડીઓ વેચીને, સંગમ વિદ્વાનોના ગર્વને નષ્ટ કરનારા, પરંપરાથી શાસન કરનારા પાંડ્યોના મંત્રી, સદ્દશિક્ષક; સદા સહાયતા માટે તત્પર રહેનારા ઈશ્વર સોકકેસન ! અલગન પણ સૂતા નહિ. અજન્મા ઈશ્વરને ઊંઘ શાની ? ભોજન શાનું ?

ત્રીજી વ્યક્તિ હતા મહારાજ. પાંડ્ય દેશના અરિમન પાંડિયન. અનિદ્રા પ્રત્યે અભિરુચિ રાખનારા. શયનાગારમાં શૈયામાં બિરાજમાન સ્મૃતિઓના પ્રદેશમાં ભ્રમણ કરતા રહ્યા. મસ્તકમાં દિવસભરની ઘટનાઓ ઘૂમી રહી. બધી જ ઘટનાઓ મસ્તકમાં ચક્રવ્યૂહ જેવી બની ગઈ. પુચ્છ તથા શિરને જોડીને નગરની સીમા નિર્ધારિત કરનાર સર્પની જેમ.

પ્રકાશની તીવ્રતાજન્ય અનિદ્રાને દૂર કરવા માટે જે મદ્ધિમ નીલો મણિદીપ લટકી રહેલો, તેનો પ્રકાશ એના ગળામાં પડેલા રત્નહાર પર પડીને અદ્દભૂત આભા પ્રસારી રહેલો. આંગળીમાં પડેલી વીંટીને રમાડતાં ઝરૂખામાંથી આકાશને નિહાળી રહ્યા હતા. એ કૃષ્ણ પક્ષની રાત્રિ હતી. ચંદ્રમાનો ઉદય બે પ્રહર પછી જ થશે. ઝરૂખાની સીમામાં બે કે ત્રણ તારા આબદ્ધ હતા. જાણે દાર્શનિકોની જ્ઞાનની સીમામાં આબદ્ધ પ્રપંચનું રહસ્ય એક નિશ્ચિત રૂપ બનાવીને માનવજીવનની ઈચ્છાઓને શાંતિ દેનારા સમયની ઘોષણા કરી રહ્યા હોય ! એમની સ્થિતિ જ્યોતિષ શાસ્ત્રીની નિર્ધારિત નક્ષત્ર સ્થિતિ ઓથી પૃથક્ હતી.

ઝરૂખાની ઉપર, જડેલા હીરા અથવા પીળચટ્ટા પડી ગયેલા લાલ પથ્થરની જેમ એક જ પંક્તિમાં ચમકી રહ્યા હતા. મહારાજનું મન એક ક્ષણને માટે દિનભરની ઘટનાઓને ભૂલી એ તારકપંક્તિમાં લીન થઈ ગયું. જેમ જેમ મન લીન થતું ગયું તેમ અંધકારની સીમાઓ સમાન ગોપુરમ અને કળશ પ્રગટ થયાં. એની વચ્ચે પેલી બત્તીઓ શાની છે ? શું હું, નિત્ય આરાધના કરનાર પોતાના મંદિરને ભૂલી ગયો છું ? પાંડ્યે વિચાર્યું. અજાણતાં જ પોતાની મૂછો પર હાથ ફેરવતાં હસી પડ્યા. ગોપુરમની પાછળથી ડોકિયાં કરતા પેલા આકાશના ટુકડામાં એક નક્ષત્ર હસી રહ્યું હતું.

ત્રીસ વર્ષની જિંદગીમાં જ કોઈ પરમ તત્ત્વની તરફ આસક્ત થઈ શકે ? ઘોડા ખરીદવા ગયેલા મંત્રીના પાછા આવ્યા પછી એમને નમસ્કાર કરવાની આજ્ઞા સ્વયં મારા આત્માએ આપેલી. ધનનું એમણે શું કર્યું ? સુખને માટે વાપર્યું હોત તો તો સ્વયં એમનું શરીર જ બતાવી દેત.

અરિમર્દનના માનસપટ પર બપોરની ગોષ્ઠિની ઘટનાઓ મૂર્ત થઈ ગઈ. અમાત્ય તિરુવાદવૂરાન દિવસભર તડકામાં પથ્થર ફોડીને, ચાબુકના માર ખાવાથી ઉત્પન્ન થયેલા થાકને મોઢા પર આવવા દેતા નથી. એમના ચહેરા ઉપર મલકાટ છે. મહારાજ અરિમર્દન પાંડિયન સિંહાસન પર બેઠા છે.

"અમાત્ય, અશ્વ ખરીદવા માટે આપેલું ધન ક્યાં છે ?"

"એને છોડીને આ વિશ્વમાં કોણ દાતા છે અને કોણ યાચક છે ?"

"વાદવૂરાન, તાત્પર્ય એ છે કે આપે એ ધન લીધેલું એનો આપ અસ્વીકાર કરો છો ?"

"વાદવૂરાન, તાત્પર્ય એ છે કે અશ્વ આપની પાસે આવી જશે."

"મારા કહેવાનું તાત્પર્ય એ છે કે અશ્વ આપની પાસે આવી જશે."

"અશ્વની ચિંતા આપ ન કરો. ધન કઈ રીતે વેડફ્યું એ તમે કહી દો. હું તમને ક્ષમા આપીશ."

"મહારાજ, વાદવૂરાન જે ધન લઈ ગયેલા એ રાજકીય ધન હતું. એનો વ્યય કરવાનો અધિકાર તમને પણ નથી, એ વાતનો વાદવૂરાન સમક્ષ તમે કેટલી વાર સ્વીકાર કર્યો છે ? ક્ષમા કરવી એ પાંડ્યો દ્વારા પોતાના રાજયનો વિનાશ કરવા જેવું છે," રુદ્ર સાત્તનાર નામના મંત્રીએ ટકોર કરી.

"ધન મળવું પર્યાપ્ત થશે ? સમયસર અશ્વો ન મળવાને કારણે આપણે કેટલી સંકટપૂર્ણ સ્થિતિમાં હતા ! ચૌલની સેના આપણા પર આક્રમણ કરી બેસત તો દેશની શી સ્થિતિ થાત ? કલપ્ર જો ચૌલ દેશને ન લૂંટત તો આજ મત્સ્ય ધ્વજામાં રક્તનો છંટકાર હોત. પરાજય કેવળ અમારો જ નહિ, જયાં સુધી સોકક્કેસન અને પાંડ્ય ન રહેત ત્યાં સુધી કોઈ પણ શાસકનું શિર માટીમાં મળતું રહેત. તો પણ.... પત્રૈકુદ્ર ચિત્તનાર બોલ્યા, "વાદવૂરાર આપને કંઈ કહેવું છે ? ધન ક્યાં છે ?" અરિમર્દને પૂછ્યું, "મહારાજ, વાદવૂરાનનું આયુષ્ય માત્ર ત્રીસ વર્ષ છે. એ બરાબર છે કે તિરુનક્કોવૈયારના આરાધક રહ્યા છે અને આપણે કેટલાક દિવસો સુધી એમના સમાચાર સાંભળ્યા નથી. એનું તાત્પર્ય એ નથી કે, એ જીવમુક્ત થઈ ગયા છે. શિવનું ત્રીજું નેત્ર ખૂલ્યા પછી પણ ભૂલને ભૂલ તરીકે કબૂલ કરનારાની ભૂમિ છે આ. જયારે ભગવાન શંકરની જ અવહેલના કરવામાં આવી તો વાદવૂરાનને માટે શો વિચાર ?" રુદ્ર સાત્તનાર બોલ્યા.

"વાદવૂરાન, શું કહેવા માગો છો ? સિદ્ધોની પ્રતીકાત્મક ભાષામાં વાત કરીને રાજયનો સમય નષ્ટ ન કરો. અશ્વ ક્યાં સુધીમાં આવશે ?"

વાદવૂરાનની આંખો શૂન્યમાં તાકવા લાગી. એ જ અવસ્થામાં એ આત્મસ્થ થઈ ગયા.

એમના અધર 'અશ્વ - અશ્વ - અશ્વ -' ગણગણવા લાગ્યા.

પાંડ્યના હૃદયમાં પણ 'અશ્વ - અશ્વ - અશ્વ' શબ્દ પ્રતિધ્વનિત થવા લાગ્યો. ગોષ્ઠિમંડપની બહાર કોલાહલ મચી ગયો. બંને દ્વારપાળ દોડી આવ્યા ને પ્રણામ કરતા

બોલ્યા, "અશ્વ આવી ગયા છે મહારાજ !"

"શું કહ્યું ? અશ્વ ? ક્યાં ?" મહારાજ ઊઠી ગયા. આખી સભા ઊઠીને ઊભી થઈ. તુરહીના નાદની સાથે રજવાડી ચાલથી એ દ્વાર સુધી પહોંચ્યા. મંત્રીગણ એમનું અનુસરણ કરતો રહ્યો. ગોષ્ઠિમંડપમાં 'અશ્વ - અશ્વ' નો જપ કરનાર વાદવૂરાર સિવાય કોઈ જ ન રહ્યું. કેટલા અશ્વ ! દસ આક્રમણ માટે પર્યાપ્ત ! બધા જ શ્વેત અશ્વ ! અશ્વની જાતિને પારખનારા એનું નિરીક્ષણ કરી રહ્યા છે. એક પણ ઊતરતો નથી. બધા જ અશ્વો ઊંચી જાતના છે.

અશ્વને હાંકનાર વ્યક્તિ દેખાવડી હતી. એને તરત રાજકીય સન્માન આપવાની ઈચ્છા થઈ. કેવી મૂર્ખ ઈચ્છા છે ! એ દુરુશ્ક છે, યવન છે કે સોનક ! આંખોમાં કેટલી ક્રૂરતા ! ચાબુક લગાવવામાં કેટલી સ્ફૂર્તિ છે ! બધા અશ્વો હારબંધ ઊભા છે.

"સ્વીકાર કરીને પ્રાપ્તિપત્ર આપો. બહુ દૂર પાછા ફરવાનું છે," એ બોલ્યો. એના સ્વરમાં કોમળતાની સાથે ક્રૂરતા પણ છે.

મહારાજ પ્રાપ્તિપત્રમાં હસ્તાક્ષર કરે છે. એ લઈને પ્રણામ કર્યા વિના એ પાછો ફરે છે.

મહારાજ, મંત્રીગણ સભામંડપમાં પાછા ફરે છે. વાદવૂરાન શોકસંતપ્ત થઈને મનમાં ને મનમાં ગદ્‌ગદ્ થઈ ગયા. "મને બચાવવા માટે પૃથ્વીતટ પર માનવરૂપે આવીને તમે આજે લીલા બતાવી છે, હે પ્રભુ ! હું જલદી જ મુક્ત થઈને તમારી પાસે આવી જઈશ."

"વાદવૂરાર, મને ક્ષમા કરો. હું રાજ્યનો ભાર વહન કરું છું."

"મહારાજ, હું વિશ્વની વેદનાને વહન કરું છું."

"વાદવૂરાર, તમે નિરાશ ન થશો. પહેલાંની જેમ જ તમે મારા અમાત્ય કરીકે રહો. તમે ન હોત તો આ અશ્વો હું પ્રાપ્ત કરી શકત નહિ."

"મંત્રીએ વૈદે જેવા થવું જોઈએ એ વાત હું આપને સમજાવું ?" રુદ્ર સાત્તનાર બોલ્યા.

"શત્રુનો સંહાર કરવા માટે સૈન્યબલ આવશ્યક છે." સેનાપતિ બોલ્યા. અરિમર્દનનું મન ફરીથી એ શ્વેત અશ્વો પર આરોહિત થઈ ગયું છે. શત્રુઓના શિરનો સંહાર કરનારા અશ્વ વાદવૂરાન દ્વારા અપાયા છે. કેટલી બુદ્ધિમત્તા છે ! કેટલી પવિત્રતા ! એ દેવતાના કોઈ અંશ સમાન ઊભા રહ્યા હતા.

મધ્યપ્રહરનો સૂચક શંખધ્વનિ થયો. તેનો ધ્વનિ ઊંચો થઈને ધીરે ધીરે વિલીન થઈ ગયો છે. આ કેવો સ્વર છે ? શિયાળનો સ્વર ! શંખનો સ્વર બંધ થતાં જ કોઈ હજારો શિયાળવાંનો સ્વર ! નાડમાડક્કડલમાં શિયાળો ? અશ્વાલયની દિશાથી સ્વર આવી રહ્યો છે ! અરિમર્દન છત ઉપર પહોંચી ગયા. સ્વર મોટો થઈ રહ્યો છે. આંખો અંધારમાં શોધ ચલાવી રહી. અંધકાર સિવાય કંઈ જ દેખાતું નહોતું.

મહારાજ તુરાઈના સ્વરની સાથે પુનઃ શયનાગારમાં પ્રવેશે છે. એમનું ઉત્તરીય ધરાતલને ચૂમી રહ્યું છે. શૈયાની સમીપ રાખેલી તલવારને ઉપાડીને બહાર આવે છે.

બહાર આંખોમાં ઊંઘ અને ભયભરી, અસ્તવ્યસ્ત કેશ અને ઉત્તરીય સાથે દીપક લઈને ચાલતી બાંદીઓ મળી. મધ્યમ પ્રકાશમાં એ કેટલી સુંદર લાગે છે ! મહારાજ પ્રાસાદના પ્રવેશદ્વાર સુધી પહોંચી ગયા છે.

"અશ્વાગારમાં શિયાળવાં પ્રવેશી ચૂક્યાં છે મહારાજ. એ કદાચ નગરની અંદર પ્રવેશ કરશે." અશ્વાગારનો રક્ષક પ્રણામ કરીને ખબર આપે છે.

ત્રણ જોડ પદરવ ધીરે ધીરે વિલીન થાય છે. સહસા અંધકાર ભેદતી એક ચીસ. ભયાતુર આત્મરક્ષા માટે સંઘર્ષ કરતા અશ્વોની ચીસ. ત્યાર પછી જાણે હજાર ભૂતોનાં અટ્ટહાસ્ય જેવા શિયાળવાંના સ્વર. યુધ્ધભૂમિમાં રથની નીચે ચગદાતા અશ્વ અને હાથીઓની ચીસો અરિમર્દન કેટલીય વાર સાંભળી ચૂકયા છે. પણ તે દિવસે એ અશ્વોના સ્વર જાણે એની પાસે અભયની યાચના કરી રહ્યા હતા. નાડમાડકકડલની પ્રજાને એ ચીસે જગાડી મૂકી હશે. તેઓ પોતાનાં ઘરો બંધ કરી ચૂકયા હશે.

અશ્વાગારની સામે દ્વારપાલ દરવાજો બંધ કરીને ઊભેલા.

"અંદર એક પણ અશ્વ નથી બચ્યો. આપણા પહેલાંના અશ્વોને પણ એમણે ચીરી નાખ્યા છે," દ્વારપાલ બોલ્યો.

"નવા અશ્વો ?"

"એ કેવી રીતે અદૃશ્ય થઈ ગયા સમજાતું નથી. અંદર કેવળ શિયાળો છે. એને અમે અંદર પૂર્યા છે દરવાજા બંધ કરતાં પહેલાં કેટલાક ભાગી ગયા છે." "મહારાજ, અશ્વાગારમાં શિયાળવાં ચીસો પાડે છે. અશ્વનો ક્યાંય પત્તો નથી. એક નવો સ્વર ગૂંજી ઊઠ્યો. મહારાજ પાછળ ફર્યા. અમાત્ય રુદ્ર સાત્તનાર ઊભેલા.

"હા, નવા અશ્વોનો પત્તો નથી." અરિમર્દને કહ્યું.

"મેં આ વાતની કલ્પના કરેલી. આપના મંત્રીની સિધ્ધ વિદ્યાને લીધે બની શકે છે. અશ્વો આવ્યા ત્યારે એમની અવસ્થા જોયેલી ? મેં એમને ફરીથી પકડી લાવવાનો આદેશ આપ્યો છે."

"છિ, એ અસંભવ છે. ન્યાય કરનારા આપણે કોણ છીએ ?"

"મહારાજ, આપ પણ ?"

"અશ્વપાલનો પત્તો નથી લાગ્યો. કાલે કેટલાક લોકોએ એને મંદિરના હજાર સ્તંભવાળા મંડપમાં પાછા ફરતાં જોયેલો. ગુપ્તચરો મારફત મેળવેલી આ ખબર છે." બીજો સ્વર ! પગૈરુદ્રચિત્તનાર.

"મહાવતને કેદમાં પૂરવાથી પરિસ્થિતિ સ્પષ્ટ થઈ શકશે."

મધ્યાંતર

અડિયાર રુનલ્લર :

હું તો પહેલેથી જ કહી ચૂક્યો છું :

અશ્વ અવશ્ય આવશે. હું શું વાદવૂરાનને નથી ઓળખતો ?

સેના વરૈયર :

મેં ક્યારે કહ્યું, વાદવૂરાન જૂઠો છે ? જે અશ્વ અવસર આવ્યે ન મળ્યા તે હવે મળી જાય તો પણ શો લાભ ?

હવે ભલે શ્રેષ્ઠ અશ્વ કેમ ન મળે, એ શિયાળવાં જેવા જ છે. મહારાજે પણ નિર્લજ્જ થઈને એનો સ્વીકાર કર્યો છે.

ઈલંપુરણાર :

કંઈક સારા માટે જૂઠાણું બોલાય તો એ જૂઠાણું સત્ય કરતાં ચડી જાય છે. આજ મહારાજને શિયાળવાં ભલે મળ્યાં હોય, એ અશ્વ જ છે.

વાદવૂરાનનું આયુષ્ય જો ત્રીસ વર્ષનું હોય તો એનું તાત્પર્ય એ નથી કે એને જે મન થાય તે કહી શકાય.

ગુપ્તચર :

અશ્વોને લાવનાર આપને ક્યાં દેખાયો ?

આડિયારકકુંનલ્લાર :

સોક્કેસનના મંદિરના વસંતમંડપમાં બેઠો, 'તો. એ પોતે પોતાની આંખોથી જોયો છે.

સેના વરૈયર :

મેં એને વસંતમંડપમાં જોયેલો-એમ કહોને ! આ સમયે એ ક્યાંય પણ હોઈ શકે. એની ગરદનના તલને જોયો'તો આપે ? મને હળાહળ વિષ જેવો લાગ્યો. ઉન્મત્તોની માફક એ ગુસ્સાથી એકીટશે જોતો'તો, જાણે એને સાવધાન રહેવામાં અપાર શ્રમ કરવો પડ્યો હોય.

ઈલક્પૂરણર :

તલ જો સ્વસ્થાને હોય તો સહુનું સદ્ભાગ્ય છે. એ ભાગ્યશાળી છે કે નહિ તે નિશ્ચિત નથી, વાદવરાન ચોક્કસ ભાગ્યશાળી છે.

વાદવૂરાન

વાદવૂરાનના મસ્તક અને હૃદયમાં સંઘર્ષ ચાલતો રહ્યો. એને ખબર જ ન પડી કે કોણ કોના પ્રશ્નનો ઉત્તર આપે છે. એને લાગ્યું કે એ કોઈ બીજાનાં વચનો પોતાના મુખથી બોલી ગયા છે. અશ્વક્રયના વિચારને ભુલાવી દેનાર પેલા વૃદ્ધે મારામાં એવી કઈ વિશેષતા જોઈ કે મને વાર્તાલાપ કરવા બેસાડી રાખ્યો ? છાયારૂપી દક્ષિણામૂર્તિનું જો ઐંદ્રિક સ્વરૂપ હોત તો કદાચ એ પેલા વૃદ્ધના જેવું હોત. ક્યાંક મારી પરીક્ષા લેવા સ્વયં પરમેશ્વર તો નથી આવી ચડ્યા ! છિ, હું કોણ છું ? મારી યોગ્યતા શું છે ? શું એના પ્રત્યે આકર્ષણ થવું જ પર્યાપ્ત છે ? મારી બુદ્ધિ પ્રત્યેક પગલે અડચણ જ ઊભી કરે છે. એવી તાર્કિક બુદ્ધિ હોવાથી, નથી હું એની સમીપ જઈ શકતો, કે નથી એ મારી સમક્ષ આવી શકતા.

પાંડ્યરાજને માત્ર ચાતુર્યપૂર્ણ ઉત્તર આપવો એ જ પૂરતું નથી ? એ એણે દીધો

છે ? અને એણે લીધો છે ? જ્યારે એણે અરિમર્દનના રૂપમાં આપેલો તો અરિમર્દનના જ રૂપમાં જ્યારે એણે ધનયાચના કરી તો સત્યકથનને બદલે દાર્શનિક પ્રવચન સંભળાવીને મેં પોતાને મિથ્યાવાદી સાબિત કરી દીધો છે. મારાથી મોટો અસત્યવાદી કોણ છે ? પાંડ્યરાજે મારા પર વિશ્વાસ રાખીને ધન આપેલું. પાંડ્યનું ધન હતું. પાંડ્યનું ધન જ્યારે નષ્ટ થયું ત્યારે સમયની ગતિ રુંધાઈ ગયેલી. એ વૃદ્ધને હું ફરીથી જોવા માગું છું. એનું સામીપ્ય, માની માફક વાત્સલ્યપૂર્ણ હતું. એણે મને શું નહોતું કહ્યું ? એનાં વચનો તો વેદ, વેદાંતીઓ અને શંકરે કહ્યાં છે. એનાં વચનોનો અર્થ શબ્દમાં તો નહોતો. સ્વરમાં ? આંખોમાં ? એણે મને કઈ રીતે આકર્ષિત કર્યો ? એમણે જે કંઈ કહ્યું એને હું અનુસર્યો છું. પણ પોતાની અલ્પજ્ઞતા ઉપરના મારા અતિવિશ્વાસને એમણે કેટલી સૂચક રીતે નકાર્યો છે ! અશ્વ પોતાની મેળે જ આવી જશે. તું તારા અશ્વને વશમાં રાખ, હસતાં હસતાં બોલેલો. ત્યારે પાંડ્ય મહારાજ, એમના અશ્વ, એમનો અશ્વ પ્રત્યેનો મોહ, આ પ્રપંચલીલામાં કેટલા તુચ્છ લાગેલા ? કેટલું અદ્‌ભુત જ્ઞાન એમણે આપ્યું છે ! ધન મેં આપેલું ? સ્વયં આ પ્રપંચે જ આપેલું. પાંડ્ય મહારાજ આ કારણસર મને તડકામાં ઊભો રાખે ! ચાબૂક મરાવે, મારી આંખો ઉતરડાવી નાંખે, હાથી નીચે મારું મસ્તક છુંદાવી નાખે, આ બધું જ તુચ્છ છે. પાંડ્યના અશ્વમોહની માફક પ્રપંચની દૃષ્ટિમાં ન આવનારી ઘટના ! મારે પક્ષ પણ પાંડયના પક્ષ જેવો છે. મદુરાઈ ભાગ્યશાળી નગર છે. મને ન્યાયના શાસનથી સુરક્ષિત કરવા કેટલા તત્પર હતા ! અશ્વની ચિંતા પણ એને નહોતી. ન્યાયને સંતોષ આપી શકે એવો ઉત્તર હું આપત તો મારી રક્ષા કરીને પુનઃ મને કાર્યમાં જકડી લેત. અરિમર્દન ભાગ્યશાળી છે. મારા પરમ મિત્ર રુદ્રસાત્તન અને એનાદિ, વૈદોની માફક વર્તન કરી રહ્યા છે. અનાદિ કાળથી આજ સુધી ન્યાયની પાછળ અંધવત્ ચાલતાં ચાલતાં પોતાના હૃદયની ભાવનાઓને ગુપ્ત રાખનારા મંત્રી ! એ ખરેખર મંત્રી છે. સંસારમાં મંત્રીનું પાત્ર સ્વીકાર્યા પછી મંત્રીના જેવો અભિનય કરવો પડશે. વચ્ચેથી વેશ બદલી શકાતો નથી. આ મરુ-ધર્મ નથી, જીવનધર્મ છે. જીવનધર્મને રાજાના ગોષ્ઠિમંડપમાં સ્થાન નથી મળી શકતું. જો આપવામાં આવે તો ગોષ્ઠિમંડપમાં ચામાચીડિયાં અને શિયાળવાં જ વાસ કરશે.

શું ?

અશ્વ ? પાંડ્યના નોકર કહે છે ? અશ્વ ! અશ્વ આવી ગયા ! અશ્વ ક્યાંથી આવશે ? તારા ધનની દિશામાં અશ્વ ક્યાંથી ? તારા ઉપર શાસન કરનાર પરમેશ્વર, તે દિવસે તને દ્રવિત કરી નાખનાર પરમેશ્વર તારી રક્ષા કરવા માટે અશ્વ લઈને આવી ગયા છે ! કેવી વિપત્તિ છે ? મારે માટે, મારાં જૂઠાણાંને ખાતર, મારા આધારહીન મનને ખાતર ઈશ્વર, મારા ગુરુ મને સાથ આપીને જૂઠાણાંને સત્ય સાબિત કરવા માગે છે ? મેં જે ધન આપ્યું નથી એના અશ્વ આવશે ક્યાંથી ? મારે માટે, આ અલ્પ જીવને માટે સમસ્ત લોક મિથ્યાને સત્ય સાબિત કરવા માટે આવ્યા. નિષ્કલંક ધર્મ, મારી અલ્પ બુદ્ધિના સંકુચિત વ્યવહાર અને અહંને સાથ આપે ? સર્વેશ્વરની લીલા મારા જૂઠની

સાક્ષી બને તો એ.....એ.... મારી જીભ નથી ચાલતી.... !

વાદવૂરાનનાં શરીરનાં બંધનો છેદાઈ જાય છે. એમને પૂર્વવત્ સન્માન આપવામાં આવે છે. પણ એ જ બોજો બનીને એમના જીવન પર પડે છે. એમનો કંઠ સુકાઈ ગયો; હૃદય ઊકળવા લાગ્યું; પુનઃ પુનઃ અસહ્ય વેદનાને લીધે અંતઃકરણ સળગવા લાગ્યું. એમની વેદના સમગ્ર વિશ્વની વેદના બની ગઈ. મદુરાઈ મહાનગરીની વેદના બની ગઈ. પ્રવાહની માફક. તટની સીમાઓને ઓળંગી ગઈ. આખું મદુરાઈ એ પ્રવાહમાં ડૂબી ગયું. શૈયામાં પડેલું વાદવૂરાનનું શરીર. એમની વેદના વિશ્વવ્યાપી બની ગઈ, આખા બ્રહ્માંડમાં વ્યાપી ગઈ.

અડધી રાતે રુદ્ર સાત્તનારના પરિચારકોએ એના શરીરને બાંધી દીધું. બંધનની અનુભૂતિની અવસ્થાની પાર એ હતા. વેદનાના પ્રવાહે એમને અને એમના પ્રપંચને પોતામાં લીન કરી દીધા.

મધ્યાંતર

સેનાવરૈયર :

વૈગાઈ નદીમાં આટલું પૂર આવ્યું છે, કોને વિશ્વાસ બેસે ? ક્યારેક - ક્યારેક નજરે જોયેલી ઘટનાઓ પર અવિશ્વાસ ઊપજે છે. આ પેલી તરફ એ ટોપલી માટીની નાખી દો.

ઈલંપૂરણર :

આપે કહેલું કે અશ્વ શિયાળ સમાન છે. આપને મંત્ર સિધ્દ છે શું ? પાંડ્યના અશ્વાગારમાં શિયાળવાં ક્યાંથી આવ્યાં ? તલૈયાલગનના યુધ્દમાં પિશાચોએ નૃત્ય કરેલું. તે દિવસનું એ ભયંકર ગર્જન પણ આજની ચીસ સમાન નથી ? ચીસ કાલપાશની જેમ નાડીમાં ચોંટી ગઈ. શબ્દ સાંભળતાં જ નગરમાં કેટલાં મૃત્યુ થઈ ગયાં !

અડિયારકકુનલ્લાર :

વાતો બંધ કરો. ઘૂંટણ સમાણા જળમાં ઊભા છો. આજ વૈગાઈનું પૂર સત્ય છે, તો એ શિયાળવાં પણ સત્ય છે. આ તો ઈંદ્રિયગોચર તત્ત્વ છે. આ બધાની પાછળ કોઈ રહસ્ય....

ગુમચર :

રુદ્રસાત્તનની આજ્ઞાનુસાર વાદવૂરાનને બંદીવાન બનાવવામાં આવ્યા છે. એને પકડયો એ પૂરતું નથી. મહાવતને પણ પકડવો પડશે.

ત્રણે :

આ મહારાજની આજ્ઞા નથી. એ આ જાતની આજ્ઞા ન આપી શકે. હાય, પૂર વધી રહ્યું છે. મોજાં જુઓ શિવના હાસ્યની જેમ લહેરાતાં....

સોકકન

આલવાય મેટ્યન, સંસારને પોતાની તરફ આકર્ષિત કરનાર સોકકન ખેલી રહ્યો

છે. જીવાત્માની વેદનાને નકારતો ખેલી રહ્યો છે. અંગયરકણ્ણીની આંખોમાં સ્નેહ અને ગાલમાં ખાડા દેખાય ત્યાં સુધી ખેલતો રહ્યો. વૃદ્ધના જેવું રૂપ ધારણ કરીને, જ્ઞાનોપદેશનો ઢોંગ રચીને, મોહમાં ફસાયેલા જીવને એક બંધનમાં નાખીને ખેલ જોતો રહ્યો. ઈશ્વર ખેલ ખેલી રહ્યો. વાદવૂરાન એનું રમકડું બની ગયો. ઈશ્વરને માટે આખો પ્રપંચ વાદવૂરાન બની ગયો. પ્રપંચમાં એની દૃષ્ટિ વાદવૂરન પર પડી. અખંડ બ્રહ્માંડ અને અનંત કોટિ જીવરાશિ અને તમસ નિદ્રામાં લીન જડ ભૂતલ પર પડનારી એની દૃષ્ટિ વાદવૂરાનના સ્વરૂપ પર પડી. એ કંઈ એને સહી શકે ?

હા, એ કારણે જ વાદવૂરાનના હૃદયમાં વેદના જન્મી. સોક્કન ચોંકી ગયો. ખેલ બગડી ગયો. એના મનમાં પણ વેદના જાગી. અંગયરકણ્ણની આંખો માછલીની જેમ તરવા લાગી. ગાલમાં ખાડા પડી ગયા. બિંબાધર હોઠ ખીલી ઊઠ્યા. વક્ષસ્થલ ઉન્મત્ત બની ગયાં. દેવી હસવા લાગી, ઈશ્વરના કૃત્ય પર ઉન્મત્ત સોક્કન વેદનાથી હસવા લાગ્યા. હાસ્ય નાભિકમલથી છલકાવા લાગ્યું

ઈશ્વરના હૃદયમાં વેદના હતી. ઇશ્વર વાદવૂરાન બની ગયા. એનું દુઃખ આનું (ઈશ્વરનું) દુઃખ બની ગયું. જીવની જવાબદારીમાં ફસાઈને એની લેણદેણની સમસ્યાનો અનુભવ કરીને, એનો બોજો ઉપાડવા લાગ્યા. ઈશ્વરની ગરદન લથડવા લાગી. કેટલો ભાર છે ! એની આંખો ઢળી પડી.

એની વેદના જોઈને અંગયરકણ્ણી હસી રહી છે. અખિલ બ્રહ્માંડ એની સાથે ઈશ્વર પર હસી રહ્યું છે. વાદવૂરાનના રૂપે ઈશ્વરની વેદના વધી ગઈ. એનું કાલાતીત સર્વવ્યાપી હૃદય દુઃખી થઈ ગયું, વીફર્યું, છલકાવા લાગ્યું. એ વાદવૂરાનના રૂપમાં સળગવા લાગ્યા. મિથ્યા અશ્વો દેખાડીને છેતરવાને કારણે એણે પણ એ મનુષ્યની માફક સજા ભોગવવી પડશે. વાદવૂરાન એની સમીપ આવી શકે તો એ સ્વયં એની સમીપ જવાને યોગ્ય બની શકે. વેદનાથી ગરદન ઝુકાવીને આલવાય ગર્ભગૃહમાંથી એક આકૃતિ બહાર આવી. ઈશ્વર બહાર આવ્યા. ચારે તરફ નજર નાખી. પૂરનો પ્રકોપ સર્વત્ર હતો. મદુરાઈ નગર ઓળખાય તેવું રહ્યું નહોતું. ઈશ્વર ચાલી નીકળ્યા. ઈશ્વર હસી પડ્યા. ઈશ્વર પાણીમાં તરવા લાગ્યા. અંગયરકણ્ણી હસતી રહી. પૂર વધારે ઊગ્ર બન્યું. માનવજાતિ દુઃખમાં જ એક બને છે. અજાણતાં જ મુક્તિની અવસ્થા પ્રાપ્ત કરે છે. તે રાતે એ નગરની અવસ્થા એવી જ હતી. હાથી, બળદ, મનુષ્ય, રાજા રંક સૌ તે દિવસે ભરતીને ખાળીને નગરના રક્ષણના ઉદ્દેશથી અંધારામાં પાવડો ચલાવતા રહ્યા. માટી ગળતી રહી. ફરીથી માટી નાખી, ફરીથી ગળી, ફરીથી નાખી.

તે રાતે બે જીવ બે પ્રકારનાં દુઃખથી સંતપ્ત હતા. વાદવૂરાન પોતાના અસત્યને સત્ય સાબિત કરનારા ઈશ્વરની કરુણાને સહન કરી શકયા નહિ. માટીમાં પાવડા ચલાવનારી અનંત કોટિ પ્રજાના પ્રયાસને એની વેદનાએ શોષી લીધા. પરિશ્રમ કરનારાને ભોજન આપવા માટે એક અનાથ ડોસી સાથવો વહેંચવા આવી રહી છે.

એ ડોસી છે. એનો કોઈ આધાર નથી; સંબંધી નથી. સાથવો અને સગડી બંને સાથે એને સંબંધ છે. નિરીક્ષણ માટે આવનાર કર્મચારી ભૂખ શમાવવા માટે સાથવાવાળીની સમીપ આવ્યા. એની સગડીમાં સળગતો અગ્નિ એના પેટમાં પણ નાંખવામાં આવ્યો. એના મુજબ મદુરાઈના પ્રત્યેક રહેવાસીને માટી નાખવાની છે. એના ભાગમાં પણ થોડી ભૂમિ છે. એ શું કરે ? સગડી જુવે કે આ અંધકારમાં કોઈ વ્યક્તિને ઢૂંઢતી ફરે ? અંધારામાં 'આચ્ચી' કહીને કોઈએ બૂમ પાડી : એમાં સ્નેહ હતો. વેદનાથી સંતપ્ત ઈશ્વરનો સ્વર છે !

"કોણ છો બેટા, સાથવો જોઈએ છે ?" આચ્ચીએ પૂછ્યું.

"આચ્ચી, સાથવો બનાવી રહી છે ? સારો તો હશે ને ?" ઈશ્વર બોલ્યા.

"શું છે બેટા, અહીં આવ. તને અજવાળામાં જોઉં. મારા પૌત્ર જેવો લાગે છે. આવ. અહીં બેસ, તારા ભાગનું કામ કરી આવ્યો ? મારે માટે ચાર હાથ ભૂમિ મપાઈ ગઈ છે. તું બે ટોપલી ભરીને માટી નાખી દેજે. મોટો ઉપકાર થશે," ડોસીમાએ કહ્યું.

"મને શું આપશો, આચ્ચી ?"

"મારી પાસે ધન ક્યાં છે ? અત્યાર સુધી પ્રત્યેક વ્યક્તિ ઉધાર લઈ ગઈ છે. તને પણ સાથવો આપીશ."

"આચ્ચી, તમે બહુ જ ગરીબ છો."

"આ પણ કંઈ વાત છે ! તમારા નગરમાં ધનવાન સાથવો વેચે છે ?" ડોસી હસી. ચારે તરફ શિળાળવાંના ચિત્કારથી ભરેલા પ્રદેશમાં અનાથ ફસાયેલા જીવનું દુઃખ એ હાસ્યમાં ફેલાઈ ગયું.

"તમે તો નિર્ધન છો; મારી ભૂખનો અંત નથી. ઠીક છે. સાથવાનો ચૂરો મારે માટે કાઢી રાખજો. હું તમારા ભાગની માટી નાખું છું. પણ મને ભૂખ લાગી છે. એક ટોપલી નાખીને તરત ચાલી આવીશ."

"આ લે...."

"હમણાં નહિ, આચ્ચી, પાછાં ફરતાં... ઈશ્વર પાછો પૂરમાં તરતો તરતો ગયો. પુનઃ જલમાં ક્રીડા કરવાની ઈચ્છા થઈ. પણ સાથવાની ઈચ્છાએ જીભને બાંધી લીધી. એક ટોપલી માટી નાંખી દીધી. અડધું પૂર સુકાઈ ગયું. પણ જલનો પ્રવાહ મનુષ્યો દ્વારા બંધાયેલા બંધ સાથે અથડાતો રહ્યો.

"આચ્ચી, એક ટોપલી નાખી દીધી છે. ભૂખ લાગી છે. સાથવો આપોને !" પૌત્ર! ઈશ્વરે જ તને મોકલ્યો છે. તું ભાગ્યશાળી છે. બધો સાથવો ચૂરો થઈ ગયો છે. જો કેટલી વ્યક્તિ પ્રતીક્ષા કરી રહી છે."

"છોડો ને, પહેલાં આ વસ્ત્રમાં સાથવો નાંખી દો. મોડું થાય છે. માટી નાખીને પૂરને ખાળવું છે."

"હાં, હાં, સવાર થશે. રાજા આવ્યા...."

"હાં, હાં."

ઈશ્વર એક જ કોળિયામાં સાથવો ગળી ગયા અહા, કેટલો સ્વાદિષ્ટ છે ! અનંત સુખ ! એક જ છલાંગમાં ટોપલીભર માટી નાખીને પૂરમાં કૂદી પડયા. અસુરની ભૂખ સમાન ઊછળતા પૂરમાં માછલીની જેમ તરવા લાગ્યા. પૂરમાં ફેણ ઉઠાવીને ફૂંફાડા મારતા નાગની જેમ તરવા લાગ્યા. ક્યારેક યોગીજી માફક આસનસ્થ થઈને તરવા લાગ્યા. પાછો મગરની જેમ તટ તરફ ધકેલાઈ જતા. કયારેક હાથોને શિરની ઉપર ઉઠાવીને શિરના બળથી પાણીમાં પ્રવેશતા. લોકો ડરતા, ક્યાંક ડૂબી ન ગયો હોય, ત્યાં એનું શિર અચાનક પ્રગટ થઈ જતું. પાછો સર્પની માફક ફૂંફાડા મારતા પાછા ફરતા.

પ્રકાશ આવવા લાગ્યો. પૂરનું જોર આછું થઈ ગયું હતું. તટમાં ઊભેલી ભીડ જોતી રહી. સૂર્યનાં પ્રથમ કિરણો પૂરનાં મોજાં પર ઈંદ્રધનુષ જેવાં ફેલાઈ ગયાં. અરિમર્દન પાંડ્યના મુકુટ પર, રાજકીય હાથીના આભૂષણ પર જડેલા હીરા પર પડીને ચમકવા લાગ્યાં.

મહારાજા તટની સમીપ હાથી પર બિરાજીને બંધને જોતા, નિરીક્ષકોની સૂચના પર ધ્યાન દેતા ચાલ્યા આવતા હતા. દૂર એક તૂટેલો ભાગ દેખાઈ ગયો. મૂછોને તાવ દેતા એ સ્થાન સુધી હાથીને હાંકી ગયા. મહાવત અંકુશના પ્રહારથી હાથીને દોડાવતો એ સ્થાન સુધી લાવ્યો.

અરિમર્દન પાંડ્યન ભૂમિ પર ઊતરી પડયા નિરીક્ષક હાંફતા હાંફતા નોંધપોથી તપાસીને કહે, "સાથવાવાળી ડોશીનો ભાગ."

એકત્રિત ભીડ એકસ્વરે બોલી ઊઠી, "જળમાં ક્રીડા કરવાવાળો જવાબદાર છે." મહારાજે તાળી વગાડીને સંકેતથી એને બોલાવ્યો. ઈશ્વર નાગની માફક તટ સુધી આવ્યો. દોડતો મહારાજની સમીપ આવી ગયો.

ક્રોધથી મહારાજે કહ્યું, "માટી નથી નાખી અને સમય ખોટો વેડફે છે ? આળસુ કયાંનો !"

ભીના વાળને ખસેડતાં ઈશ્વર હસ્યો, કંઠનો તલ સૂર્યના પ્રકાશમાં ચમકી ઊઠયો. ઈશ્વર ફરીથી હસ્યો.

મહારાજ ગુસ્સે થઈ ગયા. ભીડને ખસેડનાર કર્મચારીના હાથમાંથી સોનાની છડી લઈ લીધી, એક વાર પ્રહાર કર્યો. સોનાની છડીએ ઈશ્વરના મુખ અને છાતીને લાલચોળ કરી મૂક્યાં.

રાજાનો ક્રોધ શાંત ન થયો. પુનઃ હાથ ઉપાડયો. ઈશ્વર ઊંચે સ્વરે હસ્યો. એ જળમાં કૂદી પડ્યો. મહારાજનો ક્રોધ અદૃશ્ય થઈ ગયો. ઈશ્વરની રક્ષા કરવાના ઉદ્દેશથી એને પકડવા કૂદી પડયા. ઈશ્વરના ઉત્તરીયની ગાંઠ હાથમાં આવી ગઈ. ઈશ્વર જળમાં લીન થઇ ગયા. મહારાજ પણ એની પાછળ જળમાં અદૃશ્ય થઈ ગયા. પૂર સૂકાવા માંડયું. પ્રલય સર્વેશ્વરના હિરણ્યગર્ભમાં સમાઈ ગયો.

કીચડમાં અરિમર્દન પાંડ્યનું શબ પડયું હતું. ભીના કાદવમાં લાવણ્યપૂર્ણ મહારાજનું શબ પડ્યું હતું. એમના મુખ પર લાલચોળ ઘા હતા.

મૂઠીમાં હસ્તાક્ષરમાં એક પ્રાપ્તિ-પત્ર. ઈશ્વરને અશ્વની પ્રાપ્તિ પછી અપાયેલું પ્રાપ્તિ-પત્ર.

મધ્યાંતર

ઈલંપૂરણર :

એ મારી નાખનાર હતો તો શું થયું ? હૃદયમાં સાહસ હોત તો પાણીમાં તર્યો હોત. મદુરાઈ નગરમાં કેટલા શૂરવીર છે ! એના પગનાં આભૂષણોનો સ્વર પણ કેટલો પૌરુષપૂર્ણ છે. એ બધા માટી નાખી રહ્યા હતા. કેવળ એ જ એકલો પૂરના પ્રકોપને પોતાનામાં સમાવતો હોય તેમ તરી ગયો. એને મારવાનું ઉચિત નહોતું.

અડિયાર કકુનલ્લાર :

અંધકારમાં જે ભય છવાઈ ગયેલો તે હવે નથી. પૂર પણ ઘટી ગયું છે. સીમાઓ દૃષ્ટિગોચર થવા લાગી. એ કયાં છે ? અરિમર્દન પાંડ્ય કયાં છે ?

સેનાવરૈયર :

અશ્વ કયાંય ચાલ્યા ગયા. પૂર કયાંય ઊતરી ગયું, પણ પૂરમાં તરી જનારો જયાં છે ત્યાં અરિમર્દન પાંડ્ય ચાલ્યા ગયા.

અંગયરકણ્ણી

મદુરાઈ નગરના ગર્ભગૃહમાં મણિનિર્મિત હિંડોળા પર એક કાળી કોયલ ઝૂલી રહી હતી. દીપકરહિત પ્રકાશમાં, ઈંદ્રિયાતીત તેજમાં મણિનિર્મિત ઝૂલો ઝૂલી રહ્યો છે. ગૂંચળિયાળો કેશરાશિ અંધકારમાં લીન થઈ ગયો હતો. ઠેસ મારતાં ચરણો થરકી રહ્યાં હતાં. છાતી હર્ષને કારણે પ્રફુલ્લિત થઈ રહી હતી - દેવી હિંડોળા પર ઝૂલી રહી હતી. આલવાય ઈસન અલગન સોક્કનની પ્રતીક્ષામાં ઝૂલી રહી હતી. ખભા ઝુકાવીને સળિયાને એણે જે રીતે પકડી રાખ્યા હતા, એવું લાગતું હતું જાણે સોક્કનને આલિંગનમાં જકડીને પોતાનું મુખ ધીરેથી દેખાડી રહી છે. અંગયરકણ્ણીના અધરો પર આછો મલકાટ, શરીરમાં હલકી લચક, આંખોમાં કૌતુક, હૃદયમાં સંતોષ. દેવી ઝૂલતી રહી. અખંડ બ્રહ્માંડ અને સંપૂર્ણ ચરાચરના ભેદને પોતામાં લીન કરવા માટે.

એ પ્રકાશમાં, એ અંધકારમાં, એ સંતોષમાં સોક્કન પાછો ફર્યો. મોઢા પર ઘા, છાતી પર ઘા, પણ હૃદયમાં સંતોષ. ક્રીડા માટે ગયેલા ઈશ્વર પાછા આવ્યા. ક્રીડાનું પરિણામ પણ એ ભોગવી પાછા ફર્યા.

દેવીએ લજજાથી આસક્ત થઈને પ્રસન્ન હૃદયથી ઈશ્વરને જોયા. આખા વિશ્વને આકર્ષિત કરનારા ઈશ્વરને એ દષ્ટિએ આકર્ષિત કરી લીધા. એ સ્વયં ઈશ્વરની છાતીએ વળગી પડી. અસીમિત ઈચ્છાની તીવ્રતાને કારણે બંને નાગસર્પોની માફક એકમેકમાં ગૂંથાઈ ગયાં. દેવીનું હૃદય છલકાયું. ઈશ્વરની વેદના સમાપ્ત થઈ ગઈ.

મણિનિર્મિત હિંડોળાની ગતિ વધી ગઈ. જમણી બાજુ પોતાની અર્ધાંગના દેવીને બેસાડીને ડાબા હાથથી સળિયાને પકડી એ ઝૂલતા રહ્યા. પગની નીચે કાચબાની પીઠ જરા આડી થઈ ગઈ. ક્રૂરતાને સ્થાને એના હોઠ પર હાસ્ય છવાઈ ગયું. જમણા ભાગમાં સ્થિત દેવીના ડાબા હાથે સળિયા પકડી લીધા. એની આંગળીઓ ઈશ્વરની આંગળીઓ સાથે ગૂંથાઈ ગઈ. "મારવાનું પરિણામ છે સિંહાસનને બદલે હરની ગોદ." દેવીએ કહ્યું. એમની ગોદમાં અરિમર્દન પાંડ્યન શિશુવત બેઠેલો હતો; નિશ્ચિંત. "વાદવૂરાનના ચિત્તની" વેદના સમાપ્ત નથી થઈ. રસ્તો પણ લાંબો છે," ઈશ્વરે કહ્યું.

સુવર્ણ છડી

ઈશ્વરના મુખ પર સોનાની છડીનો પ્રહાર. એની છાતી પર પ્રહાર. પછી એ અખંડ વિશ્વ પર પડયો. ઘૂમતા ગ્રહો પર, ગર્ભવતી જીવરાશિઓ પર, ગર્ભસ્થ જીવો પર, માટી પર, ત્રણે ભુવનના એક છત્ર અધિપતિ રાજા પર, મલકાતી પ્રેમિકા પર, પ્રેમ પર, વિચાર પર, શિશુ પર રમકડાં પર, સત્ય પર, ધર્મ પર આ પ્રહાર કરવામાં આવ્યો. કાળ પર, ધર્મદેવની તલવાર પર, મૃત્યુ પર, જન્મ પર, માયા પર, નિરાકાર ઈશ્વર પર, વાદવૂરાન પર, વાદવૂરાનની વેદના પર, એની ઈચ્છા પર, એની ભક્તિ પર એ પ્રહાર કરવામાં આવ્યો.

સદાબહાર ફૂલ

એનું નામ સરસૂ; એક બ્રાહ્મણ કન્યા. સમાજે કદાચ વિચાર્યું હશે કે એના નામને અનુરૂપ એનું વ્યક્તિત્વ પણ હોવું જોઈએ. સત્તર વર્ષમાં જ સમાજે એને શ્વેતાંબરા બનાવી દીધી, કારણ કે એનો પતિ મોત સાથે સંબંધ બાંધી ચૂકેલો. એમાં સમાજ શું કરે ?

સરસૂ એક હરતી ફરતી કવિતા હતી. પ્રકૃતિની કૃપાથી ખીલતું યૌવન; જંગલના વેરાનમાં ખીલતું ગુલાબ કરમાઈ જાય તો લોકોને ચિંતા નહિ થાય. પણ બગીચામાં, સુખોના આ સંસારમાં જો કોઈ એકલું રહી જાય તો એની ચિંતા થવી સ્વાભાવિક છે. શા માટે ? કુદરતી જરૂરિયાતોને સંયમિત કરીને એ વૈરાગી જીવન જીવી રહી છે. એ પવિત્ર છે. સમાજ જો એને કોઈ નિષેધપત્ર આપે તો એ એની તૃષાનો. શું એને આ સમાજમાં અધિકાર નહિ મળે ? એની દશા શી છે ? સામ્રાજયની પ્રજા જેવી ? સમાજ શું કરશે ? બસ, વેદમાંથી પ્રમાણો ટાંકી દેશે ! નહિ તો પછી ધર્મશાસ્ત્રોમાંથી ઉદાહરણો સંભળાવશે !સરસૂ કંઈ જ જાણતી નથી. એ એક હિંદુ નારી છે. માતાપિતાએ લગ્ન કરાવ્યાં. પતિએ જીવનનું થોડુંક સુખ આપ્યું અને તરસ છીપે તે પહેલાં નહેરના પાણીની જેમ એ કયાંય વિલીન થઈ ગયો. એ ફરીથી આ સંસારમાં જોવા પણ નહિ મળે. પણ... જોવા મળે તો પણ શું ? નિયમો બનાવનારા બુઝુર્ગો એના પતિની સાથે અજ્ઞાતલોકમાં છે. સરસૂ માતાપિતાની વિરુદ્ધ ન જઈ શકે. એ પણ છોકરી તો છે ! સમાજે કહી દીધું કે લજ્જા એનું ભૂષણ છે. એ શું કરી શકે : એ ભણેલીગણેલી તો છે નહિ. ચાર વાતો સમજીને પોતાની મેળે નિર્ણય લેવાની એને આવડત નથી. પ્રાકૃતિક આવશ્યકતા પાશવી શક્તિ તો નથી બની શકી. બની શકી હોત તો સમાજ એને ગાળો પણ આપી શકત.

કદાચ એવું સમાધાન આપી શકાય કે દરેક તંત્રમાં અલ્પસંખ્યાઓની આવી જ દશા થાય છે. સમજણ તો સારી છે. સરસૂની ભાવનાઓને અધિકાર નથી. - એ અપવાદ છે.

સરસૂ રોજ સવારે આગાશીમાં વાળ સૂકવવા આવે છે. માતાપિતાના સ્નેહે એના વાળને કપાવી નાખીને એના સ્ત્રીત્વને ઉપહાસપાત્ર ન બનાવ્યું. વાળ જો કપાઈ પણ ગયા હોત તો પણ એ કદાચ ચિંતા ન કરત અને જીવવાની સુવિધા જ ન મળે તો પણ વાળનો મોહ રાખીને શું કરવાનું ?

એને જોઈને ગમે તે પીગળી જાય. એની આંખોમાં કાયમ દીનતાનો ભાવ

દેખાતો. એ હસતી, બોલતી પણ એ બધાંની પાછળ શોકની છાયા છુપાઈ રહેતી.

શું તમે બ્રહ્મચર્ય પાળ્યું છે ? જો તમારી પાસે બ્રહ્મચર્ય સંબંધી કોઈ બીજો વધારે સારો ઉદ્દેશ ન હોય તો એ તમને સાવ પશુ જેવા બનાવી મૂકશે. પણ આ વણમાગ્યા કુંવારાપણાની વિવશતાનું શું ?

તે દિવસે સરસૂના ભાઈ દુરૈસ્વામીની સુહાગ રાત હતી. ભાઈ તરફનો હિંદુ સ્ત્રીનો એક ભાવજન્ય મોહ, એને ઘરમાં છવાઈ રહેલો એક સુખદ ઉત્સવનો ઉત્સાહ, સરસૂની ખુશીનાં નિમિત્ત હતાં.

બપોર પછી રાત પડી. શહેરમાં અંધકાર અને ઘરમાં પ્રકાશ.

ઘરમાં પ્રકાશ: પણ સરસૂના હૃદયમાં ? એના માનસપટ પર કેટલાંય સ્મરણો સળવળવા માંડયાં. આ જ રીતે ત્રણ વર્ષ પર પહેલી જ વાર એને.... કોને ખબર એ શું વિચારતી રહી. ધીમે ધીમે એને ત્રણ વર્ષ પહેલાંની એ રાતના નાના નાના આનંદો, નાની નાની ઘટનાઓ યાદ આવવા માંડયાં. પહેલાં તો એ પણ કેટલા શરમાયેલા.... પછી પૂરા હક્કથી..... એને કયાં ખબર હતી કે એની જિંદગી આટલી જલદી સમામ થઈ જશે ? એ રાતે , તો એને બધા જ આનંદો શાશ્વત લાગ્યા'તા.

દુરૈસ્વામી અને એની પત્નીને શયનખંડમાં લઈ ગયા. ઘરમાં કોલાહલ વધતો જ ગયો.

એ પોતાનો આવેશ કાબૂમાં ન રાખી શકી અને પછવાડે ચાલી ગઈ.

હું પણ એની પાછળ ગયો. એની સ્થિતિ હું બરાબર સમજી શકતો હતો. એના પર દયા આવી ગઈ એટલે... પછી તેમાં કોઈ છોકરીનાં ધ્રૂસકાંનો અવાજ સંભળાયો - પાસે ગયો. એ જ હતી. "સરસૂ..."

કંઈ જવાબ ન મળ્યો. વધારે નજાક જઈને એના ખભા ઉપર હાથ મૂકયો. એ ગૂપચૂપ રડતી જ રહી. આખું શરીર હલતું હતું.

"સરસૂ, હજી હું તો છું પછી ભય શાનો ?" મેં કહ્યું.

"હું હિંદુ સ્ત્રી છું." એ તરત અંદર ચાલી ગઈ.

હું ચમકી ગયો. શું હિન્દુ સ્ત્રીને જીવવાનો અધિકાર નથી ?

કોણ જાણે કેટલીય વાર એમને એમ ઊભો રહ્યો.

એ પાછી આવી.

"સરસૂ મને માફ કર. મારા કહેવાનો અર્થ તું સમજી નહિં. હું તારી સાથે લગ્ન કરવા માગું છું. મેં કહ્યું, "તમે સિધ્ધાંતને ખાતર ત્યાગ કરવા માગો છો. મારે એ ન જોઈએ. વધારેમાં વધારે તો તમે મને યોગ્ય પાત્ર અથવા તો પછી ત્યાગની વેદી સમજશો. મને એની જરૂર નથી. હું પ્યાર નથી ઈચ્છતી, ત્યાગ પણ નહિ. મને સ્નેહ જોઈએ છે..."

"એ તો હું જોઈ શકું છું." મેં કહ્યું, એની પાસેથી આટલી અપેક્ષા નહોતી.

"તો હું લગ્ન કરવા નથી માગતી. તમારો સ્નેહ મળે તે પૂરતું છે." એણે માથું ઝૂકાવી દીધું.

"એવું શા માટે કહે છે સરસૂ ? ગુપ્તતા તો પાપ છે. લગ્નથી એ ટાળી શકાશે."

"હું તમારો ત્યાગ નથી માગતી. સ્નેહ માગું છું."

"તું વેશ્યા છે."

"હું તમારી ત્યાગની વેદી પર બલિ બનવા નથી માગતી. તમને તો સન્માન મળશે. લોકો તમારા સાહસની પ્રશંસા કરશે. તમને એની જ અપેક્ષા છે. હું વેશ્યા નથી - એક સ્ત્રી છું. પ્રાકૃતિક આવશ્યકતાઓની પરિતૃપ્તિ કરવા માગું છું," એ બોલી. મારું મન વિચલિત થઈ ગયું. બહાર નીકળી ગયો....

બીજે દિવસે એની લાશ કૂવામાં તરતી હતી. એની સાડીના છેડાની ગાંઠમાં બાંધેલા એક ભીના કાગળ જેવું મેં ધારેલું, અક્ષર ફેલાઈ ગયા'તા.

ગર્ભપાત

ટેલિફોનની ઘંટડીથી કાન ઝણઝણી ઊઠયા. શ્રીમાન સુંદરમ પિલ્લૈએ મુંબઈ સરકારની વિદ્યુત યોજનાના વિજ્ઞાપનપત્રના ત્રીજા પાનાના ચોથા ફકરાનો અનુવાદ કરીને 'છે' શબ્દ લખતાં વાક્ય સમાપ્ત કર્યું. ટેલિફોનની ઘંટડી વાગતી રહી. ટેબલ પર રાખેલા કાગળોને કંપોઝીંગ રૂમ સુધી લઈ જતા વડિવેલુએ સહસા પાછા આવીને રિસીવર ઉઠાવ્યું. "હેલો, કોણ છો ?" એના સ્વરમાં શંકા હતી.

"આ મહાન યોજના માત્ર મુંબઈ પ્રાંતને માટે જ નથી. પરંતુ...." ટાંકેલા કાગળોમાં આંખો ખોડીને બેઠેલા શ્રીમાન સુંદરમ પિલ્લૈને 'સર, ટેલિફોન' કહેતાં રિસીવર પકડાવ્યું.

પિલ્લૈએ ખૂબ સાવધાનીથી કલમ ટેબલ પર મૂકી. ફાઈલને ટેબલ પર ટેકવી. એક બાજુ ઝૂકીને પોતાની થેલીમાંથી રૂમાલ શોધવા લાગ્યા. રૂમાલ ત્યાંથી ન મળ્યો. અંતે પેપરવેટની નીચે દબાયેલા રૂમાલથી માથાનો પરસેવો લૂછ્યો. શર્ટની બાંયોને ઊંચે ચડાવતાં "કોણ ? શું કહ્યું ? વાર્તા ? શું વાત કરો છો ? આજ સાંજે ? તૈયાર જ સમજો." કહીને મુંબઈ પ્રાંતની વિદ્યુત યોજનામાં ફરીને જોડાઈ ગયા. જો લગનથી કામ કરવામાં આવે તો ટાઈપ કરેલા કાગળો ટેબલ પર કયાં સુધી ટકી શકે ? સીધા કચરાપેટીમાં પહોંચી ગયા. "વડિવેલુ, પ્રૂફ," હુકમ કરીને "પાનદાન"-રંગ ઊડેલી મસાલાની ડબીને એમણે પ્યારથી નામ આપેલું – ઉઠાવીને પાન બનાવવા લાગ્યા. પાન બનાવવું એ એમને માટે એક રિવાજ નહિ મહાયજ્ઞ છે. જે રીતે દેવી દેવતાઓની સ્થાપનાને માટે દિશાઓ નક્કી કરવામાં આવી છે તેમ એમની પાનદાનીમાં પણ પ્રત્યેક સામગ્રીને માટે જુદાં જુદાં સ્થાન નક્કી છે. પણ એમ માનવું કે સામગ્રી નિર્ધારિત સ્થાન પરથી જ મળશે તો એ સરાસર બેવકૂફી છે. કારણ કે સુંદરમ પિલ્લૈની માન્યતા છે કે માણસની પાસે દરેક વખતે બધી સગવડો નથી રહેતી. એટલે એમને પોતે ખોટા પડે તેની વ્યથા નથી રહેતી.

દક્ષિણ દિશામાં એટલે કે યમરાજની દિશામાં ચૂનો સદા રહેતો – કયારેક ઢેફાંના રૂપમાં હોય તો એને પુન: પોતાના પૂર્વાશ્રમના રૂપમાં લાવવા પ્રયત્ન કરતા; પછી એક એક પાન ઉપાડીને એની દાંડલી કાઢતા, ચૂનો લગાડતા. પછી સોપારી અથવા એની જગ્યાએ જે કંઈ ચૂરો પડયો રહેતો તે ઉપાડીને નાખીને આખા પાનનું બીડું બનાવીને મોંમાં મૂકી દેતા.

પછી તમાકુની શોધ શરૂ થતી. સાધારણત: એ પાસે બેઠેલા સહયોગીને આધીન રહેતી. 'તમાકુ છે ?' શબ્દો દ્વારા એને ચેતવણી આપતાં આપતાં, પડીકું ઉપાડી લેતાં, પાછા આવીને પોતાની ખુરશી પર બેસતા. કાગળ ખોલીને બધી જ તમાકુ એકસાથે ચાવી જતા.

આ એમનો દૈનિક નિયમ. તે દિવસે એમના સહયોગીના ટેબલ પર જઈને એ જ કાર્યક્રમમાં તલ્લીન હતા.

"કેમ બંધુ, આવી પહોંચ્યા ? મારી પાસે પણ માત્ર એક વખત જેટલી જ બચી છે, મિત્ર," ચિડાતાં બોલ્યા. તમાકુ મોઢામાં નાખતાં સુધી પિલ્લેએ એની વાત પર ધ્યાન ન આપ્યું. "અરે, ખલાસ થઈ ગઈ ? હું મંગાવી આપું છું." કહેતાં પોતાના ટેબલ પર આવ્યા અને એક પુસ્તકમાં તલ્લીન થઈ ગયા. "સર, જરા પ્રૂફ તપાસી આપો. પેજ બનાવવાનું છે," વડિવેલુએ મનાવવાની રીતે કહ્યું. પોતાની એ રીતને એ 'સન્માન આપવું' કહે છે.

"અરે પ્રૂફ ક્યાં છે ? જરા લાવી તો આપો" પિલ્લૈ ઘૂરક્યા; એમના ધ્યાનમાં વિઘ્ન પડયું ! "હું તો ત્યારનો મૂકી ગયો 'છું" વડિવેલુએ પ્રૂફ હાથમાં પકડાવ્યાં. પિલ્લૈ ઝપાટબંધ ફકરા ઉપર ફકરા ફેરવતા ગયા. માત્રાઓ, વિરામચિહ્નો ઠીક કરીને હસ્તાક્ષર કરી આપ્યા. પછી વડિવેલુના હાથમાં એ પકડાવીને ફરીથી ચોપડીમાં લીન થઈ ગયા. ત્રણ વાગી ગયા. ફરીથી ટેલિફોનની ઘંટડી વાગી.

"હલ્લો કોણ ? આપ ? એક કલાકમાં છોકરાને મોકલી આપો... કેટલાં પાનાં છે ? ચાર ? હા થઈ જશે.... લેડ આઉટ કરી નાંખો... તો હું જાતે જ લેતો આવીશ; છોકરાને મોકલી આપ્યો છે ? તો અહીં જ મળીશ" કહેતાં કલમ અને કાગળ ઉપાડી લીધાં.

કલમ ખોલીને, સફેદ કાગળ પર આંખો ખોડીને, લખવાની મુદ્રામાં બેસી રહ્યા.

ઠીક ન લાગ્યું. ટેબલ પર કાગળ અને કલમ પછાડીને આંગળીઓના ટાચકા ફોડ્યા. પછી બગાસું ખાધું. ટેબલ પર મૂકેલાં કાગળ અને કલમ એમના હાથમાં ચડીને ફરીથી સ્વસ્થાને ગોઠવાઈ ગયાં. ટેબલનું ખાનું ખોલીને ફરીથી પિલ્લૈ પાન બનાવવા માંડ્યા.

તમારા સુધી પહોંચતાંમાં સ્ફૂર્તિ આવી ગઈ.

ટેબલ પર રાખેલી સામગ્રી ફરીથી હાથમાં આવી ગઈ. "એક નગરમાં એક રાજા હતો..." એટલું લખીને એમણે કલમ ટેબલ પર મૂકી દીધી.

થોડી વાર આમતેમ ફર્યા કર્યું. પછી થોડી વારે કહ્યું, "એ વાર્તાઓનો શોખીન હતો. પોતાના શત્રુ રાજાની પાસે દૂત મોકલીને પૂછાવ્યું કે એને શું વાર્તાઓ કહેતાં આવડે છે ?" સુંદરમ્ પિલ્લૈ ટેબલ પર કલમ વગેરે નાની વસ્તુઓ રાખીને બહાર વરંડામાં આવ્યા અને પાનની પિચકારી છોડીને મોઢું સાફ કર્યું. એક ગ્લાસ પાણી પીને ફરીથી કલમ ઉપાડી." "એના મંત્રીને વાર્તાઓ જરા ય ગમતી નહોતી. વાર્તાના

શોખને લીધે પોતાનું આખું રાજય ખોઈને એ એક નાના નવાબ માત્ર રહેલા. મંત્રીએ રાજાને સમજાવવા માટે એક યુક્તિ અજમાવી. સરકારની નીતિ અનુસાર યોજના તૈયાર કરવા માટે એક વિશેષ સમિતિની સ્થાપના કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો..."

ફરીથી કલમ બંધ કરી, ઉપર ન કરી, પિલ્લૈ વિચારવા લાગ્યા.

"એ વિશેષ સમિતિ માટે બ્રિટનથી કાયદાના મામલામાં અનુભવી વિશેષજ્ઞ, કથાશાસ્ત્રમાં પાંડિત્ય પ્રાપ્ત કરનાર વિદ્વાન, બ્રિટિશ રોયલ ચિકિત્સા સંઘના કોઈ ચિકિત્સા વિશેષજ્ઞને બોલાવવાનો નિશ્ચય કરવામાં આવ્યો.

"આ વિશેષ ખર્ચાને માટે રાજકીય ખજાનામાં ધન પર્યાપ્ત નહોતું. તેથી એ વાત પર વિચારવામાં આવ્યું કે આને માટે નવા કર લગાવવામાં આવે અથવા ઋણ લેવામાં આવે."

દરમિયાન મોટા રાજાને આ વાતની ખબર પડી ગઈ. એણે નાના રાજાને આદેશ મોકલ્યો કે સલ્તનતના નિયમો અનુસાર એમ કરવાનો એને કોઈ અધિકાર નથી.

"સારી પેઠે વિચાર કરીને મંત્રીએ આ સૂચનાને એમ ને એમ જ છોડી દેવાનું યોગ્ય માન્યું."

"મંત્રીની યોજના કાર્યાન્વિત થઈ શકે તે પહેલાં રાજાની ષષ્ઠિપૂર્તિનો શુભ અવસર આવી ગયો. મોટા રાજાએ નાના રાજાને સન્માનવા એક વાર્તાનું પુસ્તક ભેટ આપ્યું. એક લાખ પાનાનું પુસ્તક. 'પુસ્તક જોતાં જ નાના રાજાની આંખમાં આંસુ આવી ગયાં. એમને દુઃખ એ હતું કે એ પોતાની જિંદગીમાં, એ પુસ્તક પૂરું નહિ કરી શકે."

"કર્મચારી અને પ્રજા બંનેએ રાજા તરફ સહાનુભૂતિ દર્શાવી. માત્ર પ્રધાનમંત્રી ન રડયા. એ વૃક્ષની માફક અચળ રહ્યા."

"વૃક્ષની માફક..." વાક્યને ફરીથી અડધું લખ્યું.

વાર્તાને સ્વેચ્છાએ વધતી જોઈને સુંદરમ પિલ્લૈએ સંતોષનો શ્વાસ લીધો.

વાર્તાની દિશા જરા સ્પષ્ટ કરવા માટે પ્રધાનમંત્રીનો શિરચ્છેદ કરાવ્યો.

એ કાર્ય પૂરું કરીને એમને પાકો વિશ્વાસ આવી ગયો કે વાર્તાનો આત્મા મરી ચૂક્યો છે. એને જીવિત કરવા માટે પરમશિવને બોલાવવામાં આવે અથવા જાદુગરને બોલાવીને રાજાની પુત્રી સાથે એનું લગ્ન કરાવવામાં આવે - એ વિચાર જ કરતા હતા કે... "કેમ સાહેબ, પૂરી થઈ ગઈ ?" કહેતા સંપાદક ઓરડામાં ઘૂસી આવ્યા. "તમે તો છોકરાને મોકલવાના હતા." કહેતાં પિલ્લૈ ઊઠી ગયા.

"છોકરાની સાથે તમે જો એ મોકલી જ દેત....." વિચારતા મિત્ર ટેબલ ઉપર રાખેલા કાગળો વાંચવા માંડયા.

"બસ, આ ચાર પાનાં જ છે ? પોસ્ટરના અક્ષરોમાં છપાશે તોય ચાર પાનાં પૂરાં નહિ થાય. આનો અર્થ શું થયો ?

"તમે જ કહો."

"સારું, ચાલો, કોફી પીને આવીએ," મિત્રે કહ્યું.

"આવીએ શા માટે ? ત્યાંથી ઘરે જ જઈશું." સુંદરમ પિલ્લૈએ કહ્યું.

"ત્યાં જઈને લખશો ?" મિત્રે પૂછ્યું. "એ તો ત્યાં જઈને વિચારશું. હવે તમે ઊઠો તો !" પિલ્લૈ ખાનું બંધ કરવા લાગ્યા.

મિત્રે ટુવાલ ઝાટકીને ખભા પર નાખ્યો.

"જરા ઊભા રહો. પાન ખાઈ લઈએ, પછી જઈએ." પિલ્લૈ બેસી ગયા. પાનનો સમારોહ પૂરો થયો.

"બસ એક મિનિટ," કહેતાં અંતિમ પંક્તિ પૂરી કરી.

"રાજાએ મંત્રીને દંડ ફરમાવતાં કહ્યું કે એણે રાજાની વાંચેલી બધી જ વાર્તાઓ વાંચવી પડશે."

પિલ્લૈએ પૂછ્યું, "આ રીતે અંત લાવવામાં આવે તો કેવું લાગશે ?" "હવે ગમે તે રીતે અંત લાવોને મારી પાસે કચરાપેટી ઘણી મોટી રાખી છે," મિત્ર ધૂંધવાઈને બોલ્યા.

"એ તો મારી પાસે પણ છે." પિલ્લૈએ કહ્યું.

રાજા અને મંત્રી, અંગ્રેજીમાં ટાઈપ કરેલી પ્રાંતીય વિદ્યુત યોજના સાથે મરાળીને ફેંકી દેવામાં આવ્યા.

એક દિવસ વધારે.....

"કમલમ્, જરા લોટામાં પાણી ભરી લાવ તો ! પાનની ડબ્બીઓ ક્યાં છે ? કોઈ ચીજ પોતાની જગ્યાએથી મળે તો ને ?" મુરુગદાસર બબડવા લાગ્યા.

હાથમાં પકડેલી સાદડી પાથરવી જરા મુશ્કેલ કામ છે. કેટલા દિવસ વફાદારીથી કામ કર્યું પણ પેન્શન ન મળવાને લીધે એ વચ્ચેથી ફાટીને માત્ર છેડેથી જોડાયેલી હતી. જો એને પાથરવી હોય તો પહેલાં જમીન પર પાથરી ફાટેલા બંને કિનારાઓને સરખી રીતે જોડવા પડે છે. આ પહેલું કામ. પછી એ ખૂંચે એમાંથી બચવા માટે એના પર એક ટુવાલ અથવા પત્નીની સાડી અથવા દીકરીનો ઘાઘરો પાથરવો પડે છે.

મુરુગદાસર (એમનું ઉપનામ)ને માટે આ કામ બે માણસોનું છે. એમણે ફરીથી બૂમ પાડી "કમલા". રસોડું, કોઠાર, બાથરૂમ, ત્રણ ઓરડાઓ પછી આવેલા ઓરડામાંથી અવાજ પત્ની સુધી ન પહોંચી શક્યો. મદ્રાસમાં ચાલ જેવાં મકાનો ઘણાં દિલચસ્પ છે. મકાન માલિક ભાડૂતોને તિરૂક્કકૂડકુન્દમની સમડી માનતો હશે. "ભાડા પર બે ઓરડા ખાલી છે"........ બહાર લટકતા આ બોર્ડને ભરોસે મુરુગદાસર આ મકાનની શોધમાં આવેલા.

અંદર મકાનની બનાવટ અદ્‌ભુત હતી. આગળ એક બારીવાળો નાનકડો ઓરડો; પછી થોડાક ઓરડા વટાવીને એક બીજો ઓરડો; એ જ રસોડું છે. પહેલો ઓરડો વાંચવા, સૂવા તથા આંગતુકોના સ્વાગત માટે છે. પહેલાં મુરુગદાસરે આર્થિક બચતને ધ્યાનમાં રાખીને આ મકાનમાં આવવાનું સાહસ કરેલું. પણ એમણે ક્યારેય વિચાર્યું નહોતું કે એમની, અને પત્નીની વચ્ચે આ 'અંતર' આવી જશે. એમ તો એ વિચારે એવા પણ નહોતા.

બાજુમાં મૂકેલા ફાનસને લઈને એ રસોડા તરફ ગયા.

વચ્ચે બાથરૂમની આજુબાજુનું લપસણું; પાડોશીની છોકરીઓના ઢગ જેવી આપત્તિઓ વાળા 'બ્રોડવે' માંથી પોતાને જેમતેમ બચાવતા રસોડા સુધી પહોંચ્યા. રસોડાની બહાર ધુમાડો જ ધુમાડો હતો. "કમલમ્" આર્દ્ર સ્વરે પોકારતા અંદર આવ્યા.

ધુમાડાના એ પડદા પાછળથી "ઘરની પણ અજબ હાલત છે. ઓછામાં ઓછું લાકડાં તો સરખાં લાવવાં'તાં. પાણીમાં ભીંજવીને લાવ્યા છો કે શું ? સળગતાં જ નથી. હવે અહીં શું કરવા આવ્યા છો ? પોતાનાં લાકડાંને જોઈને ખુશ થવા આવ્યા છો કે શું ?" સ્વાગત - ભાષણ વંચાવા માંડ્યું.

"જરા માચિસ આપને ! એટલા માટે તો આવ્યો છું." પાછા વરંડા તરફ ફરવા માંડ્યા.

"અહીં માચિસબાચિસ નથી. અલમૂને મોકલી છે લેવા માટે. તેલીના દીવાને હવે તમે જ સાફ કરો !" કમલમ્ બોલી.

"છોકરીને રાતના ઘરની બહાર મોકલી ! હું આવું પછી મંગાવવી'તી." મુરુગદાસર ચિડાતાં બોલ્યા.

"હા, કહેતાં ભૂલી જ ગઈ. ચેટ્ટિયાર આવેલા. કાલે સવારે આવવાનું કહી ગયા છે." કમલાએ કહ્યું.

મુરુગદાસરે આ પાશુપતની અપેક્ષા નહોતી રાખી.

"આવશે તો ખાલી હાથે જ પાછા ફરશે. આવવાનો આ તે કંઈ વખત છે ?" બબડતા પાછા ફરવા માંડયા.

"અરે ક્યાં ચાલ્યા ?જરા તેલ લાવી આપો ને !"

"અત્યારે મારી પાસે કંઈ પૈસા બૈસા નથી," મુરુગદાસરે કોરું પરખાવ્યું. "એ જ વાત છે ને ? મસાલાના ડબ્બામાં પૈસા રાખ્યા છે. લઈ જાવ." "અહીં આવ્યો તો કામ સોંપવા માંડી. ત્યાં લખવાનું બાકી છે ને અહીં તમારે માટે તેલ લાવ્યા કરું ! આખો દિવસ શું કરતી'તી ? રાત પડ્યે ક્યાં તેલ ખરીદાય છે ? કાલ જોઈ લઈશું."

"આળસ આવે છે તેથી શાસ્ત્રો શા માટે ઉખેળો છે ? કેમ તે દિવસે નહોતા લાવ્યા ? તમારે માટે જ તો છે. હમણાં પાપડવાળો પાપડ દઈ ગયો. થયું, તમે પ્રેમથી ખાશો. પેલી વાંદરી ક્યાં ચાલી ગઈ ? બહાર નીકળે તો ટહેલવા નીકળી પડે છે. તમે જરા જોઈ આવોને !" "આટલી વાતો એમણે સાંભળી પણ ક્યાં હતી ? છોકરીઓના પ્રદેશમાંથી લપસણા પ્રદેશ સુધી પહોંચી ગયા. મુરુગદાસરના ઓરડાની એ વિશિષ્ટતા છે કે એ મદ્રાસના લાઈટિંગ ટાઈમની ઉપેક્ષા કરીને જલદી જ અંધકારમય થઈ જાય છે.

આ રીતે અત્યારે પણ ગ્યાસતેલની અધિકતા થાય છે; આ ઓરડામાં રાત વહેલી ઘેરાઈ જાય છે. પણ અછતના દિવસમોમાં બારીની સામે શિવજીના ત્રીજા નેત્રની જેમ ઊભેલી પેલી સ્ટ્રીટલાઈટ પાસેથી મુરુગદાસર થોડોક પ્રકાશ ઉધાર લઈ લે છે. અત્યારે એ સડક પર ઊભા ઊભા અમૂલની પ્રતીક્ષા કરવા લાગ્યા.

મુરુગદાસર હવાઈ કહાણીઓ લખવામાં ચતુર છે. પરંપરાગત વાર્તાઓ પણ લખે છે. એમની પ્રતિભા પર વિશ્વાસ, રાખીને એક વિજ્ઞાપન કંપનીએ ત્રીસ રૂપિયામાં એમની કાલ્પનિક પ્રતિભાનો આધાર લઈ લીધો છે. અતઃ મુરુગદાસર વીર પુરૂષોનાં રેખાચિત્રોને છોડીને સોયાબિન્સથી લઈને મીણબત્તી સુધીની વિદેશી વસ્તુઓ પર કવિતાઓ લખી રહ્યા છે. 'ટપાસા' વીર્યવર્ધક દવા પર લખાયેલા છંદ તથા ચાની આત્મકથાએ પેલા અંગ્રેજની સહાનુભૂતિ એમને અપાવી દીધી છે. એનું પરિણામ છે આ ત્રીસ રૂપિયા.

ઘરની સામેની સ્ટ્રીટલાઈટની સહાયતાથી પણ એ અમૂલને શોધી શક્યા નહિ. પાન, કામ, છોકરીને પાછા ફરતાં થયેલું મોડું-બધાંએ એમની ચિંતા વધારી દીધી. ગલીના નાકા સુધી જોઈ આવવાની ઈચ્છાથી સડક પર ચાલી ગયા.

ભક્તિમાર્ગમાં એકાગ્ર ચિંતન પર ઘણું ઘણું કહેવાયું છે. મનને કેવળ કોઈ એક વસ્તુમાં લીન કરી લેવું આવશ્યક છે. પિલ્લૈ 'ધન' એ બે અક્ષરવાળા મંત્રનો સદૈવ વિચાર કરતા રહ્યા છે. નિશ્ચિંત ખાવાને અને કામ કરતા રહેવાને માટે ન જાણે કેટલા પ્રયત્નો કર્યા છે ! પણ પોતાના પરિવારના બજેટ પર એમની કોઈ સત્તા ચાલી શકી નથી. વિત્તમંત્રી હોત તો વધારે પડતા ખર્ચાને માટે કેટલાંય આર્થિક કારણોનાં બહાનાં કાઢીને આર્થિક અનુદાનની માગણી કરી શકાત. નિશ્ચિંત થઈને, નિર્લજ્જતાથી ક્યાંકથી ઉધાર કંઈ માગી શકાય છે ? પરિવારનો ખર્ચો સરકારી ખર્ચો તો નથી !

નિશ્ચિંત રહેવાની ઈચ્છાથી પોતાનામાં વિશ્વાસ ટકી રહે તેથી વાર્તાઓ છોડીને લિપ્ટન ચા, કોફી, કોકોની જાહેરખબરો લખવા માંડેલા, કોઈક જમાનામાં એમની ધારણા હતી કે જો એ એક મોટી નવલકથા લખશે તો એ સોનાનું વૃક્ષ બની જશે. હવે તો એ માત્ર દૂરનું ધ્યેય બની ગઈ છે.

ઓછામાં ઓછી, અગાઉ એમની પાસે કાગળોની ખોટ તો નહોતી. ત્યારે એ કોઈ વર્તમાનપત્ર કાર્યાલયમાં કામ કરતા હતા. હવે તો એ પણ ખરીદવા પડે છે. નહિ તો લખવા માટે માત્ર પીઠ જ બાકી રહી જશે. મુરુગદાસર બુદ્ધિમાન છે. એમણે પીઠ પર નથી લખ્યું. કોઈ મિત્ર મળી જાય તો પોતાના ચિરકાલીન ધ્યેય વિશે પાંચ મિનિટથી ઓછું નથી બોલતા. મિત્રગણ એસ.પી.સી.એ. (જીવહિંસાનિવારણ સમિતિ)ના સભ્ય હશે. કદાચ તેથી સહન કર્યા કરે છે.

ગલીના નાકા ઉપર અલમૂનું રાજ્ય ચાલી રહ્યું હતું. "કેમ રે!" મુરુગદાસર ફરીથી ભડકી ઊઠ્યા.

એક રિક્ષાના હાથા પર રિક્ષાવાળો બેઠેલો. અલમૂ ગાદી પર ઉંદરડીની માફક બેઠી બેઠી ઊછળી રહેલી. ઘણી વારથી વાતો ચાલી રહેલી હશે કદાચ. "કેમરે !" મુગદાસર ફરીથી બરાડ્યા.

"ના પિતાજી, તમે કહેલું કે અલમૂ કહીને હવેથી બોલાવશો- "કહેતાં કહેતાં ઊતરવાની કોશિશ કરવા લાગી.

"માચિસ ક્યાં છે ?" મુરુગદાસરે પૂછ્યું. "દુકાનદાર નથી આપતો, - પિતાજી." નથી આપતો તો ઘરે આવતા રહેવું, તું. અહીં શું ચાલી રહ્યું છે ?" બસ, તમે જ પૂછો સાહેબ ! બાળક છે એટલે ધમકાવી નહિ; સમજાવતો રહ્યો. જિદ કર્યા કરી કે એને ઘરે મૂકી આવું. મારો પગ મોચવાઈ ગયો છે. પેલો છોકરો પણ દેખાતો નથી...." રિક્ષાવાળાએ લંબાણથી વાત કરી.

"પિતાજી, આ પંકજ મને તો લઈ જાય છે." અલમૂ છંછેડાતી બોલી. પંકજ સામેવાળા સબરજિસ્ટ્રાર સાહેબની દીકરી છે. એ રિક્ષામાં પણ જઈ શકે અને મોટરમાં પણ. હવે આ વાત નથી રિક્ષાવાળો સમજી શકતો કે નથી પેલી બાળકી

"અલમૂ, રાતે છોકરાંઓ રિક્ષા પર ન ચડે. ચાલ ઊતર." મુરુગદાસરે બાળકીને તેડી લીધી અને દુકાનદારની પાસે ગયા.

એ દુકાન પાસે પહોંચે તે પહેલાં દુકાનદારે કહ્યું, "સ્વામી, આ રીતે કેમ ચાલશે ? ગયા મહિનાનો હિસાબ હજી બાકી છે. હું પણ સમજી ગયો છું. બાકી હિસાબ ચૂકવી દઈને બધું પતાવી દો. હું નહિ આપી શકું. હું કમાવા આવ્યો છું." "હું પણ કમાવા જ આવ્યો છું. મરવા થોડો જ આવ્યો છું ? જરા આગળ પાછળ તો ચાલ્યા જ કરે. હું ક્યાં દેવાની ના કહું છું ?"

"હશે સ્વામી, એ જ બાકી રહ્યું છે. હવે રૂ. 2-5-4 બાકી છે. ક્યારે મળશે ?" "પહેલાં માચિસ આપો. પછી કહું છું." "માચિસનો તે વળી શું વાંધો છે ? લો. હાં, ક્યાં સુધીમાં મળશે ?"

"ક્યાં સુધીમાં ? કાલ સુધીમાં કદાચ પગાર મળી જશે. કાલ નહિ તો સોમવાર સુધીમાં."

"સોમવારની વાત પાકી જ છે ને ? મારે ચીટ ફંડમાં પૈસા જમા કરાવવા છે," એ બોલ્યો.

"જોઈશું." મુરુગદાસર ફરી ગયા.

"જોઈશું નહિ, વાત પાકી થવી જોઈએ." એક બલા ટળી ગઈ.... સોમવાર સુધી. અડધે સુધી ગયા ત્યાં બાળકીએ ધીમેથી કહ્યું. "પિતાજી !" અજાણતાં જ જરા એ કંઈક વિચારમાં હતા તેથી કઠોરતાથી બોલ્યા, "શું છે ?"

"તમે ગુસ્સે થાવ છો પિતાજી ! મારે નથી કહેવું."

"ગુસ્સો ક્યાં કરૂં છું દીકરી ! હવે બોલ."

"ત્યાં જુઓ, દાંતવાળા મામા." મુરુગદાસરના મિત્ર સુબ્રહ્મણ્ય પિલ્લૈના દાંત જરા બહાર હતા. તે બહાર નીકળીને પોતાના અસ્તિત્વની જાણકારી આખા સંસારને આપતા હતા. એટલા માટે અમલૂએ એમનું નામ દાંતવાળા મામા પાડેલું.

"ક્યાં છે ?"

"એ જુઓ ઘરના ઓટલા ઉપર. મને ઉતારી દો પાપા !" અને સરકતી સરકતી નીચે ઊતરીને ભાગવા માંડી.

"ધીમે ધીમે," પિલ્લૈએ બૂમ પાડી. "છોકરી, ક્યાં સાંભળે ય છે" ! ના, જીદ કરીને ભાગી. ચણિયામાં પગ ભરાઈ ગયેલો કદાચ. અલમૂ અંગપ્રદક્ષિણા કરવા માટે લાચાર બની ગઈ.

પિલ્લૈએ દોડીને છોકરીને ઊંચકી લીધી. પણ સંજોગવશાત્ એને ક્યાંય વાગ્યું નહોતું.

ઊંચકીને ખભે બેસાડી દીધી તો છોકરી ગાવા લાગી.

"આ શું છે ભાઈ ? છોકરીને આ રીતે છૂટી મૂકી દો છો ?" કહેતાં સુબ્રહ્મણ્યમ એમની તરફ આવ્યા.

"શું કરૂં ભાઈ ? કેટલુંય સમજાવો પણ એ સમજવા નથી માગતી ને ! બહાર નીકળે તો બસ માણસો શોધવા જશે. માએ એને બજારમાં મોકલી. ત્યાં રિક્ષાવાળા જોડે રકઝક કરતીં'તી, શું કરૂં ? આવો ને, અંદર આવો. બસ, એક મિનિટ, જરા દીવો પેટાવી લઉં."

ત્યાં સુધીમાં અલમૂ "દાંતવાળા મામા આવી ગયા" કહેતી કહેતી પ્રચાર કરતી ઘરની અંદર દોડી ગઈ. "છોકરી આટલી લુચ્ચી થતી જાય છે. નિશાળે કેમ નથી મોકલી દેતા ?" મિત્ર બોલ્યા.

"હા ભાઈ, બહુ હેરાન કરે છે. ત્યાં જ મોકલવી પડશે. પણ જરા ઉંમર પણ થવી જોઈએ" !

"મુરુગદાસર ફાનસની વાટને ઊંચી કરતાં બોલ્યાં. "કાલે બીચ ગયેલો. સુંદરમને પણ મળેલો...." સુબ્રહ્મણ્ય પિલ્લૈએ શરૂઆત કરી.

"તો એ હરામજાદો આવી ગયો ? એનાથી તો બેહદ ત્રાસી ગયો છું. અહીં આવે છે ત્યારે ઓફિસમાં આવીને ગમે તેની પાસે ફરિયાદ કરી જાય છે. ગયે વખતે જયારે આવ્યો ત્યારે ખબર નથી શું કરી બેઠો તે. "આર્ટિસ્ટ, પતિને રજા અપાઈ જવાની હતી....." એ આવેશમાં બોલી ઊઠ્યા.

"હવે આમ જોઈએ તો દુનિયામાં કોણ સારું છે ભાઈ ? પણ એ તો તમારી પ્રશંસા કરે છે."

"છોડો ભાઈ એને ! વાંદરાનો શો ભરોસો ? એ તો જૂ પણ કાઢી આપે અને કાન પણ કરડી ખાય ! એની સોબત જ ન જોઈએ. હાં તો તમે શું કહેવા જતા હતા ?"

"હા, એ તમારાં વખાણ કોઈ અંગ્રેજ આગળ કરતો હતો...." "બસ, વાર્તા લખું કે ઘાસ વાઢું, એને શું ?

એ જ વખતે બહારથી 'મુરુગદાસર' ના અવાજો આવ્યા. "એ જ છે. કદાચ એ જ આવ્યો છે. છોકરાની ઉંમર લાંબી છે."

"શયતાન, યાદ કર્યા પહેલાં જ આવીને ઊભો રહે છે." મુરુગદાસર બબડ્યા. પછી ઊઠીને એમણે બહાર નજર કરીને પૂછ્યું, "કોણ છે ?"

"હું સુંદરમ છું. શું વાત છે, મારો અવાજ ન પારખ્યો ?" આગંતુક મોટા અવાજે હસતો હસતો અંદર આવ્યો. એના હસવાને ચંપલોના અવાજે સાથ આપ્યો. "કોણ સુંદરમ ? આવ આવ ! હમણાં તારી જ વાત કરતાં'તા, ને તું આવી ગયો ! કોફી કરાવું ? અલમૂ ! અલમૂ !" મુરુગદાસરે જોરથી બૂમ પાડી.

"શું છે પિતાજી ?" ક્યાંકથી અવાજ આવ્યો.

"મમ્મીને કહે કે ત્રણ કપ કોફી બનાવી આપે. જલદી તૈયાર કરે."

"એણે પત્રિકા છોડી દીધી. હમણાં જ સાંભળ્યું મેં."

"હવે પેટને ખાતર ભલે ગમે ત્યાં રહે. કલમ ચલાવવી એ એક ધંધો હતો. હવે એક તક મળે તો કેમ છોડું ? હું ભલે પત્રિકા છોડી દઉં પણ વાર્તા લખવાનું તો

નહિ જ છોડું. એક નવલકથાનું આયોજન કર્યું છે. તલિમભાષી જો ભાગ્યશાળી હશે તો મારી પાસે કાગળ ખરીદવા જેટલા પૈસા તો આવી જશે. એમાં 'સેન્ટ્રલ થીમ' ખબર છે શું છે ?...."

"કાલે તમે પ્રદર્શન જોવા ગયેલા ?" સુબ્રહ્મણ્ય પિલ્લૈએ વાત ફેરવી. આ વિષય પર વાત શરૂ કરતાં જ મુરુગદાસર ઘસાઈ ગયેલી ગ્રામોફોન રેકોર્ડની જેમ પોતાની વાત ફેરવીફેરવીને કહેતા ગયા.

"પિતાજી કોફી તૈયાર છે. તમે લઈ જાવ. ગરમ છે." કહેતાં અલમૂએ ઉંબરા પર એક પગ રાખ્યો.

"મા ક્યાં છે ?"

"મા ભાત ઓસાવે છે."

"સારું, હમણાં આવું છું. જા."

"આવો ને !"

"આવું છું. હવે અંદર જા."

"કોફી ઠંડી થઈ જશે. પિતાજી !"

"એક મિનિટ." કહેતાં અંદર ગયા.

"મામા તમે શું લાવ્યા છો ?" કહેતાં અલમૂ સુબ્રહ્મણ્ય પિલ્લૈના ખોળામાં બેસીને એની ટાઈથી રમવા માંડી.

"એને પકડીને ખેંચ નહિ. મામની ગરદન દુઃખશે," સુંદરમ પિલ્લૈ બોલ્યા.

"નહિ દુઃખે," એણે પાછી શરૂઆત કરી.

મુરુગદાસર ટુવાલની સહાયતાથી એક લોટો લઈને અંદર આવ્યા.

"શું છે પિતાજી ? ખાલી ત્રણ ગ્લાસ લાવ્યા ? હું શું નહિ પીઉં ?"

"તને અહીં શા માટે મળે ? અંદર મા સાથે પી."

"ના," કહીને એક ગ્લાસ પોતાની પાસે ખેંચી લીધો.

મુરુગદાસરે એક ગ્લાસ ભરીને સુંદરમને આપ્યો.

સુંદરમે દવાની માફક એક ઘૂંટડામાં પી જઈને પ્રશંસા કરતાં કહ્યું. "કોફી સરસ થઈ છે."

બીજો ગ્લાસ સુબ્રહ્મણ્ય પિલ્લૈને અપાયો.

"મામા, મને નહિ આપો ?" અલમૂ એમના ખોળામાં બેસી ગઈ.

"આવ. આપણે બંને પીએ." મુરુગદાસર બોલ્યા.

"મામાની સાથે પીશ." છોકરીએ કહ્યું. સુબ્રહ્મણ્ય પિલ્લૈએ ગ્લાસમાંથી અલમૂને પાઈ.

અડધી પીને "બસ" કહીને છોકરી ઊઠી ગઈ.

"લો ભાઈ, મુરુગદાસરે બીજો ગ્લાસ ધર્યો.

"ના, આ જ વધારે છે." સુબ્રહ્મણ્ય પિલ્લૈ બોલ્યા.

"મૂર્ખ." કહેતાં મુરુગદાસર છોકરીની એઠી પોતે લઈને પીવા માંડ્યા.

"મોડું થાય છે. "આટલું જલદી ? પાન તો ખાવ !" મુરુગદાસર બોલ્યા, "માઉન્ટ રોડ પર એક મિત્રને મળવું છે." સુંદરમ ઊઠી ગયા.

"હાથમાં લીધું છે. મોડું થાય છે. બીજી વાર મળશું," કહેતાં કહેતાં સુંદરમ્ બહાર ચાલ્યા ગયા.

હાથમાં રાખેલી તમાકુ મોઢામાં નાખીને સુબ્રહ્મણ્ય પિલ્લૈ પણ ઊઠવાની તૈયારી કરવા લાગ્યા.

ગળું સાફ કરતાં મુરુગદાસરે કહ્યું, "સુબ્રહ્મણ્ય, તમારી પાસે કંઈ પરચૂરણ છે ? ત્રણ રૂપિયા જોઈએ છે."

"ઉતાવળ છે શું ?"

"પગાર નથી મળ્યો. જરા જરૂર પડી છે..... સોમવારે પાછા આપી દઈશ." "એમાં શું ?..." પાકીટ કાઢતાં, "અત્યારે તો મારી પાસે આટલા જ છે." કહેતાં એક આઠ આની કાઢીને આપી.

"આ તો ઓછા છે," મુરુગદાસરે એ લેતાં કહ્યું.

"પછી..." પછી કંઈક બોલવાની શરૂઆત કરી.

"જોઈશું, મને થોડું કામ છે." સુબ્રહ્મણ્યમ વિદાય લઈને ચાલ્યા ગયા.

મુરુગદાસર પોતાના ઓરડામાં ફાટેલી સાદડી રૂપી સિંહાસન પર બેસીને એ આઠ આનીને હાથમાં ફેરવતાં ઊંડી ચિંતામાં ડૂબી ગયા.

"શું કરો છો ?" પત્નીનો સ્વર.

"તું અહીં આવ ને."

"હે મા" કહેતી કમલમ્ અંદર આવીને બેસી ગઈ. એના હાથમાં પૈસા જોઈને પૂછયું." "આ ક્યાંથી આવ્યા ?"

"સુબ્રહ્મણ્ય પાસેથી માગી લીધા છે."

"તમારે બીજો કોઈ ધંધો જ નથી." કમલમે મોઢું બગાડીને કહ્યું. પછી અચાનક કંઈ વિચાર કરીને બોલી," હા, હમણાં યાદ આવ્યું. કાલને માટે કોફી પાવડર નથી. આ પૈસામાંથી લઈ આવો. "આ તો દુકાનદારને આપવા માગ્યા છે. આ પણ આપી દઉં તો....

"સોમવારે આપવાના છે ને !"

"એમાં શું વળશે ?"

"તમે જઈને લઈ આવો !"

"અને સોમવારે ?"

"સોમવારને દિવસે જોઈ લઈશું."

સુવર્ણ નગરી

તમે સુવર્ણનગરીનું નામ તો સાંભળ્યું છે ને ? આમ જોતાં, પૌરાણિકોની જે કલ્પના હતી તેવું ત્યાં કંઈ જ નથી. પૂર્વજન્મોનાં કર્મો પર વિશ્વાસ રાખીને દરેક સ્થિતિને ન્યાયી સમજીને સ્વીકારવી પડે છે. આ સમાજમાં કેટલાક લોકોની સગવડ પૂરી પાડનાર મધમાખી જેવા માણસોને માટે એ સુવર્ણનગરી છે.

રેલવે લાઈનની બાજુમાં શરાબના પીઠા સુધી જે સાંકડી ગલી જાય છે એ જ ત્યાંનો સરિયામ રસ્તો છે. ચાર માણસો હાથ મિલાવીને આરામથી ત્યાંથી પસાર થઈ શકે છે. શરત માત્ર એટલી જ કે સામેથી કોઈ ગાડી ન આવે. આ ગલીમાંથી કેટલીય નાનીનાની ગલીઓ ફંટાય છે.

તમારે જો આ દિવ્ય પ્રદેશનું દર્શન કરવું હોય તો એવા કોઈ દિવસે જજો જયારે ત્યાં ઝરમર વરસાદ વરસી રહ્યો હોય. ત્યાંનું એ દ્રશ્ય અપૂર્વ હોય છે. આખી ગલી કીચડથી ભરાયેલી. કિનારે નગરપાલિકાની ગંગા-ના ના, કદાચ યમુનાના રંગ શ્યામ છે ! હાં, એ જ યમુના, પછી લોઢાની જાળી, અને એની જરા ઉપલી બાજુ જતાં રેલવે લાઈન !

બીજી બાજુ લાઈનબંધ બનાવવામાં આવેલા માળા-હા, માણસોને માટે ! નળ ? હા છે. વીજળી ? યાદ નથી, ફાનસ જરૂર છે. એ પણ માત્ર અંધારિયાં માટે જ ! સુવર્ણનગરીનાં બાળકોની પ્રિય રમત માછલી પકડવાની છે. પણ પેલી નગરપાલિકાની નદીમાં માછલીઓ આવે ક્યાંથી ? બસ, શહેરનાં શ્રીમંતોનાં ઘરનાં સડેલાં ફળ ભજિયાં વગેરે એમાં ઘસડાઈ આવે છે. આ વાત પણ પેલાં બાળકો સિવાય કોઈ જાણતું નથી. આ એ બાળકો સુધી જ પહોંચનારું રહસ્ય છે.

ખબર નથી, રેલવે લાઈનની પાસે રમવામાં શો આનંદ આવે છે ? જાળી જરૂર છે પણ બાળકોને કાયદા-કાનૂન ક્યાં ખબર છે ? 'ચાલ્યા જાય' એટલે માબાપનો ભાર ઓછો થયો. અને વળી એ બાળકો કંઈ 'ગ્લેક્સો' કે 'મેલિન્સફૂડ'નાં બાળકો પણ નથી કે જાળીની વચ્ચેથી નીકળી ન શકે ! ધુમાડો ઓકતી પેલી લોખંડી સભ્યતાને જોતાં 'ગુડ મોર્નિંગ સર'ની બૂમો પાડવામાં એમને ખૂબ આનંદ થાય છે. એમને માટે એ જ અંગ્રેજીનું પ્રાથમિક શિક્ષણ છે.

પાંચ વાગ્યા પછી જ એ નગરી જાગે છે. ત્યાંની સ્ત્રીઓ ત્યારથી જ પોતાના કામની શરૂઆત કરી દે છે. શરાબની ગાડીઓ, પાણી ભરનારી સ્ત્રીઓ ? ત્યાં પાણી

ભરવાનું કામ મહાભારતથી નાનું નથી.

ધૂળભર્યું માથું, તેજવિહીન આંખો - દિવસભર વીજળીના 'સ્પિંડિલ'માં કામ કરતાં કરતાં આંખો શું તેજહીન ન થઈ જાય ? આંખો લોઢાની તો નથી ! મહેનતને લીધે ગંઠાયેલું શરીર સ્વાસ્થ્ય ? એ તો ક્યાંથી હોય ? બેક્ટિરિયા, ગંદાં જીવડાં, કોલેરા અહીં તો ઉત્પન્ન થાય છે. હા, જો જીવવા માગો તો જીવી શકો છો. પાષાણયુગનો માણસ સિંહ, ચિતાની સાથે ગુફાઓમાં રહેતો હતો. જાનવર એને ખાતાં હતાં; એ જાનવરને ખાતો હતો. પણ એનો વંશ શું ઊખડી ગયો ? જીવન પણ એક શિકારની રમત જ છે ને !

ગળામાં કાળો દોરો-જીવનધર્મનું ચિહ્ન પણ એને માટે કોઈ ચિંતિત નથી. એ જુદી જ દુનિયા છે ભાઈ, ત્યાંનો ધર્મ પણ અલગ જ છે.

અમ્માલુ એક મિલમાં મજૂરણ છે. ઉંમર વીસ-બાવીસ જેટલી હશે. વર ટાંગો ચલાવે છે, પોતાની ગાડી છે. અમ્માલુ, મુરૂગેસન (એનો પતિ), એની મા, ભાઈ અને ઘોડો-પાંચનો પરિવાર છે. ખાવાપીવાનું બંનેની કમાણીથી ચાલે છે. ઘરનું ભાડું, પોલીસના હપ્તા, મુરૂગેસનના ભાઈનું ગાંજાનું ખર્ચ -બધા જ ખર્ચા એમાંથી જ કાઢવાના છે. બધા પીનારા છે. ડલ સીઝનમાં ભૂખ કેવી રીતે સંતોષે ? ભૂખ, હા ભાઈ ભૂખ ! ભૂખ બાબત તમે શું જાણો ? એક દિવસ ભૂખ્યા રહો તો ખબર પડે !

તે દિવસે મુરૂગેસન ખુશ હતો. એણે અને ઘોડાએ દારુ ચડાવ્યો. ગાડી દોડવા માંડી. ગાડી ઊંધી થઈ ગઈ. ઘોડાને ઘેરો ઘા લાગ્યો. મુરુગસેનને મૂઢ માર લાગ્યો. જયારે ઘેર લાવ્યા ત્યારે બેહોશ હતો. સારું થયું પીધેલો હતો. નહિ તો દુઃખને લીધે તરફડિયાં મારત. અમ્માલુએ કોણ જાણે શું પીસીને સૂજેલી જગ્યાએ ચોપડી દીધું. એ ભાનમાં આવ્યો. એને દૂધ જોઈએ છે. અમ્માલુની મજૂરી બે દિવસ પછી મળવાની છે. ઘરમાં પૈસા આવે ક્યાંથી ? અમ્માલુ પાણી લેવા આવી રહી છે. ઘોર અંધકાર ! પંચાંગ પ્રમાણે ચંદ્રમા આજે ઊગશે ખરો, પણ એ જો વાદળમાં છુપાઈ જાય તો નગરપાલિકા શું કરે ?

દેકારો તો હંમેશાં થયા કરશે. જેમતેમ પાણી ભરીને એ પાછી આવી રહી છે. ચંદ્રમાની પાસે એક વ્યક્તિ-જેણે કેટલાક દિવસથી અમ્માલુ પર આંખ માંડી રાખેલી. બંને અંધકારમાં વિલીન થઈ જાય છે. અમ્માલુ બાર આના કમાઈ લે છે. હા, પતિ માટે દૂધ આવી જશે.

તમે લોકો સતીત્વના ઢોલ પીટો છો ને ? પણ, ભાઈ આ તો સુવર્ણનગરી છે.

સ્મૃતિપથ

વૈખન પિલ્લૈ ઉર્ફે સુબ્રહ્મણ્ય પિલ્લૈની પત્ની વલ્લિયજમ્મૈયારિચનો કાલે જ સ્વર્ગવાસ થયો. પતિ પત્ની બંને છેલ્લાં પચાસ વર્ષોથી જિંદગીની ચડતીપડતીમાં ભાગીદાર રહ્યાં છે. વલ્લિયજમ્મૈયારિચનું મૃત્યુ થઈ ગયું. નિયતિનો સંકલ્પ છે. આજ સૂતકનો બીજો દિવસ છે. બીમારી કંઈ જ નહોતી. ગયા શનિવારે આંગણામાં એનો પગ લપસી ગયો તે દિવસે જે ખાટલામાં પડી, ફરીથી ઊઠી નહિ.

જો કોઈ વૃદ્ધ આદમીનું મોત થઈ જાય તો રોવાધોવાનું ભલે ચાલે, પણ બહુ દુઃખ થતું નથી. મહિલાઓ ગમે તે સંભળાવી સંભળાવીને પ્રલાપ કરે છે. બે ત્રણ ટીપાં આંસુ પાડે છે. પણ એનું કારણ રોવાવાળાનું વ્યક્તિગત દુઃખ પણ હોઈ શકે.

તે દિવસે હજી સૂર્યોદય થયો નહોતો. સામેના ઘરની અગાસી પર ટાંગેલું ફાનસ હજી સુધી પ્રકાશ ફેલાવી રહ્યું છે. ઘરના ઓટલા હજી ધોવાયા નથી. શોક પાળવાવાળા પણ હજી સૂતેલા હતા.

વૈખન પિલ્લૈના ઓટલા પર સાદડી પાથરીને બંને પગ ઉપર માથું રાખેલી એક આકૃતિ બેઠી છે. બીજું કોઈ નહિ. એ સ્વયં જ છે. એ ઘરમાં માત્ર એ જ જાગતા હતા. ઘૂંટણો પર હાથ લપેટીને એ ઉપરની બાજુ જોઈ રહ્યા છે. આંખો શૂન્યમાં તાકી રહી છે. બહાર સૂતેલાં કેટલાંક શરીર થોડે થોડે વખતે પડખું ફેરવીને નસકોરાં બોલાવતાં પોતાની સજીવતાની ખાતરી કરાવી રહ્યાં છે. વૈખન પિલ્લૈનું મન અખંડ સચરાચર પર એક દૃષ્ટિ નાખીને પાછું વલ્લિયજમૈની લાશની કલ્પના પર કેન્દ્રિત થયું છે.

પ્રથમ પ્રસવકાળ બાદ કરતાં એમણે આ પચાસ વર્ષોમાં વલ્લિયજમૈના વિષે આટલા ધ્યાનથી કદી નહિ વિચાર્યું હોય. પહેલાં પત્ની એમને માટે એક નવી વસ્તુ બની, પછી એ એમાંથી આગળ નીકળી ગયા; કાલાન્તરે એ એના શરીરનું એક અંગ બની ગઈ.

એમ તો કોઈ પોતાની પાંચ આંગળીઓ બાબત વિચારતું નથી. પણ જો એમાંથી એક આંગળી કપાઈ ગઈ તો ચોકકસ આંગળીઓની સંખ્યા પર ધ્યાન જાય છે. એમના માનસપટલ પર વલ્લિયજમ્મૈયારિચનું નવવધૂ સ્વરૂપ ઊપસી આવ્યું.

વૈખન પિલ્લૈની પાછળ એક ખપાટિયાંની બનેલી બારી છે. અંદર થતી ગુસપુસ સાફ સંભળાઈ રહી છે. "કેમ રે ! પેલો પાંચસેરો હાર તો તને આપવાનું ક્હેતી 'તી. પેરિચયજમૈના આવતાં પહેલાં તું બાપુજી પાસેથી માગી લેજે."

"હા, પણ હમણાં મને ઊંઘ આવે છે. મને હેરાન ન કરો." એક યુવતીનો સ્વર સંભળાયો. ઓચિંતાનો કોઈ બાળકના રડવાનો સ્વર સંભળાયો.

"હવે તેં પણ શરૂ કરી દીધું ? તમારૂં મોઢું એક ક્ષણને માટે પણ બંધ નહિ રહી શકે ? હે મા, મારી કૂખેથી કેવો જન્મ્યો છે, કોણ જાણે." ખીજ ભર્યો સ્વર.

"કોણ છે ? કદાચ પાપાતી ! વૈખન પિલ્લૈ વિચારવા માંડ્યા. એ એમની ચાલીસ વર્ષની પહેલી દીકરી છે. એક યુવાન પુત્રી, ચાર વર્ષના પુત્ર અને દસ મહિનાના બચ્ચાની મા !

વૈખન પિલ્લૈને એકદમ પાપાતીનું બાળપણ, એની યુવાવસ્થા, પછી એનું લગ્ન બધી વાતો યાદ આવી ગઈ. "પાપાતી તો કાયમની આવી જ છે. હા, જયારે એ જન્મેલી ત્યારે દુકાનમાં ભારે ખોટ આવી ગયેલી. ચારે તરફ કરજ જ હતું. અતિશય તકલીફના દિવસોમાં મોટી થઈ છે ને, એટલા માટે ધન તરફ એને અતિશય મોહ થયો છે. જો હારનો વાયદો એની પુત્રી માટે થયો હશે તો એને જ મળશે. એને માટે આવી ક્ષુદ્ર બુદ્ધિ શા માટે ?"

"અમે, જરા પાન તો કૂટી લાવ." એમનું મુખ સહસા બંધ થઈ ગયું. જયારથી દાંત ગયા છે ત્યારથી પ્રાત : કાળે ઊઠતાંવેંત આ પ્રકારના અવાજો કરીને પાન ખાવાની આદત પડી ગઈ છે. હવે એ કોને કહે ? મનની મૂંઝવણ સહસા વધી ગઈ.

ઘરની બહાર મુડલૈના શંખધ્વનિએ સૂર્યોદયનો સંદેશો આપ્યો. ઘરની અંદરથી મહિલાઓના રુદનસ્વર... એ ફાનસ તરફ જોવા લાગ્યા...... એ દેખાણી નહિ. કદાચ અગાસી ગળી ગઈ હશે. આ જ અગાસીએ અનંત આકાશની એક સીમા આંકી દીધી છે.

ગલીના ખૂણેથી એક ગાડું આવી રહ્યું છે. ઘંટડીઓના સ્વર.... થોડી વાર માટે મૂંગા થઈ ગયા છે. કોઈ ઊતરે છે.... "હાય મારી મા....." પ્રલાપનો ઊંચો સ્વર સંભળાય છે. હવે વૈખન પિલ્લૈને સંતોષ થઈ ગયો છે. પાર્વતી એમની પુત્રી છે... ઘણે દૂર પરણાવી છે.

બહાર પડેલા માણસોમાંથી એક ઊઠીને ઊભો થાય છે. આખા શરીરની આળસ મરડતાં "શંભો મહાદેવ !" કહીને બગાસું ખાય છે. "પાટૈટ્યા, બરાબર સૂતો ? ત્યાં કોણ છે ?" કહેતાં કહેતાં ગાડી તરફ જોવા લાગ્યો.

ગાડું ધીમે ધીમે ઘરની સામે અટક્યું. પાર્વતી છાતી કૂટતી અંદર આવી.... અંદરથી રડવાના અવાજો. "કરિસંગોલમના જમાઈરાજ છે." પાડોશી કણ્ણપિરાન પિલ્લૈ ઊઠતાં ઊઠતાં બોલ્યા.

જમાઈ મૂંગા મૂંગા પિલ્લૈની પાસે આવીને બેસી ગયા. માથું નમાવીને પૂછવા માંડ્યા, માને શું થઈ ગયેલું ? કાગળમાં તો તમે કંઈ લખ્યું જ નહિ," વૈખન પિલ્લૈ ચૂપ રહ્યા. આરચીને શું થયેલું ! એ કંઈ માંદી થોડી જ રહી ? અરે, તે દિવસે પગ લપસી ગયો.... અંદરથી ઘા થયો હતો. બસ..... કોને ખબર હતી કે આ બધું આટલું

જલદી બની જશે ?.... ઉંમર પણ થયેલી.... ભગવાનની માયા છે. આપણે શું કરી શકીએ ? આરચી તો હરતી ફરતી હતી.... મજાલ છે કે એક દિવસ પણ સૂતી હોય ? મોટા મોટા ડોક્ટરો આવેલા. એમણે પોતાના હાથ હેઠા કરી દીધા." પેલો માણસ બધી વાત કહેતાં કહેતાં સાંત્વના આપવા લાગ્યો.

સુંદરમ્ પિલ્લૈ, જે એ જ વખતે ઊઠેલા, તે માથે વિભૂતિ લગાવતાં બોલ્યા. "ગયા માહ મહિનામાં ભાઈ સુબ્બુ પિલ્લૈએ કહેલું ને કે આરચીનો કાળયોગ છે ! તે દિવસે ખેતરેથી પાછા આવતી વખતે હું તેની સાથે વાત કરીને આવેલો.... કહ્યું, "શુક્રવાર પછી જ કંઈ કહી શકાય..... અરે, યમરાજને કંઈ સમય-કસમય જેવું થોડું જ હોય છે ?"

વૈખન પિલ્લૈનું ધ્યાન સુડલૈના શંખધ્વનિથી તૂટી ગયું. પ્રાતઃકાળ થઈ ચૂકેલો. ઘરની અંદરની એક ચાર વર્ષનો બાળક કમરે જમીન પર લટકતું ધોતિયું વીંટાળીને ચબૂતરા પાસે આવીને ઊભો.

વૈખન પિલ્લૈએ અજાણતાં જ એને પોતાની નજીક ખેંચી લીધો. એમની પાસે આવતાં બોલ્યો; "હું દાદીને માટે ઘૃતપાત્ર લઈને આવેલોને !" કહેતાં કહેતાં જાણે પોતાની હોંશિયારી પર ગર્વ કરવા લાગ્યો.

"છોકરો હોશિયાર છે..... કેમ રે, તારી દાદી ક્યાં છે ?" "મરી ગઈ !" એ બોલ્યો.

"એ તો બાળક છે, એને શું ખબર ?" વૈખન પિલ્લૈ બોલ્યા.

"આ ? અરે એ તો જબરો તોફાની છે. ભલા એને ખબર ન હોય !" "બેટા, તારી દાદીને...." સહસા અંદરથી એક થાળમાં ક્રિયાકર્મને માટે નાળિયેર, દૂધ, જલ વગેરે લાવતાં કણ્ણપિરાન પિલ્લૈ બોલ્યા. "આપણે સમયસર જઈ શકીએ તો સારું. આપ શંખ વગડાવો."

સુડલૈએ ફરીથી શંખ વગાડ્યો. બધા રૂમાલ ખભા પર નાખીને ઊઠી ગયા. સુંડલૈ આગળ ચાલવા માંડ્યો.

વૈખન પિલ્લૈ લાકડી લઈને ધીરેથી ચાલવા લાગ્યા. એમની આગળ શિર મૂંડાવેલો એમનો એક પુત્ર જાય છે..... એની ચાલમાં ક્યાંય લથડાટ નથી.

વૈખન પિલ્લૈને વારે વારે વલ્લિયમ્મનું નવવધૂ સ્વરૂપ યાદ આવવા માંડ્યું. સુડલૈ શંખ વગાડતો રહ્યો. હવે તેઓ જે રૂપ જોવા જઈ રહ્યા છે, તેનું મન સ્વીકાર નથી કરી શકતું. "અરે તું પાછો નથી ગયો ?" સુંદરમ્ પિલ્લૈનો સ્વર....

પૌત્ર પાછળ ચાલ્યો આવતો'તો. સુડલૈ પાછો શંખ ફૂંકતો ફૂંકતો બીજી ગલીમાં વળી ગયો.

ન્યાય

દેવ ઈરક્કમ નાડાર-ચાહે વલ્લિનમ ઈડૈનિયમ*ના અભેદ તરફની આસ્થા હોય કે પોતાના નામને ભાર દઈને ઉચ્ચાર કરવાની ઈચ્છા હોય, જે હોય તે, અમે પણ એમનું નામ તમિળમાં એની જેમ જ લખી નાખીએ છીએ-પક્કા ઈસાઈ છે. પ્રોટેસ્ટંટ સર્કલ ચેરમેનના પદે રહેવાને લીધે મિશન તરફથી એમને છાત્રવૃત્તિ મળે છે. આ સંસારના લોકોને ઈસા મસીહનો ન્યાય અપાવવા માટે એમણે જે કંઈ પરિશ્રમ કર્યો, તેના પેન્શનની હવે અપેક્ષા કરી રહ્યા છે.

રાજભક્તિ અને સમાજસેવા બંનેનો આજના યુગમાં જ્યાં તાલમેલ નથી બેસતો ત્યાં સન્માનિત સમાજસેવારૂપે ઓળખતા પોતાના બેંચ મેજીસ્ટ્રેટના પદ પર એમને ગર્વ છે. જો એક પંથ અને બે કાજ થઈ જાય તો ઘમંડ આવે એ સ્વાભાવિક છે. આખરે એ પણ મનુષ્ય જ છે !

એમની ધર્મભક્તિ અને રાજભક્તિમાં સદૈવ સંઘર્ષ ચાલ્યા કર્યો. રવિવાર ભલે ચૂકી જવાય, તેઓ ઈશ્વર દ્વારા પ્રદત્ત એ રજાના દિવસે ઈશ્વરના આવાસમાં જઈને આરામ કરવાનું ભૂલતા નહિ. ક્યારેક ક્યારેક બાલરાજ અય્યર વીસમી શતાબ્દિના ભારતીય ધર્મગુરૂની માફક " હે ! સર્પબાલકો ! પોતાના પાપોનો સ્વીકાર કરો. તમારાં પાપોની ક્ષમા પેલા માનવકુમાર ઈશુના માધ્યમ દ્વારા એ પરમ પિતા પાસે માગી લો. હે સર્પબાલકો !..... "

ઉત્સાહથી ઉપદેશ આપતા ત્યારે એમને પોતાની મેરીની માફક બ્રિટિશ બિશપ સુધીની બે જીભો લપલપાતી દેખાતી. બહુ જ દીનતા સાથે કરૂણ મુદ્રામાં આંખો કચકચાવીને બંધ કરી લેતા, એટલી બધી વધારે ધાર્મિકતા એમનામાં છે. બાઈબલને સંસારના ઈન્ડિયન પીનલ કોડ માનતા બૌદ્ધોને શૂળીએ ચડાવનારા દ્રવિડ શૈવ પણ કદાચ એટલા કઠોર નહિ હોય.

તે દિવસે કોર્ટમાં હંમેશની માફક ભીડ હતી. ન્યૂસેન્સ ચાર્જ, લાઈસેન્સ ચાર્જ,

---

* તમિલમાં વ્યંજનોને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. વલ્લિનમ, મેલ્લિનમ અને ઈડૈયિનમ. વલ્લિનમની અંતર્ગત પ્રથમ વ્યંજન "ક ચ ટ ત પ ર" મેલ્લિનમની અંતર્ગત, પંચમ વ્યંજન "ઙ ઞ ણ ન મ" તથા ઈડૈયિનમની અંતર્ગત "ય ર લ વ સ" આદિ વ્યંજન વિભાજિત કરવામાં આવ્યા છે. તમિલમાં બે પ્રકારના 'રણ' છે જેના ઉચ્ચારણમાં થોડોક ભેદ છે. એક ર વલ્લિનમમાં બીજો ર ઈડૈયિનમમાં વિભક્ત છે. આમ તો બંને ર માં પ્રયોગ વિવાદાસ્પદ રહે છે. રનો પ્રયોગ અર્થભેદક પણ છે.

નાની મોટી ચોરીઓ, મોટા મામલાના શ્રીગણેશ, નાના કર્જો ઈત્યાદિ. પાંચ પાંડવોની જેમ.

મેજિસ્ટ્રેટ શ્રદ્ધા સાથે ન્યાય તોળીતોળીને આપી રહ્યા હતા. બસ. છેલ્લો કેસ બાકી રહેલો.

એસ.પી.સી.એ. ઈન્સ્પેકટરનો કેસ હતો. ઘાયલ ઘોડા અને ગાડીવાળાને પકડવાનો આખો કિસ્સો સંભળાવીને ઊતરી ગયા.

દેવ ઈરક્કમ નાડાર એ અપરાધ પર ભડકી ઊઠેલા. એમને લાગ્યું આ વ્યક્તિને સજા કરીને આ પ્રકારના અપરાધ કરવાવાળાને પાઠ ભણાવી શકાશે.

"અરે, તારું નામ શું છે ?"

"સોલ્લ મુત્તુ પિલ્લૈ."

"સોલ્લ મુત્તુ જ કહે. કઠેરામાં ઊભો છે. ને પિલ્લૈ શા માટે જોડે છે ? તેં ઘાયલ ઘોડાને ગાડીમાં શા માટે જોડ્યો ? તારું દિમાગ ફરી ગયેલું છે ? ઉફ, બિચારું મૂંગું પ્રાણી ! એય, ચૂપ શું ઊભો છે ?"

"ધર્મરાજ, મેં મારા ઘોડાને દીકરાની જેમ સાચવ્યો છે. પેટને લીધે લાચાર હતો. નહિ તો હું શા માટે જોડું, સ્વામી ? હવે એવું નહિ થાય. આ વખતે માફી આપો".

"વાહ, શું વાત કરી ? અમે અહીં અમસ્તા બેઠા છીએ ? પાંચ રૂપિયા દંડ નહિ આપે તો પછી એક મહિનો ઠીક છે ને..." પછી એ બીજી તરફ ફર્યા. સુડલૈ મુત્તુ આવેશથી દોડી આવ્યા અને એમના પગ પકડી બોલ્યા, "ધર્મપ્રભુ, આ વખતે માફ કરી દો. બાળબચ્ચાવાળો છું. મારા પેટ પર પાટુ ન મારો..."

"આઘો ખસ, શયતાનના બચ્ચા !" દેવ ઈરક્કમ નાડાર ગર્જ્યા. કોર્ટનો ઓર્ડરલી સુડલૈ મુત્તુ પિલ્લૈને ઘસડીને લઈ ગયો.

રાતના દેવ ઈરકક્મ નાડાર સૂતાં પહેલાં ઘૂંટણિયે પડીને જાપ કરી રહ્યા છે. "પરમ મંડળમાં વ્યાપ્ત પિતા ! આપનું નામ અમને પવિત્ર કરો. આપનું રાજય પૃથ્વીતલ પર આવો. આપની ઈચ્છા આકાશમંડળની જેમ અહીં પણ પૂરી થાઓ. અમારી રોજની રોટી આપ આપ્યા કરો. અમારાં પાપોની ક્ષમા કરો. અમે પણ અમારે આધીન છે તેને ક્ષમા કરીએ છીએ - આમીન !"

આંખો ખોલીને એ ઊઠી ગયા - પેલા અજ્ઞાની ગાડીવાળાને એ ભૂલી ગયા.

શિલ્પીનું નરક

સૂર્યાસ્તનો સમય. કાવિરીપંપૂટ્ટિનમના બંદર પર એ દિવસે ભીડ જરા વધારે જ હતી. કાળા, દૂબળા, મિસ્ત્રદેશના નિવાસી; ગોરા દૂબળા બર્માવાસી; હુષ્ટપુષ્ટ હબસી, શ્વેત યવન; દક્ષિણી તમિલ, ઉત્તરી પ્રાકૃત-એક બીજામાં અટવાઈ ગયેલા. જકાતનાકાના અધિકારી હંસ અને મગરના આકારમાં તરનારાં જહાજોમાં આયાત કરનારી સામગ્રી-નોકરોનું નિરીક્ષણ કરી રહ્યા હતા; સુવર્ણદંડના ઉચિત પ્રયોગ દ્વારા બર્માથી રાજાને માટે સફેદ હાથીઓની આયાત થયેલી. એને જોવા માટે જ આટલી ભીડ જામી છે.

અસ્ત થતા સૂર્યની રોશની એક દુઃખાંત નાટક છે. મંદિરનાં શિખરો. મહેલોના કળશો પર પડતી એની રોશની આંખોને આંજી નાખે છે. સાથે જ એ રોશની સમુદ્રતટના ધ્વજાસ્તંભ પર આવેલા ચમકતા પિત્તળના શિખર પર જેના ઉપર સોનેરી ઢોળ ચડાવવામાં આવેલો, તેના પર પડી રહી હતી અને પરિવેશને મુગ્ધ કરી રહી હતી.

ઈંદ્રોત્સવને સમયે પ્રજાની સુવિધાને માટે બનાવાયેલી ઘાટની સીડીઓ પર પૈલાકર્સ નામનો યવન સમુદ્ર તરફ તાકતો બેઠેલો. લાંબી ચાદર જેવું એની પીઠ પરનું વસ્ત્ર હવામાં લહેરાઈને એની દાઢીને ગરદન સાથે બાંધી દેતું'તું. થોડે થોડે વખતે મોટી લહેરો એની ચામડાથી મઢેલી પાદુકાઓને ભીંજવી રહેલી. પણ એ નિશ્ચલ બેઠેલો. મન જો સ્થિર થઈ જાય તો હવા અને લહેરો શું કરી શકે ?

પૈલાકર્સના વિચારો લહેરોની માફક વિખરાઈ રહ્યા હતા. દિવાસ્વપ્નમાં લીન એ ગાંડાની જેમ આંખો ફાડીને જોતો રહ્યો.

સહસા, 'શિવ,' એક સ્વર. એક તમિલ સાધુ. "યવન તારું ચિત્ત તારી રુચિથી વિપરીત શૂન્યમાં લીન છે ? મેં કાલે જે કંઈ કહ્યું એને તું સમજ્યો ? બધા એ મૂળ શક્તિના ખેલ છે. એનાં જ પ્રતિરૂપો છે. સુંદરી વલ્લી પણ એ જ છે. ભગવાન કુમાર પણ એ જ છે. જો બધા એક જ તત્ત્વમાં તલ્લીન થઈ શકે તો ?"

"આજના દર્શનની અપેક્ષાએ એક જામ ક્યાંય બહેતર છે. એ પણ સાઈપ્રસ દ્રીપની દ્રાક્ષનો બનેલો...... પેલો જે હબસી જઈ રહ્યો છે તે પણ કોઈ સ્વપ્નનો વિશ્વાસ રાખે છે. જો પોતાના પહેલા સૂત્ર પર વિશ્વાસ કરી લેવામાં આવે તો પોતાના દર્શનમાં ક્યાંય કોઈ ભૂલ નહિ.... પણ એનો સ્વીકાર કેમ કરી લેવો ? પોતપોતાની માનસિક ભ્રાંતિને અનુકૂળ અલગ અલગ દર્શન છે.... હું એને નથી ચાહતો.....

બજારમાં ફરતી કર્ણાટકની સુંદરી અને મદિરા મારે માટે પર્યાપ્ત છે."

"શિવ ! શિવ ! આ જૈન પિશાચ પણ બહેતર છે. કાપાલિક પણ સારા જ છે.... તને આવા મૂર્ખામીભરેલા વિચારો લઈને અહીં આવવાનું કોણે કહેલું ?"

"જયાં આપના જેવા માણસો હોય ત્યાં મારું હોવું મહત્ત્વનું છે. અમારા જયૂપિટર અને આપના કાર્તિકેયની બેવકૂફીમાં કંઈ જ ફરક નથી...." પૈલાકર્સ હસી પડ્યો.

"શિવ ! તારા હૃદયમાં સ્નેહ ભરી દીધો છે એણે. આ પણ એનો જ ખેલ છે..." એમણે એમ કહેતાં કહેતાં પોતાના કમંડળમાં રાખેલી વિભૂતિ માથા પર લગાવી દીધી.

"બજાર તરફ થઈ જઈ રહ્યો છું. આવવું છે ?" એ સંન્યાસી ફરીથી બોલ્યો.

"હા ! ત્યાં સાત્તનને મળી શકાય છે. એની સાથેની વાત નિરર્થક નથી થતી. એ સૃષ્ટિનું રહસ્ય જાણે છે...."

"ઓહો ! પેલો બુઢ્ઢો શિલ્પી ? તારી જેમ જ એ પણ પાગલ જ છે.... અરે ! એ પોતે જ ચાલ્યો આવે છે." સાધુએ કહ્યું.

પૈલાકર્સે ઊઠીને યવનની રીતિ અનુસાર એને પ્રણામ કર્યા. સાત્તનની ઉંમર લગભગ એંસી જેટલી હશે. ખાસ્સો બુઢ્ઢો હતો. પણ એની શક્તિમાં ક્યાંય ઓછપ નહોતી આવી. આંખોની તીક્ષ્ણતા ઓછી નહોતી થઈ. લાગે કે જાણે બ્રહ્મા સ્વયં મનુષ્યરૂપે અવતર્યા છે. એણે પણ હાથ જોડી પ્રણામ કરતાં કહ્યું "પૈલાકર્સ, તને જ શોધતો આવ્યો છું. ઘેર આવશે ? મારું લક્ષ્ય આજે જ પૂરું થયું છે......"બાળકની માફક ઉત્સાહિત થતાં તે બોલ્યો.

"આમને જાણો છો ? આપના પાંડ્ય દેશના સાધુ છે. પોતાનું તત્ત્વજ્ઞાન મારા મગજમાં ઠસાવવા માગે છે.... પૈલાકર્સ પાસે કદી આવી રમત ચાલી શકે ?" યવને વ્યંગ કર્યો.

"સ્વામી, પધારો. આજ મારી કુટિરમાં ફળાહાર ગ્રહણ કરો." સાત્તને સાધુને સાષ્ટાંગ પ્રણામ કર્યો.

"આ શું ? તમે પણ ? પૈલાકર્સે કહ્યું. "પૈલાકર્સ, તું નાસ્તિક છે. મને કંઈ દુઃખ નથી. પણ બીજાની મજાક ન કર...." "હું તો જન્મ્યો છું જ એટલા માટે ભાઈ, એ તો મારૂં કામ છે."

"સારું. ચાલતા થઈએ. સ્વામી પધારો." બંનેને શિલ્પી બેલવાડી સુધી લઈ ગયો. ગાડાંની ગતિ ધીમી હતી. બંદર તરફ આવતા હાથી, લદાયેલાં ખચ્ચરો અને મશાલ લઈને જતી ભીડને ખસેડતાં ગાડાને આગળ વધારવું ખાસ્સું કઠણ કામ છે. ઓચિંતાના જો કોઈ રાજ કર્મચારીનો રથ અથવા હાથી આવતા તો સડક પર કોલાહલ મચી જતો. તુરાહી વાજાંનો પણ શો ફાયદો ? મીઠાથી ભરેલી ગાડી હાંકતી છોકરી; જો જરાક ચૂકી જાય તો રથ નીચે આવી જાય. સાત્તનની ગાડી એની સાથે અથડાતાં બચી ગઈ.

"ઈશ્વરની ઈચ્છા !" સાત્તને કહ્યું. "તમારી સર્જનશક્તિ છે !" પૈલાકર્સ થોડી વાર વિચાર કરીને બોલી ઊઠયો.

"પૈલાકર્સ, તારી વાતો મારી યશેચ્છાને શાંત કરી શકે છે. મેં કેટલા દિવસ કષ્ટ સહન કર્યું છે ખબર છે ? તું તો ગઈકાલનો છોકરો છે... બધા ખેલ છે ! એમાં પણ કેટલો અર્થ છુપાયલો છે !... મનુષ્ય જે કંઈ જાણે છે, અથવા તો એને જે કંઈ જાણવું છે તે બધું જ આ પ્રપંચથી ભરેલું વિશ્વ છે. આ કેવળ શૂન્ય નહિ, મૂર્ખતાપૂર્ણ સમસ્યા પણ નહીં... ત્યારે મારી ઉંમર વીસ વર્ષની હશે... એક વાર પાંડ્ય દેશ ગયેલો. ત્યાં ક્ષત્રિય જાતિની નાગણે એક લોકનૃત્યમાં ભાગ લીધેલો. એના પગની એ લચક, એ વળાંક મેં બધી જ મુદ્રાઓ ત્યાંથી લીધેલી... વિશ્વના તાત્પર્યને એક એક કરીને ગ્રહણ કરતાં કરતાં... ધીરે ધીરે જ્ઞાનમાં વૃદ્ધિ થઈ. મલયદેશની એ અભિનેત્રીના મુખની શાંતિ, એ અપૂર્વ મલકાટ, અર્થહીન અર્થને... પૈલાકર્સ તારે શું ? તું મજાક કરશે - મેં બધાં ઉપનિષદો તપાસ્યાં. હિમાલયમાં શોધ કરી - મને શાંતિ તે રાત્રે મળી જયારે મારી પત્ની અંગર્કણ્ણીનું મૃત્યુ થયું. પછી આ શરીરને કેટલી પરીક્ષા ઓમાંથી પસાર થવું પડયું. કેટલી નિરાશાઓ ભોગવવી પડી. માત્ર આશાના બળ પર જીવી રહ્યો. રૂપસૌંદર્યને પામવા માટે કેટલા લોકોમાં શોધ ચલાવી હશે... એની એક છાયા... નીલમલૈ કોંડુગોલનની કમરની લચકમાં દેખાઈ... ઈશ્વર છે.... એનો અર્થ જો મારી મૂર્તિ સમજાવી શકે તો તે મારા પૂર્વજન્મનું ફળ છે. આ હાથોને જો કદી કોઈ સાર્થક વસ્તુ ન પ્રેરે... તો બધું કઈ રીતે સંભવિત થાય ?"

"સાધના તમારી છે. તમે બ્રહ્મા છો. તમારી સાધના છે આ સૃષ્ટિ. બબડાટ ન કરો. તમે જ બ્રહ્મા છો. સૃષ્ટિના રચયિતા !" પૈલાકર્સ કહેતો જ ગયો.

સાધુ મલકાતાં બહાર જોઈ રહેલા. ગાડી બજારમાં પહોંચી. નીચલા ચોકની બાજુ પરની એક ગલીમાં વળીને એક મકાન પાસે અટકી ગઈ.

ત્રણે જણા દરવાજા સુધી પહોંચ્યા. એક યવન સ્ત્રીએ પગ ધોયા. એક હબસીએ માનપૂર્વક નમીને કલિંગ દેશના વસ્ત્રથી પગ લૂછી આપ્યા.

"સ્વામી પધારો ! પૈલાકર્સ અહીં આવો." બંનેની આગેવાની કરતો સાત્તન એક ઓરડા સુધી પહોંચ્યો. આ ઉંમરે એની ચપળતા જોવાલાયક હતી.

"મુંગાપો ! દીવો પ્રગટાવો !" એણે બૂમાબૂમ કરી. હબસીએ દીવો લઈને ઓરડામાં પ્રવેશ કર્યો. જોકે એ ઓરડામાં બારી કયાંય નહોતી, તો ય આવતી તાજી હવાએ એને મુગ્ધ કરી દીધો.

"અહીં પણ દીવો નથી ? પડદો ખસેડો ! સ્વામી, પૈલાકર્સ, આ મારું જીવન છે !" કહેતાં કહેતાં એણે પડદો ખસેડયો. બંને થંભી ગયા. મધ્યમ પ્રકાશમાં એક પગ ઉઠાવેલી માનવાકાર મૂર્તિ ! ફેલાયેલી જટાઓ, તેના ઉપર અર્ધચંદ્ર, મુદ્રાઓવાળા હાથ, અધરો પર એક અપૂર્વ મલકાટ - હૃદય મુગ્ધ થઈ ગયું. ત્રણે મૂર્તિવત્ થંભી ગયા. મૂર્તિના પ્રત્યેક હાવભાવમાં કેટલી જીવંતતા હતી ! સંન્યાસી અજાણતાં જ ગાઈ

ઊઠયા:

'હિમસિકત જટા, પરવાળા સમ તનની દુગ્ધ ધવલકાંતિ,
ધનુષાકાર ભ્રમરો, બિંબાધર પર છવાયેલું હાસ્ય,
ઊઠેલા સુવર્ણપદનાં મળે દર્શન સ્વીકાર્ય મને
એવું જીવન, અગર મળે માનવ તન !

"સ્વામી આવું ન કરો."

"સાત્તા, એ ઠીક જ કહે છે. આ કલા છે ? આ તો સૃષ્ટિ છે ! આનું શું કરશો ?"

"આ પણ કંઈ સવાલ છે ? રાજમંદિરમાં ભેટ આપીશ."

"શું ? આ ગાંડપણ છોડો. રાજાના અંત:પુરમાં પ્રતિષ્ઠિત નગ્ન મૂર્તિઓની પાસે મુકાવી દો તો એની સાર્થકતા થશે... એને તોડીને પહાડો પર ફેંકી દો, તો પણ એનું કંઈક તાત્પર્ય જળવાશે..." ચિતભ્રમ થઈને પૈલાકર્સ બોલ્યો.

"છિ: પૈલાકર્સ ! તારા ગાંડા સિધ્ધાંતોને માટે યવન દેશ જ યોગ્ય છે. અગસ્ટસ - તમારા લોકોનો સમ્રાટ, એ જ તારો પ્રલાપ સાંભળી શકશે.

"સાત્તનાર તારાં બધાં જ કાર્યોનું અંતિમ લક્ષ્ય રાજાની પ્રાર્થના જ છે ! જોઈએ, હવે આ જૈની કેવું મસ્તક ઉઠાવે છે..." સાધુએ કહ્યું.

"આવા ગાંડા મનુષ્યો કરતાં તો આ સાગર બુધ્ધિમાન છે...!" અને ગુસ્સે થઈને પૈલાકર્સ બહાર નીકળી ગયો.

2

તે દિવસે કુંભાભિષેક હતો. મૂર્તિની પ્રતિષ્ઠાનો દિન. ચૌલ સામ્રાજયમાં તે દિવસે કોલાહલ મચી ગયેલો. સત્તનનું ધ્યેય પૂરું થયું. એને ખૂબ જ દુ:ખ હતું કે પૈલાકર્સ એના આનંદમાં ભાગ લેવા માટે જીવંત નહોતો.

નવા મંદિરેથી ઘેર પાછા આવતાં અર્ધરાત્રિ વીતી ગયેલી. ઉંમરનો થાક માત્ર એ દિવસે એને વરતાયો. થાકીને આડો પડયો પડયો સૂઈ ગયો...

"આહા ! કેટલો પ્રકાશ છે ! સીમાહીન સ્થળ ! એનાં સાત્તનનું લક્ષ્ય, અર્થહીન છતાં સાર્થક મલકાટ ! હૃદયના તાલ પર થતું એ નૃત્ય ! કેટલી ચેતના છે ! કેવી સૃષ્ટિ છે !"

અચાનક અંધકાર થઈ ગયો. ઘોર અંધકાર ! શૂન્ય હૃદય જેવો અંધકાર !

પાછો પ્રકાશ... સુવર્ણમંદિર ! આંખોને આંજનારો પ્રકાશ ! ઘંટડીઓના રણકાર સાથે દ્વાર આપોઆપ ખૂલે છે. અંદર એ જ પૂર્વવત્ અંધકાર ! સાત્તન અંદર પ્રવેશ કરે છે. અંધકારના જન્મસ્થાન, જેવું સ્થળ. એક આછો પ્રકાશ !

"આ શું ? આ એ જ મૂર્તિ છે ! જડ ! આકર્ષિત કરનારું હાસ્ય પણ નહિ ! બધી ભ્રાન્તિ ! અંધારા દરવાજામાંથી છાયા ઝૂકતી ચાલી આવે છે ! ઝૂકીને પ્રણામ કરે છે.

"મને મોક્ષ જોઈએ છે ! મને મોક્ષ જોઈએ છે !" પ્રતિધ્વનિ..... કરોડો છાયા ઓમાંથી એક પણ એ મૂર્તિ તરફ નજર ઉઠાવીને નથી જોતી ! બસ, રોજ આમ જ.....

દિવસ, વર્ષ, શતક, લહેરોની જેમ બદલાતાં જાય છે. અનંત સમયમાં પણ છાયા મૂર્તિની તરફ નથી જોતી.

"મને મોક્ષ જોઈએ છે..." એ જ મુખ, ગીત, બધું એ જ....

સાત્તન મૂંગો મૂંગો ઊભો છે.... કેટલા યુગ ? એ પાગલ થઈ જાય છે, જીવહીન મોક્ષ મૂર્તિ.

"હું તને તોડી નાખીશ. હે દેવતા ! તૂટશો નહિ ! તૂટી જાઓ ! તમે છિન્નભિન્ન થઈ જાઓ ! નહિ તો ફરીથી તમારા હાથનો અગ્નિકળશ મારો નાશ કરશે ! અર્થહીન છે બધું...." સહસા વીજળીના ધમકારાની સાથે મૂર્તિ તૂટી જાય છે. સાત્તનના આલિંગનમાં એના રક્તમાં ભીંજાઈ જાય છે... રક્ત શું આટલું પવિત્ર હોય છે ? એ જ પહેલાં જેવો મલકાટ !

સાત્તન ચમકીને ઊઠી ગયો. સવાર પડી ગઈ. નવા મંદિરના શંખનાદની સાથે એનું હૃદય ચલિત થઈ ગયું છે. "કેવું ભયંકર સ્વપ્ન હતું. છિઃ !" વિભૂતિને માથે ચડાવી લે છે. "પૈલાકર્સ - બિચારો ! એ જીવતો હોત તો..."

સાત્તનનું મન શાંત ન થયું.

કાંચના

તે રાતે હું સૂઈ ન શક્યો. કારણ મને પોતાને ખબર નથી. કોઈ વાતનું દુ:ખ પણ નહોતું. નહોતું અતિશય સુખ કે આંખ જ ન મળે. હું એક સાધારણ વ્યક્તિ છું. બીજાઓની માફક. પણ મારો ધંધો બીજાઓ કરતાં જરા જુદો છે. હું વાર્તાકાર છું. એટલે કે ગપ્પાં મારું છું. એ ગપ્પાંઓ સહેનારાં ચોપાનિયાંઓને લીધે જીવું છું. મારું સ્વીકૃત અસત્ય, એટલે ઈશ્વર, ધર્મ આદિ કેટલાંય નામો વડે વિશ્વના બહુમતને પ્રાપ્ત કરવું. એને જ સૃષ્ટિ અથવા કલ્પનાલોકનું સંચરણ પણ કહે છે. આવા અસત્યભાષીને દ્વિતીય બ્રહ્મા પણ કહે છે. એ બ્રહ્માની પરંપરામાં હું કનિષ્ઠ પુત્ર છું. જ્યારે આ વાતોનો વિચાર કરું છું, ત્યારે ગર્વ જેવું થાય છે. આપણી સૃષ્ટિની જેમ આ બ્રહ્માની સૃષ્ટિ પણ શું અસત્ય છે ? હું અસત્ય છું ? જો આવા દાર્શનિક વિચારો રાતના બાર વાગ્યે આવવા માંડે તો પોતાની પાચનશક્તિ પર કોણ શંકા નહિ કરે ? "અરે હટ" કહેતો હું ઊઠીને બેઠો થયો.

બેઠાં બેઠાં જ વીજળીની સ્વીચ ચાલુ કરવાની સુવિધા આ ઘરમાં છે. બત્તી કરી. પ્રકાશથી આંખો અંજાવા માંડી. પાસેના ખાટલા પર મારી પત્ની ઊંઘતી'તી. ઊંઘમાં કોણ જાણે કેમ એના હોઠને ખૂણે મલકાટ દૃષ્ટિએ પડયો.

બત્તી બુઝાવી નાખી. આછી ગંધ હજી છવાયેલી હતી. બારી પાસે જઈને બહાર નજર કરી. માત્ર નક્ષત્રોનો પ્રકાશ.

ઘરનાં બારીબારણાંમાં આછો સંચાર થયો. કેવળ એક ક્ષણને માટે. ફરીથી એ જ નિસ્તબ્ધતા. કદાચ ધરતીકંપ છે ? નક્ષત્રોના પ્રકાશમાં એક ફળાહારી ચામાચીડિયું પોતાની પહોળી પાંખો ફેલાવીને ઊડતું ઊડતું સામા જંગલોમાં છુપાઈ ગયું.

દુર્ગંધ અને સુગંધ સહસા વિલીન થઈ ગઈ. હું આવીને આડો પડયો.

2

બીજે દિવસે સવારે જ્યારે મારી આંખો ખૂલી ત્યારે એક પહોર વીતી ચૂકેલો. બારીમાંથી પડેલાં છાપાંઓને લઈને બહાર ઓસરીમાં પડેલી વાંસની ખુરસી પર બેસી ગયો. સહેજ ચીસ પાડીને શાંત થઈ ગઈ.

"એક તો આખી રાત જાગતા રહ્યા, અને મોડા ઊઠ્યા; ઉપરથી અહીં આવીને બેસી જશો તો કોફીનું શું થશે ?" મારી સહધર્મચારિણીએ પાછળથી આવીને ધક્કો માર્યો.

સંયુક્ત રાજ્યના જબરદસ્ત પ્રત્યાવરોધીની નિર્બાધ પ્રગતિમાં ફસાયેલા પ્રજાતંત્ર અને વિશ્વશાંતિમાં વિશ્વાસ રાખવાવાળો હું જરાક અધીરો થઈ ગયો. "બધો દોષ તારા

પાકશાસ્ત્રનો છે," મેં એક અર્થહીન કટાક્ષ કર્યો અને ઊઠી ગયો. "જ્યારે તમારો વખત પસાર નથી થતો ત્યારે મારામાં મીન-મેખ કાઢ્યા સિવાય બીજું કરશો તો પણ શું ? તમારી વાતો કંઈ તમારી વાર્તાઓથી કમ નથી," કહેતાં કહેતાં તે રસોડામાં ચાલી ગઈ.

હું પણ પારિવારિક રીતિઓને અનુસાર દાંત સાફ કરી ગરમ કોફીનો ગ્લાસ હાથમાં લઈને છાપાનાં પાનાં ઉથલાવવા માંડ્યો.

એ જ સમયે એક યુવાન ભિખારણ કંઈક ગાયન ગાતી ગાતી બારણામાં 'મા' કહેતી આવીને ઊભી રહી.

મેં નજર ઉઠાવીને જોયું. મને લાગ્યું, આ ભિખારીઓની સાથે દલીલ કરવી નકામી છે. મેં છાપું ઊંચું કરીને એક દીવાલ જેવું બનાવી દીધું.

"આટલી હૃષ્ટપુષ્ટ છે. ચાર ઘરનાં કામ કરીને કમાઈ નથી શકતી ?" મારી પત્ની લગભગ ધમકાવતી બહાર આવી.

"કામ મળે તો શા માટે ના પાડું, માજી ?" "પાણી ઊકળી રહ્યું છે." "આ મહોલ્લામાંથી માત્ર મુઠ્ઠીભર ચોખા પણ નથી મળ્યા. લાજ ઢાંકવા માટે કંઈક કપડું તો આપો, મા." ભિખારણ પોતાના હાથચાલાકીના પ્રયોગો કરવા માંડી.

"કામ હું આપીશ; ઘરમાં રહેશે ? પેટભર ખાવાનું આપીશ. શરીર ઢાંકવા માટે કપડાં પણ, બોલ કામ કરશે ?" પત્ની બોલી.

"પૂરતું છે મા. આ જમાનામાં આટલું પણ કોણ આપે છે ?" કહેતાં કહેતાં મારી પત્નીને જોઈ હસી ઊઠી.

"સાંભળો છો ? આને બે દિવસ ઘરમાં રાખી જોઉં ? હું આમે ય વારંવાર કામ કરીને થાકી જાઉં છું ને !" મારી પત્નીએ કહ્યું.

"છિ: ગાંડી થઈ છે ? કોણ જાણે કેવી ભિખારણને ઘરમાં લાવવા માગે છે ? દુનિયાભરમાં બીજું કોઈ ન મળ્યું ?" મેં કહ્યું.

બહાર ઊભેલી ભિખારણ હસી પડી. એના હાસ્યમાં ભયંકર આકર્ષણ હતું. મારી પત્ની એને એકીટશે જોઈ રહી. જાણે એનું સમગ્ર મન એ અનામી ભિખારણમાં કેન્દ્રીત થઈ ગયું હોય !

"ચહેરો જોઈને માણસને ઓળખી નથી શકાતું ? તું અંદર આવ," અધિકારપૂર્વક કહેતાં કહેતાં એને અંદર લઈ ગઈ.

મનમાં ને મનમાં પ્રસન્ન થતાં એ મોહિની ભિખારણે અનુગમન કર્યું. આ શું ? મેં આંખો ખેંચીને તેનાં તળિયાંને જોયાં. એ જમીનથી રતીભર ઊંચાઈએ નિરાધાર ચાલી રહ્યાં હતાં. આખા શરીરમાં ધ્રુજારી ફેલાઈ ગઈ. કંઈ ભ્રમ તો નથી ? બીજી વાર જોવા જાઉં તો પેલી ભિખારણ પાછું ફરીને મલકાઈ. એ મલકાટ હતો ! જાણે હાડકાંની અંદર બરફના ભાલા ભોંકી દીધા હોય ! અને હું બેચેન થઈ ગયો.

મેં પત્નીને બોલાવી. મેં એને સમજાવ્યું કે આ ભિખારણનું ઘરમાં આવવું ઠીક

નથી. એણે જિદ કરી કે આ અપૂર્વ ભિખારણને કામે રાખવા માગે છે. ગર્ભવતીની ઈચ્છાઓની કોઈ સીમા હોય છે ? કોઈક આપત્તિની આશંકાથી હૃદય વારંવાર ધડકવા માંડયું. પેલીના પગ તરફ ફરીથી જોયું. સામાન્ય માણસોની માફક એના પગ પણ જમીન પર ચાલતા હતા. આ કેવી ભ્રાંતિ છે !

તેનાલિરામને પ્રમાણિત કર્યું છે કે કાળા કૂતરાને સફેદ કૂતરામાં ફેરવી શકાતો નથી. પણ મારી પત્નીએ એ સાબિત કરી દીધું કે બધી ભિખારણો અમારી માફક માનવ જ છે. નાહીધોઈને જૂનાં પણ સ્વચ્છ કપડાં પહેર્યા પછી કોઈ એની પાસે બેસીને વાત કરી શકે ખરું ? ભિખારણ કદાચ હસાવવામાં હોંશિયાર હતી. વારંવાર હસવાનો અવાજ સંભળાતો હતો. મારી પત્નીની એ એટલી વિનમ્રતાથી સેવા કરતી રહી કે એને જોઈને ખુદ હું આશ્ચર્યમાં પડી ગયો. ક્ષણ પહેલાંના ભયનો સ્વયં હું જ ઉપહાસ કરવા લાગ્યો.

સાંજનો સમય. રાત ઘેરાતી જતી'તી. મારી પત્ની અને પેલી નોકરાણી હસીને વાતો કરતાં હતાં. આગલા ઓરડામાં બત્તી કરીને ચોપડી વાંચવાને બહાને એને જોતો રહ્યો. મારા અને એના ઓરડાની વચ્ચે એક નાનો વરંડો હતો. ત્યાં મેં એક આયનો લગાવી રાખેલો. એ બંનેનું પ્રતિબિમ્બ એમાં સાફ દેખાતું હતું.

"તું તો જાણે કયાંની કયાં ફરી આવી છે. કંઈક વાતો તો કર." મારી પત્ની બોલી.

"હા, હું કાશી, હરદ્વાર બધી જગ્યાએ ફરી છું. કાશીમાં એક વાત સાંભળેલી તમને સંભળાવું ?" એ બોલી. "સંભળાવને. કઈ વાત છે ?" મારી પત્નીએ વ્યગ્રતાથી પૂછ્યું.

"પાંચ સો વર્ષ પહેલાંની વાત છે. કાશીમાં એક રાજાની એકની એક દીકરી હતી. દુનિયાભરમાં એનાથી સુંદર કોઈ નહોતું. રાજાએ એને દરેક પ્રકારની વિદ્યા શીખવી. એનો ગુરુ કોઈ જાદુગર હતો. યંત્ર, તંત્ર, મંત્ર બધું જ જાણવાવાળો. એની નજર પેલી પર હતી પણ એ છોકરી તો મંત્રીના પુત્ર સાથે પરણવા માગતી'તી. એને એ વાતની ખબર પડી ગઈ. કોને ? પેલા ગુરુને..."

કેટલી વિચિત્રતા છે ? હું એની વાત સાંભળું છું કે હાથમાં પકડેલી ચોપડી વાંચું છું ? હાથમાંનું પુસ્તક ઐતિહાસિક શાસન નામનું અંગ્રેજી પુસ્તક છે. એમાં વારાણસીના મહારાજાની પુત્રીની કહાણી અક્ષરોમાં બધ્દ મને તાકી રહી'તી. સામે ખુલ્લા પાનાનું અંતિમ વાક્ય હતું. 'એ જાદુગરને એ વાતની ખબર પડી ગઈ.' આ વાક્યનું અંગ્રેજી રૂપાન્તર. મસ્તક ઘૂમવા માંડયું. માથે પસીનો વળવા માંડયો. શું હું ગાંડો થઈ ગયો છું ? સામેના પાના પર મારી આંખો ઠરી ગઈ. અક્ષર વિલીન થવા માંડયા.

સહસા એક ભંયકર હાસ્ય ! મારા હૃદયને ચીરનારું. ચમકીને માથું ઊંચું કર્યું. મારી દૃષ્ટિ આયના ઉપર પડી. એમાં એક ભયંકર આકૃતિ, ઉન્મત્તતાથી દાંત બતાવતી હસી રહી' તી. મેં સ્વપ્નમાં કે શિલ્પીઓ દ્વારા નિર્મિત મૂર્તિઓમાં કેટલીય ભયાનક આકૃતિઓ જોયેલી પણ આટલી ભયાનકતા કયાંય નથી જોઈ. બધી કુરૂપતા જાણે

દાંતોમાં કેન્દ્રીત હતી મુખ પર મોહિત કરવાવાળી શાંતિ. આંખોમાં રક્તની પ્યાસ. દાંતોમાં ચરબી ચીરીને ખાવાની વ્યગ્રતા એ મલિન પ્રતિબિંબની પાછળ સગડીની આગની લપલપાતી જીભ. હું વિવશ થઈને એને જોઈ રહ્યો. પ્રતિબિંબ ક્ષણભરમાં વિલીન થઈ ગયું. પાછું એ જ ભિખારણનું પ્રતિબિંબ.

"હું તો તારું નામ પૂછવાનું ભૂલી જ ગઈ." મારી પત્નીનો સ્વર મારા કાને અથડાયો "કાંચના કહીને જ બોલાવોને ! વાર્તાની કાંચનાની જેમ ગમે તે નામે બોલાવો. કોઈ પણ નામ ચાલશે." ભિખારણે કહ્યું.

હું મારી પત્નીને ત્યાં એકલી છોડી ન શક્યો. કોને ખબર શું થઈ જાય ! હૃદયમાં ભય ઘર કરી જાય તો કમકમાટ આપોઆપ વધવા માંડે છે.

હું અંદર ગયો. બંને હસીને વાતો કરતી'તી. કૃત્રિમ હાસ્ય મોઢા પર લાવતાં લાવતાં મેં અંદર પ્રવેશ કર્યો, "સ્ત્રીઓ જ્યાં કામ કરતી હોય ત્યાં તમારે શું કામ છે. ?" પત્નીના તીર જેવા વાક્યે પ્રતિરોધ કર્યો.

કાંચના નામની એ ભિખારણ નીચી વળીને કંઈક ઠીક કરતી હતી. હોઠોના ખૂણે દુષ્ટતાભર્યું હાસ્ય રમતું'તું. હું નિરુત્તર પુસ્તકના ઘોડા પાસે રહી ગુપચુપ જોવા માંડયો. પત્ની ગર્ભવતી હતી. એને શા માટે બિવડાવું ? એને શી રીતે બચાવવી ?

ખાવાનું ખાધું. સૂવાની તૈયારી કરી. અમે બંને ઉપર સૂઈ ગયાં. કાંચના નીચે, આગળના ઓરડામાં.

હું પથારીમાં આળોટતો રહ્યો. આંખો મીંચાણી નહિ. કેમ મીંચાય ? ખબર નથી આમ જ કેટલી વાર પડયો રહ્યો ! આજ પણ એ એ જ ગંધની પ્રતીક્ષામાં હૃદય ધડકવા માંડયું. બાર વાગ્યા છિ: કેટલી દુર્ગંધ ! એકદમ સડેલા જેવી ગંધ ! ઊબકો આવી ગયો. થયું કે તમાકુમાં કંઈક ખરાબી છે. ઊઠીને બારી પાસે જઈને કોગળા કર્યા. ફરીથી આવીને સૂઈ ગયો.

દુર્ગંધ અસહ્ય હતી. જાણે કયાંક લાશ સડી રહી હોય ! હું સહન ન કરી શક્યો. મારી સમજમાં કંઈ આવ્યું નહિ. દુર્ગંધ બારીમાંથી આવે છે ? આછી પણ હવા નથી આવતી. ખાટલેથી ઊતરીને બારી તરફ ગયો. બે જ ડગલાં ભર્યાં હશે, દુર્ગંધ એકદમ સમામ થઈ ગઈ. પાછી એ જ દુર્ગંધ. ખાટલા નીચે કંઈ ભર્યું તો નથી ? બત્તી કરી. ખાટલા નીચે જામેલી ધૂળથી છીંક આવી. ઊઠીને શરીર ખંખેરવા માંડયો.

છીંકથી પત્ની જાગી ગઈ. "હજી સુધી સૂતા નથી ? કેટલા વાગ્યા છે ?" કહેતાં કહેતાં બગાસાં ખાવા માંડી.

બરાબર બાર વાગીને એક મિનિટ થયેલી.

કેટલી આશ્ચર્યની વાત છે, હવે દુર્ગંધ અચાનક સુગંધમાં બદલાઈ ગઈ. અગરુની ગંધ, એ પણ સસ્તું અગરુ, લાશની પાસે સળગાવાતું.

"તને કંઈ ગંધ આવે છે ?" મેં પૂછ્યું. થોડી વાર સૂંઘ્યા પછી કહે," કંઈક આછી આછી અગરુની ગંધ આવે છે; ક્યાંક કોઈએ સળગાવ્યું હશે. મને ઊંઘ આવે છે.

બત્તી બંધ કરીને સૂઈ જાવ." માણસોને દાર્શનિક વિચારો તરફ ઘસડી જનારી પોતાની પાકવિદ્યા પર કદાચ ખુશ થતી હશે. ઊંઘમાં ગણગણતી પડખું ફરીને સૂઈ ગઈ.

એને ત્રણ મહિનાનો ગર્ભ છે. મને ઊંઘ નથી આવતી. પણ એને શા માટે જાગતી રાખું ?

તરત બત્તી બંધ કરી. મને હંમેશાં અંધારામાં બેસી રહેવું ગમે છે. અંધારામાં વિલીન થઈને આપણે બીજાની દૃષ્ટિથી બચી શકીએ છીએ ને ? આપણે પણ આપણા અંધારાના દુર્ગમાં રહેતાં મનની ગાડીને ઈચ્છાનુસાર દોડાવી શકીએ છીએ. સાધારણત: લોકો મનને તીવ્રગામી રથ કહે છે. માનવજન્મ પણ અનાદિકાળથી ચાલી આવતી આ ગાડી આજ ઘસાઈ ગયેલા રસ્તા પર ચાલે છે. પૈડાંઓ નિરંતર ચાલવાથી રસ્તામાં ક્યાંક ખાડાખબડા થઈ ગયા છે. ક્યારેક ક્યારેક પૈડાં એ ખાડામાં થઈને સહસા બહાર આવે છે. તેમાં બેઠેલા માણસોને ઝાટકા જેવું લાગે છે. બાકી આખો રસ્તો આપદા વિનાનો છે. સ્મૃતિસુખમાં ખોવાયેલા રહેવાને લીધે કદાચ ચૂનો વધારે લાગી ગયો હશે. જીભમાં છાલાં પડી ગયાં. હું એની પરવા નથી કરતો. અંધારામાં પાન ખાવા માગું અને આ રીતે બેલગામ મનને દોડાવવા પણ માગું તો એવી વિપત્તિઓ સામાન્ય છે. હથેળીમાં રાખેલી તમાકુને પવિત્રતાથી મોઢામાં નાખી દીધી.

અગિયારમા ટકોરાનો ઝણકાર શાંત ન પડયો.

ક્યાંક કમાડનો કિચૂડાટ થયો.

સહસા મારા હાથ પર તીણા નખના ઊઝરડા થયા અને પછી અદૃશ્ય થઈ ગયા. હું રઘવાયો થઈ ગયો. સારું થયું મેં ચીસ ન પાડી.

મારી પત્નીનો હાથ મારા ઉપર પડેલો. શું એ એનો જ છે ?

ઝૂકીને જોયું. એ શાંતિથી શ્વાસ લેતી સૂતી'તી. નીચે જઈને જોવાની ઈચ્છા થઈ. પણ બીક પણ લાગી.

ગયો. ગુપચુપ અવાજ કર્યા વિના ઊતર્યો. એક યુગ સમાપ્ત થઈ ગયો.

ગુપચુપ આગલા ઓરડામાં ડોકિયું કર્યું. બહારનું બારણું ઉઘાડું હતું. બારીમાંથી આવતી ચાંદનીમાં ખાલી સાદડી અને તકિયાને જોઈ શક્યો.

મારા પગ કાંપવા માંડયા.

પાછું જોયા વિના સંભાળીને ડગલાં ભરતાં ભરતાં દાદરા પાસે આવી અટકી ગયો. "ઉપર તો નથી ચાલી ગઈ ?"

ઝડપથી ઉપર આવ્યો. ત્યાં સર્વત્ર શાંતિ હતી.

એ જ પહેલાં જેવી શાંતિ.

મન અશાંત થઈ ગયું.

ઉપર બારી પાસે આવીને ચાંદનીને જોઈ રહ્યો. ક્યાંય માનવસંચાર નહોતો. ક્યાંક કૂતરો રડી રહ્યો હતો. એક વિશાળકાય ચામાચીડિયું સામેના જંગલમાંથી અમારા ઘર

તરફ ઊડતું આવ્યું. બહાર તાકતાં તાકતાં બધો જ ભય શમી ગયો. મને વિશ્વાસ આવ્યો કે એ કેવળ મારા મનની ભ્રાંતિ હતી.

પણ નીચે.

ફરીથી જોવાની ઈચ્છા થઈ.

નીચે ઊતર્યો.

હિંમતથી બોલી ન શક્યો.

એ જ ! કાંચના સાદડી પર બેઠી છે. મને જોઈને હસી પડી. ઝેરીલું હાસ્ય. આખું હૃદય ભયથી થીજી ગયું. હું શાંત દેખાવાનો અભિનય કરતાં કરતાં બબડયો. "હજી સુધી ઊંઘ નથી આવી ?" અને દાદર ચડવા લાગ્યો.

ત્યારે ધૂપની સુગંધ આવી'તી ? કદાચ. હા, સવારે જયારે હું ઊઠયો ત્યારે મોડું થઈ ગયેલું.

"શું છે, રોજ મોડે સુધી સૂઈ રહો છો ? કોફી ઠંડી થઈ રહી છે." મારી પત્નીએ મને જગાડયો.

3

અંધકાર અને ભયના દુશ્મન પ્રકાશમાં બધું જ બદલાયેલું લાગે છે. પણ મનના કોક ખૂણામાં ભય વ્યાપી ગયો છે. આ આપત્તિને કેમ ટાળી શકાય ?

પત્ની પરપુરુષગામી હોય તેનું દુ:ખ શું બીજા કોઈ સાથે વહેંચી શકાય છે ? આ પણ કદાચ એવું જ છે. મારી જેમ સમાજની સાહિત્યસેવાનો ઢોલ પીટવાવાળી વ્યક્તિ કોઈને કહે કે "ભાઈ મારા ઘરમાં એક ભૂત આવીને રહ્યું છે. ખબર નથી એ મારી પત્નીને શું કરી નાખે ! આ વિપત્તિને ટાળવાનો કોઈ ઉકેલ બતાવી શકશો ?" તો સાંભળવાવાળા નક્કી કાં તો એને મજાક સમજે; નહિ તો પછી મને પાગલ સાબિત કરી દે.

કોને જઈને આ વાતો કહીને રસ્તો કાઢું ? ક્યાં સુધી હું ચોકીદારી કર્યા કરું ? ખબર નથી આનું પરિણામ શું આવશે ? આ વાતો ન તો હું ગળે ઉતારી શક્યો, ન પચાવી શક્યો. કોને ખબર પેલી નોકરાણીએ કેવો મંત્ર ભણેલો. મારી પત્નીએ અને એણે કોઈ જાતના બોજા વિના દિવસ વિતાવી દીધો.

દિવસે અંધકારનો પીછો કર્યો. આખો દિવસ જાણે બહુ જલદી વીતી ગયો. રાતના સૂતી વખતે મારી પત્નીએ કહ્યું, "કાંચના આજ ઉપર આપણા ઓરડાની બાજુના ઓરડામાં સૂશે." મને લાગ્યું જાણે મેં અંગારાને હાથમાં લીધા છે.

આ પણ કદાચ કોઈ ચાલ છે. મેં નિશ્ચય કર્યો કે આજે હું સૂઈશ નહિ. આખી રાત બેઠાં બેઠાં જ વિતાવીશ.

"સૂશો નહિ ?" પત્નીએ પૂછયું.

"મને ઊંઘ નથી આવતી." મેં કહ્યું. મનમાં ભય ભાલાની જેમ વીંધવા લાગ્યો.

"તમારી મરજી." એ ફરીને સૂઈ ગઈ. ગાઢી નિદ્રા કેવળ નિદ્રા જ છે ? બેઠાં બેઠાં હું કંટાળી ગયો.

જરા આરામ કરવાની ઈચ્છા થઈ. બારના ટકોરા પડવા માંડયા.

આ કેવી ગંધ છે !

બાજુમાં સૂતેલી પત્ની અમાનવીય સ્વરે ચીસ પાડી ઊઠી. અર્થહીન સ્વરોની વચ્ચે 'કાંચના' નામ સ્પષ્ટ સંભળાયું.

ઊઠીને બત્તી કરી. અને એને ઊઠાડી. ભાન આવતાં જ એ લથડિયાં ખાતી બેઠી થઈ.

"મને લાગ્યું કોઈ મારી ગરદનમાંથી બધું લોહી શોષી રહ્યું છે." આંખો લૂછતી એ બોલી.

ગરદન તરફ જોયું. ટાંકણીની અણી જેટલું લોહી જામી ગયેલું. એનું શરીર કાંપવા લાગ્યું.

"ડર નહિ. કોને ખબર શું વિચારો કરતાં સૂતી હશે." હું જાણીબૂઝીને જૂઠું બોલ્યો. એનું શરીર કંપી રહ્યું, તું. બેહોશ થઈને પથારી પર ગબડી પડી.

એ જ સમયે બહાર કંઈ શબ્દ સંભળાયો. કોઈ ભયાનક ગીત.

અધિકારપૂર્ણ સ્વરમાં 'કાંચના - કાંચના'ના અવાજ. આખા ઘરને હચમચાવી મૂકનારી ચીસ. બારણાં અથડાવા લાગ્યાં.

પાછી શાંતિ, સ્મશાનની શાંતિ, મેં ઊઠીને બહાર જોયું. સડકની વચ્ચોવચ્ચ એક વ્યક્તિ ઊભેલી. કેટલી રુઆબદાર આકૃતિ હતી. "અહીં આવો." એણે ઈશારો કર્યો.

હું કશું કર્યા વિના નીચે ઊતરી ગયો. જતાં જતાં કાંચનાના રૂમમાં જોવાનું ન ભૂલ્યો. મારી અપેક્ષાને અનુરૂપ એની પથારી ખાલી હતી.

સડક પર ગયો.

"માજીના માથા ઉપર આ લગાવો. હવે કાંચના નહિ આવે. જાવ તરત લગાવો. માજીને ઉઠાડતા નહીં." એણે કહ્યું.

વિભૂતિ ગરમાગરમ હતી. મેં એ લાવીને એના માથા ઉપર લગાવી. એ શું માત્ર વિભૂતિ હતી ! મને સંદેહ થયો. એના હાથોમાં કમંડળ નહોતું.

ત્રણ દિવસ વીતી ગયા.

પ્રાત:કાળે કોફી દેતાં પત્નીએ કહ્યું, "આ બધા પુરુષો એવા જ હોય છે !"

હું શું ઉત્તર આપું ?

ઈશ્વર અને કંદસ્વામી પિલ્લૈ

મેલગરમ મે. ક. રામસ્વામી પિલ્લૈના એકના એક પુત્ર ચેલ્લપ્પા ઉર્ફે મેલગરમ મે. ક.રા. કંદસ્વામી પિલ્લૈ બ્રોડવે અને એસ્પ્લેનેડની સંધિ પર એક કિનારે ઊભા રહીને વિચારી રહ્યા હતા. ટ્રામમાં જાય તો સવા આનો. એટલે એક પૈસો બચશે. પાસેની દુકાનમાંથી પાન લઈને ઘર સુધી ચાલીને જઈ શકશે. બસમાં ચડીને સેન્ટ્રલ સુધી કંડકટરની આંખોમાં ધૂળ નાખીને જો સેંટ્રલથી તિરુવલ્લિકેણીની ટિકિટ ફડાવે તો અડધો કપ કોફી પીને ઘરે જઈ શકે, પણ પાન નહિ ખાઈ શકે....

કંડકટર તો પોતે જ લોકોને બોલાવતો રહે છે કે જેથી તેઓ એને છેતરી શકે. એવે વખતે જો એને નિરાશ કરીએ એટલે કે છેતરીએ નહિ તો અધર્મ થશે. જેમ કે કાલે એણે પૂછેલું, સેન્ટ્રલથી ટિકિટ લઈ લેત તો કોફી પી શકત.

આ વખતે જો કોફી પીવાય, તો સ્ફૂર્તિ આવી જાય.

ઉપર્યુક્ત નામધારી પિલ્લૈ ધર્મસંકટમાં પડેલા હતા. ત્યાં જ ઈશ્વર એમની સામે પ્રગટ થયા.

સહસા ભક્તને પ્રસન્ન કરતાં "વર માગો પુત્ર !" એમ ન કહ્યું

"ભાઈ તિરુવલ્લિકેણી કઈ રીતે જાઉં ?" એમણે પૂછ્યું.

"ટ્રામમાં પણ જઈ શકાય છે. બસમાં પણ, કે પૂછીપૂછીને ચાલીને પણ જઈ શકાય. મદુરાઈનો રસ્તો તો સામે જ છે." શ્રી કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

"મદુરાઈ નથી જતો. મારે તિરુવલ્લિકેણી જવું છે. કોઈ ટૂંકો રસ્તો બતાવો" બંને હસવા લાગ્યા.

ગરદીમાંથી નીકળીને બંને નાકા પરના મોચી પાસે આવીને ઊભા રહી ગયા. મેલગરમ રામસ્વામી પિલ્લૈના વારસની ઉંમર પિસ્તાલીસ હશે. શરીરનો બાંધો જોતાં લાગે કે પિસ્તાલીસ વર્ષોથી નિરાહાર રહ્યા હશે. સફેદ વાળ, અહીં ત્યાં કાળા વાળ પણ ડોકિયાં કરતા હતા. બે અઠવાડિયાંથી દાઢી નહોતી થઈ. ભરી ભીડમાંથી મિત્રોને ઓળખી કાઢનારી તીક્ષ્ણ આંખો, માર્કિનનું ખમીસ, માર્કિનનું ધોતિયુ, માર્કિનનું ઊપરણું.

કંદસ્વામી પિલ્લૈએ પથિકને ધ્યાનથી જોયો. ઉંમરનો અડસટ્ટો લગાવવો અઘરો હતો. સાઠ પણ હોઈ શકે, સાઠ હજાર પણ. પણ નિશ્ચિત વિકાસ પામેલું શરીર. માથાના બધા જ વાળ સફેદ થઈ ગયેલા. એને બાંધવામાં નહોતા આવ્યા. બધા વાળ

સિંહની કેશવાળીની માફક ગરદન પર આવીને ફેલાઈ ગયેલા ગરદનની વચ્ચોવચ એક કાળો તલ હતો. આંખો બિલકુલ કાળી, ચારે દિશામાં તાકીને જોનારી, ક્યારેક કોઈક ગાંડાની માફક એકીટશે જોતી આંખો. હાસ્ય ?.... એ હાસ્ય, ક્યારેક કંદસ્વામી પિલ્લૈને ધમકાવતું, કયારેક કોઈ બાળકના સહજ હાસ્યની પ્રતીતિ થતી.

"ખૂબ તરસ લાગી છે ?" ઇશ્વરે કહ્યું. "અહીં પાણી નહીં મળે. જોઈએ તો કોફી મળશે. પેલી સામે હોટલ છે". કંદસ્વામી પિલ્લૈએ કહ્યું. "આવો એ જ પી લઈએ" ઈશ્વરે કહ્યુ. કંદસ્વામી પિલ્લૈ અભેદવાદી છે. સ્વ પરના ભેદને ક્યારેય માનતા નથી.

"ચાલો, જઈએ," એ બોલ્યા. જો બિલ પોતાના માથે આવી પડશે તો ? એ શંકિત થઈ ગયા.

જયાં સુધી સાહસ નથી કરતા ત્યાં સુધી દુઃખ જ દુઃખ છે. કંદસ્વામી પિલ્લૈનો સંકલ્પ હતો.

બંનેએ એક મોટી હોટલમાં પ્રવેશ કર્યો. ઈશ્વર કંદસ્વામી પિલ્લૈની પાછળ પાછળ ચાલતા હતા.

બંને એક ટેબલ પાસે બેસી ગયા. છોકરો પોતાની યાદીનો આરંભ કરે ત્યાર પહેલાં જ કંદસ્વામી પિલ્લૈએ ડોકું હલાવતાં હુકમ કર્યો, "બે કપ ગરમ, કડક કોફી !"

"તમિલ ભૂલી ન જાવ. બે કપ કાફીયાં કહેવું પડશે." ઈશ્વરે સુઝાડયું. "ના, બે કપ કોફી ઠીક છે." પિલ્લૈએ પોતાનું તમિલજ્ઞાન વખાણ્યું. ઈશ્વર નિરુત્તર થઈ ગયા. ઊંચે જોતાં બોલ્યા, "ખૂબ ઊંચી ઈમારત છે. અજવાળુ પણ સારું છે."

"તો પછી ? શું મોટી હોટલ પણ મુર્ગીખાના જેવી હોય ? આપ આને પણ મંદિર સમાન સમજો છો ? સ્વાસ્થ્ય કર્મચારી વાંધો ઉઠાવશે," પિલ્લૈએ પોતાની બીજી જીતની સ્થાપના કરી. મંદિરનું નામ સાંભળતાં જ ઈશ્વરનું શરીર કાંપવા માંડ્યું.

"પણ..." ઈશ્વરે પૂછ્યું. હાર્યા છતાં એમણે નમતું ન જોખ્યું. "સ્વાસ્થ્યની સાથે શું લેવાદેવા છે ?"

"ઓહ ! ટેબલને દવાથી ધોઈને દંડથી બચવું. પાઠશાળાઓમાં આ એક વિષય છે, જેથી છોકરાઓ એમાં નપાસ થયા કરે, જે પ્રમાણે માખી, મચ્છર વગેરે રાક્ષસ સમાન છે. જો આ જાતની હોટલમાં એ આવી જાય તો સત્યાનાશ ! પ્રાણહાનિનો ભય છે !" કંદસ્વામી પિલ્લૈ સમજાવતા ગયા. એમને સ્વયં પોતાની વકતૃત્વકલા પર આશ્ચર્ય થયું. એમને સંદેહ થયો કે ક્યાંક એમની જીભ પર સરસ્વતી તો નથી બિરાજી ગઈ !

ઈશ્વરે એમની તરફ ધ્યાન ન આપ્યું. એ લોકોના આવવા પૂર્વે, કોઈની છલકાયેલી કોફી પર ગણગણતી માખી તરફ એ જોઈ રહેલા. એ કોફીમાંથી બહાર આવવાની કોશિશ કરી રહી હતી.

"તો આ શું છે ?" ઈશ્વર બોલ્યા. માખીને સહાય કરવા પોતાની આંગળી આગળ લંબાવી. માખી ઊડી ગઈ અને એમની આંગળી એની કોફીમાં પડી.

"આ શું ભાઈ ? એંઠવાડને અડી ગયા ?... આ પાણી લો અને ટેબલ નીચે હાથ ધોઈ નાખો." પિલ્લૈએ શિખામણ આપી.

"માખી ન આવી શકે, પણ ટેબલ નીચે હાથ ધોવા સ્વાસ્થ્યકર છે." ઈશ્વર ગણગણતા બોલ્યા.

છોકરાએ બે કપ કોફી લાવીને રાખી. ઈશ્વરે કોફીનો ઘૂંટડો ભર્યો. સોમપાન કર્યા જેવી તૃપ્તિ છવાઈ ગઈ. "મારી લીલા છે." ઈશ્વરે કહ્યું. "આપની લીલા શાની પ્રભુ, હોટલવાળાની લીલા છે. ચિકરી પાઉડર મેળવીને બનાવે છે. આપની લીલા તો બિલ ચૂકવતી વખતે જોઈ લેવાશે." કાનમાં કંદસ્વામી પિલ્લૈએ કહ્યું, એમને પ્રસન્નતા થઈ કે ખૂબ સૂચકતાથી એમણે સમસ્યાનો ઉકેલ લાવી દીધો.

"ચિકરી પાઉડર એટલે ?" ઈશ્વરે શંકિત થઈને પૂછ્યું.

"ચિકરી પાઉડર, કોફી જેવો હોય છે પણ કોફી નથી. જેમ કેટલાક માણસો ઈશ્વરને નામે દુનિયાને લૂંટે છે." કંદસ્વામી પિલ્લૈએ કહ્યું. ઈશ્વરનું નામ લેવાતાં જ ઈશ્વર ચોંકી ગયા. કાઉન્ટર પર બિલ ચૂકવતી વખતે ઈશ્વરે સોની નોટ ધરી. કંદસ્વામી ચોંકી ગયા. "અમે તો કોફી પીવા આવેલા" ઈશ્વરે કહ્યું. "આપને પરચૂરણ જોઈતું હોય તો માગી લેવું' તું, આ ત્રણ આનાનું બિલ નાહકનું બનાવડાવ્યું. આંખો ધોવી'ની કે મનનો મેલ કાઢવો' તો ?" હોટલવાળાએ પૂછ્યું, "ભાઈ અમારે કોફી જ પીવી'ની." ઈશ્વરે કહ્યું.

"ત્યારે તો આપની પાસે પરચૂરણ પણ હશે." હોટલના માલિકે કહ્યું. ત્યાં સુધીમાં ઘરાકોની ભીડ વધી ગયેલી અને એ ઝઘડાથી બચવા માગતો હતો. ગુપચુપ પરચૂરણ ગણીને આપતાં બોલ્યો, "નવ્વાણું રૂપિયા તેર આના, બરાબર ? ગણી લો, પ્રભુ !"

"આપ કહો છો તો બરાબર જ છે. મને તો હિસાબ નથી આવડતો." ઈશ્વરે કહ્યું. હોટલના માલિકને ખુશી થતી હતી કે એણે ખોટી દસની નોટ સેરવી દીધી દીધિલી. બંને બહાર આવ્યા બહાર ગરદી ઓછી હતી. બંને અટકી ગયા. ઈશ્વરે પોતાના હાથમાં રાખેલી નોટોમાંથી પાંચની નોટ કાઢી. એને ફાડીને ફેંકી દીધી.

કંદસ્વામી પિલ્લૈને સંદેહ થયો કે એનો સાથી પાગલ તો નથીને ! આશ્ચર્યથી મોઢું ખુલ્લું રહી ગયું." ખોટી બનાવટી નોટ હતી; મને છેતરવા માગતો હતો; મેં એને છેતર્યો." ઈશ્વરે કહ્યું. એમનું હાસ્ય ભયંકર હતું.

"મારા હાથમાં આપી હોત તો એ બ્રાહ્મણની ચોટલી પકડીને બદલાવડાવત," કંદસ્વામી પિલ્લૈએ કહ્યું. "ચિકરી પાવડરમાં આપે એને સાથ આપેલો ? મેં આ કામમાં એને સાથ આપી દીધો. એને માટે દસ રૂપિયા ઘણા છે. એટલે એ પોતે છેતરાઈ ગયો." ઈશ્વરે કહ્યું.

સ્વેચ્છાથી કોફી પિવડાવનાર આ અલ્પ પરિચિત મિત્રની વિદાય કઈ રીતે લેવી ? પિલ્લૈ વિચારમાં પડી ગયા. "તિરુવલ્લિ કોણી જવું છે ? ચાલો ટ્રામમાં જઈએ". કંદસ્વામી પિલ્લૈ બોલ્યા. "ના, ના, મારું માથું ફરે છે. ધીરે ધીરે પગે જ ચાલ્યા

જઈએ." ઈશ્વર બોલ્યા.

"ભાઈ, હું તો આખો દિવસ પગે જ ચાલ્યો છું. હું એક ડગલું પણ નહિ ચાલી શકું. રિક્ષામાં જઈએ." કંદસ્વામીએ કહ્યું. એમને લાગ્યું કે જયારે એ રસ્તો બતાવી રહ્યો છે તો દસ રૂપિયાની નોટ ફાડી નાખનારો આ માણસ એમને રિક્ષામાં નહિ બેસાડી શકે ?

"નરવાહન ? એ જ ઠીક છે." ઈશ્વર બોલ્યા.

બંને રિક્ષામાં ચડી ગયા. "જરા થોભો, ફાનસ પેટાવી લઉં." રિક્ષાવાળાએ કહ્યું. કેવળ વીજળીનો પ્રકાશ રહ્યો. દિવસ ઢળી ગયો.

"જલદી જ આપણે આત્મીય બની ગયા ! નથી હું આપને ઓળખતો, ન આપ મને. આ મહાનગરની હલચલમાં આપણું આ રીતે મળવું...."

ઈશ્વર હસ્યા. દાંત અંધારામાં ચમકી રહ્યા.

"મારી વાત છોડો. આપ આપની વાત કહો."

કંદસ્વામી પિલ્લૈને પોતાના વિશે બોલવાનું ઘણું ઉત્સાહિત કરતું હતું. ઉપરથી કોઈ ચાલતી રિક્ષામાં એમને વિશે પૂછી બેસે તો શું એ એને નિરાશ કરે ? ગળું સાફ કરતાં કરતાં બોલ્યા, "સિદ્ધ વૈદ્ય દીપિકા નામની પત્રિકા જોઈ છે ?"

"ના," ઈશ્વરે કહ્યું.

"મતલબ કે વૈદ્યશાસ્ત્ર સાથે આપનો કંઈ જ પરિચય નથી." કંદસ્વામી પિલ્લૈ બોલ્યા.

"પરિચય તો છે," ઈશ્વરે કહ્યું.

"આવી તે કંઈ વાત હોય ?" કંદસ્વામી પિલ્લૈ વિચારમાં પડી ગયા. "ઠીક છે. માની લીધું કે વૈદ્યશાસ્ત્રનો આપને પરિચય છે, પણ સિદ્ધ વૈદ્ય દીપિકાનો આપને કોઈ પરિચય નથી. મતલબ એ થયો કે આપનું શાસ્ત્રજ્ઞાન અધૂરું છે. મારી પાસે છેલ્લાં સત્તર વર્ષોના અંકો ભાગોમાં બંધાવેલા છે. આપ એક વાર મારે ઘરે પધારીને એક અવશ્ય જુવો, તો...."

"સત્તર વર્ષના અંક ! એટલે કે સત્તર ગુણ્યા બાર, બસો ચાર." ઈશ્વર કંપી ઊઠયા. "શું ખબર, વાર્ષિક પત્રિકા પણ હોય." એક ક્ષીણ આશા ઝગમગી ઊઠી.

"દીપિકા માસિક પત્રિકા છે. વાર્ષિક લવાજમ દેશમાં એક રૂપિયો; વિદેશમાં પોણા ત્રણ; આજીવન લવાજમ પચીસ રૂપિયા. આપ લવાજમ ભરો, ઘણો લાભ થશે. જોઈએ તો એક વર્ષ આપને મોકલ્યા કરીશ. પછી આજીવન લવાજમની બાબતમાં વિચાર કરાશે," પિલ્લૈએ ઈશ્વરને પણ લવાજમને માટે ઉશ્કેર્યા. એક તો સત્તર ભાગ વાંચીએ. ઉપરથી પચીસ રૂપિયા વસૂલ કરીને મારો પીછો કરવા માગે છે ? આ મારી પાસે તો નહિ ચાલે, ઈશ્વરે વિચાર્યું. "કોનું જીવન ?" ઈશ્વરે પૂછ્યું.

"અરે આપનું જ જીવન. ન મારા આયુષ્ય જોડે સંબંધ, ન પત્રિકાના આયુષ્ય જોડે. એ તો ચિરંતન છે. હું ભલે ને મરી જાઉં, મારા પછી સિદ્ધ વૈદ્ય દીપિકાનું સંપાદન

કોઈ ને કોઈ કરશે જ. એનું આયોજન પણ કરી લીધું છે." કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

એ જ સમયે રિક્ષાવાળાએ ગાડીની ગતિ ધીમી કરીને પાછળની બાજુ જોયું. ગતિ ધીમી પડતાં જ એ માણસ ક્યાંય કૂદીને ભાગી ન જાય એ શંકાથી કંદસ્વામી ભયભીત થઈ ગયા.

"પાછળ કેમ જુવે છે અલ્યા ? મોટર આવી રહી છે, ક્યાંક અથડાવી ન મારતો. હાં. જરા જલદી ચલાવ." કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

"શી વાત છે સ્વામી, આપ મનુષ્ય છો કે ભૂત ? ગાડીમાં વજન જ નથી. હવા જેવી હલકી છે !" રિક્ષાવાળો બોલ્યો.

"તો ભાડું પણ એવું જ તને મળશે. તું ચૂપચાપ ગાડી ચલાવ્યા કર." કંદસ્વામી પિલ્લૈએ ઊંચે અવાજે કહ્યું.

"એ સિવાય હું વૈદકનો ધંધો પણ કરું છું. સિદ્ધો જેવું અનુષ્ઠાન છે. ધંધામાંથી જે કંઈ પ્રાપ્ત થાય છે તે પત્રિકા અને કુટુંબ બંનેને માટે પૂરતું છે. આ અંકમાં રસઘુટ્ટી વિશે એક લેખ લખ્યો છે. જોજો. મને એક પુરાણી હસ્તપ્રત મળી ગયેલી. એમાં કેટલાય અપૂર્વ પ્રયોગોની ચર્ચા કરવામાં આવી છે." કંદસ્વામી પિલ્લૈએ ફરીથી પ્રારંભ કર્યો; આ શું, મારો બેટો ચૂપ જ નથી થતો ? ઈશ્વર પરેશાન થઈ ગયા. "રોજ કેટલા લોકોને પહોંચાડો છો ?" એમણે પૂછ્યું. "સંખ્યા એવડી નથી કે બતાવી શકાય. પછી તમને તો ખબર છે કે વૈદક મારે માટે જીવન નભાવવાનું સાધન છે. એટલે રોગ પણ દૂર ન થાય; રોગી મરે પણ નહિ, તો જ રોગીના રોગનો વેપાર થઈ શકે. રોગી કે રોગ, આ બંનેમાંથી જો કોઈ પણ એકને દૂર કરવા માટે સબળ ચિકિત્સા કરવામાં આવે તો ધંધો ચાલી શકે નહિ. રોગ પણ ધીમે ધીમે ઠીક થાય તો બહેતર છે. દવા, રોગ અથવા રોગીને નુકશાન ન કરે. આ જ વેપારનો કીમિયો છે. નહિ તો સત્તર વર્ષ સુધી પત્રિકા કેવી રીતે ચલાવી શકત ?" કંદસ્વામી પિલ્લૈએ પૂછ્યું.

ઈશ્વરે સર્વજ્ઞની માફક માથું ધૂણાવ્યું. "જરા આપનો હાથ અહીં બતાવો તો, જોઉં આપની નાડી કેવી ચાલે છે ?" ઈશ્વરના ડાબા હાથને પકડી લીધો.

"ચાલતી ગાડીએ ?" ઈશ્વર હસી પડ્યા. "આ તો વૈદકની હોશિયારી છે," કંદસ્વામી પિલ્લૈ બોલ્યા. નાડીને થોડી વાર સુધી પકડી રાખી પછી કંઈક વિનમ્રતાથી પૂછ્યું, "ઉન્માદ વધી રહ્યો છે; વિષપ્રયોગની આદત છે ?"

"ખૂબ હોશિયાર છો. બીજી પણ કેટલીક આદતો છે." ઈશ્વર હસી પડ્યા. "અરે હા, આપણે કેટલીય વાતો કરી ચૂક્યા. તિરુવલ્લિકેવેણીમાં આપને ક્યાં જવું છે ?" કંદસ્વામી પિલ્લૈએ પૂછ્યું. "સાત નંબર ઓફિસ વેંકટાચલ મુદલી ગલી." ઈશ્વર બોલ્યા. "અરે અરે આ તો મારું જ સરનામું છે; ત્યાં કોને મળવું છે ?"

"કંદસ્વામી પિલ્લૈને."

"આ પણ ખરી ગમ્મત થઈ ! એ તો હું જ છું. ઈશ્વરે જ આપણને મેળવી

આપ્યા છે. આપ કોણ છો ?" "હું ઓળખી નથી શક્યો ?" કંદસ્વામી પિલ્લૈએ પૂછ્યું.

"હું ?હું ઈશ્વર છું." ધીરેથી બોલ્યા. ઊંચે જોતાં જોતાં દાઢી પંપાળવા લાગ્યા. કંદસ્વામી પિલ્લૈ ચોંકી ઊઠયા. ઈશ્વર અને અહીં ?

"પૃથ્વી પટને જોવા આવ્યો છું. થોડા દિવસો સુધી તમારો અતિથિ બનીને રહીશ." કંદસ્વામી પિલ્લૈ રઘવાયા થઈને બોલી ઊઠયા, "અરે જયાં સુધી ફાવે ત્યાં સુધી રોકાજો. મને કંઈ વાંધો નથી. પણ આપ પોતાને ભગવાન ન કહેશો. લોકો આપને ભલે પાગલ સમજે, પણ મારી પત્ની ક્યાંક મને પાગલ ન સમજી બેસે ! "પેલી બત્તીની પાસે અટકાવજો, ભાઈ." કંદસ્વામી પિલ્લૈએ હુકમ કર્યો. ગાડી અટકી અને બંને ઊતરી પડ્યા. ઈશ્વરે રિક્ષાવાળાને કડકડતી એક નોટ પકડાવી દીધી.

"આપ સુખી રહો, સ્વામી." રિક્ષાવાળો ગદ્‌ગદ્ થતાં બોલ્યો.

ઈશ્વરને કોઈ ભલા આશિષ આપે ? "કેમ અલ્યા આટલા મોટા માણસને તું આશીર્વાદ આપે છે ?" કંદસ્વામી પિલ્લૈએ ઊંચે સાદે કહ્યું.

"ઠીક કહ્યું બેટા. આટલા દિવસો સુધી એવા શબ્દો કાને પડ્યા નથી. એ એમ કહે તો એમાં શું થઈ ગયું ?" ઈશ્વરે કહ્યું.

"ઓ, આપ બે આના ઓછા આપત તો ખબર પડત." કંદસ્વામી પિલ્લૈ બોલ્યા. "યજમાન, હું ઈમાનદાર છું. બેઈમાન નહિ. હું હંમેશા પેલા લેકમાં બેસી રહું છું. ક્યારેક આવો તો તપાસ કરજો." રિક્ષાવાળાએ ગાડી આગળ હાંકી. "આવ્યો મોટો ઈમાનદાર બનવાવાળો. હું બધુ સમજું છું, ખૂબ શરાબી હશે તું." કંદસ્વામી પિલ્લૈ બોલ્યા. "ભાડાની આ ગાડી ધગધગતા તાપમાં ચલાવતા હોત તો ખબર પડત. તમને શું કહું ? ઈશ્વરની પાસે આંખો ક્યાં છે ? તમને જીભ આપી, મને કાન આપી દીધા." કહેતાં કહેતાં એ રિક્ષા હંકારી ગયો.

ઈશ્વરે અટ્ટહાસ્ય કર્યું, એ ખૂબ રાજી હતા. "આ જ પૃથ્વીલોક છે." કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

"બસ આ જ ?" ઈશ્વરે પૂછ્યું. બંને ઘર તરફ ચાલવા લાગ્યા.

ઘરની સામેની બત્તીની પાસે ઈશ્વર અટકી ગયા. કંદસ્વામી પિલ્લૈ પણ અટકી ગયા.

"ભક્ત !" ઈશ્વરે કહ્યું.

સામે ડોસો નહોતો.

ચિત્તાનું ચર્મ પહેરેલા, જટા ફેલાવેલા, અગ્નિકળશ હાથમાં ધરેલા, અર્ધ ચંદ્રનો મુકુટ ધારણ કરેલા સાક્ષાત્ ઈશ્વર પ્રગટ થયા. આંખોમાં ઉલ્લાસ અને હોઠો પર મલકાટ હતો. "ભક્ત", એમણે ફરીથી સાદ કર્યો.

કંદસ્વામી પિલ્લૈને મામલો સમજાઈ ગયો. "હે ભગવાન, વરદાન લો. 'હું તો ચાલ્યો' વાળી વિદ્યા મને ન ભણાવો. આપ તો વરદાન આપીને ચાલતા થશો. બીજા દેવતા આવીને મારું શિર માગી લેશે. આપની પાસેથી વર માગીને શિર લૂંટાવનારો

બેવકૂફ હું નથી. પૃથ્વીલોક જોવા આવ્યાંતા; મારા મહેમાન થવા માગતાંતા; મને કંઈ જ વાંધો નથી, જો મારી સાથે વ્યવહાર રાખવો હોય તો માનવની માફક રહેવું પડશે. મારી માફક રહેવું પડશે. ચૂપચાપ ઘેર ચાલો." કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

ઈશ્વર મૂંગા મૂંગા પાછળ ચાલ્યા ગયા. એમને કંદસ્વામી પિલ્લૈની વાત સાચી લાગી. એમને થયું. અત્યાર સુધીમાં પૃથ્વીલોકમાં વરદાન માગીને કોણ સુખી થયું છે ?

કંદસ્વામી પિલ્લૈ બારણા પાસે ઊભા રહ્યા. "સ્વામી આપનું નામ પરમશિવમ્ રાખશું ? કે અમ્મૈયપ્પ પિલ્લૈ?"

"પરમશિવમ્ જ ઠીક છે. જૂનું નામ છે."

"તો આપને પિતાને નાતે બોલાવીશ. આપે સાથ આપવો પડશે," કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

"પિતા નહિ મોટા કાકા કહેજે બેટા, તો મારી સંપત્તિને આંચ નહિ આવે." ઈશ્વર હસી પડ્યા.એમને થયું કે આ ભૂતળમાં આવીને વ્યાવહારિક બનવામાં ખૂબ સાવધાની રાખવી પડશે.

"એવી કઈ સંપત્તિ છે આપની પાસે ?" કંદસ્વામી પિલ્લૈએ પૂછ્યું.

"આ આખો પ્રપંચ !" ઈશ્વરે કહ્યું. "ડરશો નહિ. હું એટલો લાલચુ નથી." કંદસ્વામી પિલ્લૈએ દરવાજા તરફ પગ ઉપાડયા.

2

ઘરની બેઠકમાં પેટાવેલા ટીનના ફાનસે ઓરડાને મંદિરનું ગર્ભગૃહ બનાવી મૂકેલું. એની પાછળ લાંબું અંધારું કારખાનું. એની પાછળ કોણ જાણે શું આવ્યું હશે. એક બાળકી ચારેક વર્ષની હશે. મનને આનંદ આપનારું સૌંદર્ય. આંખોમાં અકારણ હર્ષ, જૂની ઢબે સીધો સેંથો પાડીને નાર* થી બાંધેલી ઉંદરની પૂંછડી જેવી પાતળી ચોટલી; જે બાળકીના વાંકા વળવાની સાથે વારંવાર એની આંખો પર પડતી હતી. બાળકીના હાથમાં એક કોલસાનો ટુકડો અને નળિયાનો ટૂકડો મોજુદ હતો. કમર પર બાંધેલું એક ફાટેલું સ્કર્ટ. નીચે વળીને લીટી દોરવાના પ્રયાસમાં ચોટલી આંખો આડી આવી ગઈ. અને હઠ કરીને હઠાવી અને દર્દને લીધે ચીસ પાડવા જતીંતી ત્યાં પિતાએ પ્રવેશ કર્યો. "પિતાજી !"ચીસ પાડતી કંદસ્વામી પિલ્લૈના પગમાં આળોટી પડી ઉપર જોતી બોલી, "મારે માટે શું લાવ્યા છો ?"

"હું પોતે જ ચાલ્યો આવ્યો છું," કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

"આ શું પિતાજી રોજ તમને પોતાને જ લાવો છો ? એક દિવસ મગફળી નથી લાવી શકતા ?" બાળકી ગણગણી. "મગફળીથી પેટ ખરાબ થઈ જાય; આ જો તારે માટે

---

* નાર-દક્ષિણનાં ગામોમાં બાલિકાઓની લટો રીબનને બદલે કેળના ઝાડની છાલમાંથી કાઢેલી પાતળી દોરીઓથી બાંધવામાં આવે છે. એને 'નાર' કહે છે. એમાં ફૂલ પણ ગૂંથવામાં આવે છે.

દાદાજી લાવ્યા છું," કંદસ્વામી પિલ્લૈ બોલ્યા.

"આ જ આપની દીકરી છે ?" ઈશ્વરે પૂછ્યું. બાળકીના મોઢા પરથી એ આંખો ખસેડી શક્યા નહિ.

કંદસ્વામી પિલ્લૈ જરા ખચકાઈ ગયા. "અરે બોલો ને આજકાલ હું પાકો શૈવ છું." "હાંડલીનું ખાવાનું ભાવે છે. દૂધદહીં પણ નથી ખાતો," ઈશ્વર હસતાં હસતાં બોલ્યા.

"બસ ઈચ્છાને લીધે કસમયે જન્મેલી મીઠા લીમડા જેવી બાળકી છે." કંદસ્વામી પિલ્લૈ બોલ્યા.

"જરા બેસો. આ સમયે નળમાં પાણી નહિ આવે. ઘડામાં ભરીને લાવું છું," કહેતાં અંધારામાં ગાયબ થઈ ગયા.

ઈશ્વર ઉપરણાને ઝાટકતા બેઠકમાં બેસી ગયા. મનમાં ચંચળતા અને સંતોષ હતો.

"આવ બેટી." હાથ ફેલાવ્યા. બાળકી કૂદતી કૂદતી એમના ખોળામાં બેસી ગઈ.

"મારું નામ બેટી નથી, વલ્લી છે. પિતાજી મને 'કરુપ્પી' કહે છે. હું શું એવી છું ?" એણે ઉત્તરની આશા નહોતી રાખી. એની આંખોને દાદાના ગળાનો કાળો તલ દેખાઈ ગયો.

"આ શું દાદાજી ? આપની ગરદન પર આ જાંબુ જેવી ચીજ શું છે ? કાપીને ખાવાનું મન થાય છે." આંખો પટપટાવતી બોલી. પછી ગરદન પર પોતાના ફૂલ જેવા હોઠ રાખ્યા.

"ગલીપચી થાય છે." ઈશ્વરે શરીરને બાજુ પર હઠાવ્યું.

"કેમ દાદાજી, ગરદન દાઝી ગઈ છે કે ? હું પણ દાઝી ગઈ છું. અહીં જુવો." પોતાની આંગળીના ટેરવા પર પડેલાં છાલાં તરફ ઈશારો કર્યો.

"બેટા, એ તો જાંબુ છે. એક વાર બધાએ આપેલાં તો ખાઈ લીધાં. પછી બધાએ પોતાના ભાગનાં માંગતાં માંગતાં ગરદન પકડી લીધી. ત્યારથી એ ત્યાં ચોંટી રહ્યું છે. હવે કહે, તારી બેનપણીઓ નથી ?"

"કોલસાનો ટુકડો અને સાત ઘર છે ને ! દાદા, મારી સાથે સાત ઘર રમશો ?" બાળકીએ આમંત્રણ આપ્યું.

ઈશ્વર અને બાળકી સાત ઘર રમવા લાગ્યાં. એક પગે ઊભી રહીને લંગડાતાં ઈશ્વરે છલાંગ મારી.

"દાદા તમે હારી ગયા," બાળકીએ તાળી પાડી.

"કેમ ?" ઈશ્વરે પૂછ્યું.

"પગ લીટી પર પડી ગયો'તો." "પહેલેથી કહેવું'તું ને !" ઈશ્વરે કહ્યું. "જો રમતાં નહોતું આવડતું તો રમવા કેમ આવ્યા ?" બાળકીએ હાથ પકડીને પૂછ્યું.

એ જ વખતે શ્રી કંદસ્વામી પિલ્લૈ અને એમની શ્રીમતી કળશ કેડમાં લઈને એ અંધારા ઓરડામાંથી બહાર આવ્યાં.

"આ જ કૈલાસપુરવાળા મોટા કાકા છે. કરિસંગોલમની છોકરી એમના મામાના દીકરાના દીકરા જોડે પરણાવેલી છે." કંદસ્વામી પિલ્લૈએ કહ્યું.

"અરે એ જ ને કે જેને લોકો કહેતા હતા કે સાધુ થઈ ગયા છે ? આવો મામાજી, પ્રણામ કરું છું." કહેતી કળશ ઉતારી પ્રણામ કરવા લાગી. કાનમાં કુંડળ લચી પડ્યાં.

"સૌભાગ્યવતી થાવ." ઈશ્વરે આશીર્વાદ આપ્યા. કાંતિમતીને (કંદસ્વામી પિલ્લૈની પત્નીનું નામ) અપૂર્વ શાંતિ મળી. "દરવાજા પર ચોખાની ગુણી એમ જ પડી રહી છે ?" ઈશ્વરે પૂછ્યું.

"આ તો સાવ ભૂલકણા છે. મેં હમણાં પૂછ્યું, ચોખા લાવ્યા કે નહિ ? બોલ્યા નથી, લાવ્યો. આખી દુનિયાને દવા વહેંચતા ફર્યા કરે છે. એના ભૂલકણાપણાનો ઈલાજ કરવો પડશે. ઈશ્વર જ જાણે અને જુવે." કાંતિમતીએ કહ્યું.

"જોઈ જ રહ્યો છે." ઈશ્વર બોલ્યા.

"જોઈને જરા હસે તો ખરો, તો અક્કલ આવશે આને." એ હસી. ઈશ્વર હસી પડ્યા.

ઈશ્વર અને કંદસ્વામી પિલ્લૈ બહાર ગયા.

પિલ્લૈએ કાનમાં કહ્યું, "હવે આ જાદુ અહીંયાં નહિ ચાલે. કેટલી વાર યાદ કરાવ્યું છે ?"

"સારું, હવે નહિ કરું."

કંદસ્વામી પિલ્લૈએ કોશિશ કરી. ગૂણી પોતાના સ્થાન પરથી હલવાનું નામ પણ લેતી નહોતી.

"ખરો જુવાન છે !" હસતાં હસતાં ઈશ્વરે ગૂણી ઉપાડી.

"અરે આપ કેમ ઉપાડો છો ? સાંભળો તો, એક બાજુથી તમે પણ હાથ લગાડોને. ગુપચુપ ઊભા ઊભા જોઈ રહ્યા છો ?" કાંતિમતી રઘવાઈ થઈને બોલી.

"તું ચૂપ રહે બેટી; આ ક્યાં મુકાવવી છે ?" ઈશ્વરે કહ્યું.

"અહીં બેઠકમાં જ મૂકી દો. આપ એને અહી જ રહેવા દો," કાંતિમતીએ વિનંતી કરતાં કહ્યું.

કંદસ્વામી પિલ્લૈ અને ઈશ્વરે જયારે જમવાનું પૂરું કર્યું ત્યારે રાતના અગિયાર વાગી ગયેલા.

"હવે શું વિચાર છે ?" ઈશ્વરે પૂછ્યું. "સૂઈ જવું છે." પિલ્લૈ બગાસું ખાતા બોલ્યા .

"દાદાજી, હું પણ તમારી સાથે સૂઈશ." બાળકી દોડતી આવી.

"માને બોલાવીને સાદડી અને તકિયો બહાર મુકાવી દે." કંદસ્વામી પિલ્લૈએ હુકમ કર્યો.

"મારે પણ સૂવું પડશે ?" ઈશ્વરે પૂછ્યું.

"મનુષ્યો સાથે વ્યવહાર રાખવો હોય તો એમની જેમ રહેવું પડશે. સૂવું ન હોય તો પડ્યા રહો. રાતના લોકોને અપવાદ સમજાઈ જશે." કંદસ્વામી પિલ્લૈ બોલ્યા.

3

કંદસ્વામી પિલ્લૈ પત્રકાર ગલીમાં સિધ્ધાંત દીપિકાની ઓફિસમાં જમીન પર બેઠાં બેઠાં ભાષ્ય લખી રહ્યા છે. ભોગ ગ્રંથનું ભાષ્ય પિલ્લૈની પત્રિકામાં ધારાવાહી રૂપમાં પ્રગટ થઈ રહ્યું છે.

લખતા લખતાં ટપાલીને બારોબાર જતો જોઈને બબડી ઊઠ્યા, "આજે પણ પત્રિકા નહિ મોકલી શકાય." બધા કાગળો ભેગા કરીને એક બાજુ મૂકી દીધા અને આંગળીઓના ટાચકા ફોડવા લાગ્યા.

બહાર રિક્ષા આવીને ઊભી રહી. ઈશ્વર અને બાળકી ઊતર્યાં. વલ્લીની કમર પર રેશમી ઘાઘરો હતો. અને હાથોમાં મીઠાઈ.

"દાદાજી અને હું જીવતા અને મરેલાની કોલેજ જોવા ગયાં હતાં," બાળકી કૂદતી બોલી.

"એક ઈમારત બનાવીને એમાં હાડકાંના ઢાંચાને કેમ ગોઠવીને રાખવામાં આવ્યાં છે ? મારી મજાક કરવામાં આવી રહી છે ?" ઈશ્વરના સ્વરમાં આછો ક્રોધ હતો.

"એટલું જ્ઞાન અહીંના માણસોમાં ક્યાં છે સ્વામી ? સૃષ્ટિનું અનોખાપણું બતાવવાની ઈચ્છાથી એવું કરે છે. અચ્છા છોડો. પચીસ રૂપિયા ધરો. આમને આજીવન ગ્રાહક બનાવી દઉં છું. આજે પત્રિકા મોકલવી જ છે." પિલ્લૈએ હાથ લંબાવીને કહ્યું. "કોને છેતરી રહ્યા છો ? કે કોઈની ભલાઈ કરવા માગો છો ?" ઈશ્વર હસતાં હસતાં બોલ્યા.

"નથી હું દાન લેવા માગતો કે નથી ઉધાર લેવા માગતો. એટલા માટે ધંધાદારી રીતે વાત મૂકું છું. આપે તો ભલાઈની વાત શરૂ કરી. આ પૃથ્વીપટ પર ઘીથી લઈને તેલ સુધી બધામાં ભેળસેળ છે. આપને ખબર છે ?" કંદસ્વામી પિલ્લૈએ વાત જમાવતાં કહ્યું.

ઈશ્વર વિચારમાં પડી ગયા.

"જવા દો એ વાત ! ભોગ ગ્રંથમાં ગરૂડપચ્ચૈનું વિવરણ મળે છે."

"એવી ઔષધિ ક્યાંય છે ખરી ? કે પછી ગરૂડપિચ્ચુ જ છે ?" કંદસ્વામી પિલ્લૈ બોલ્યા. "મેં તો માત્ર સૃષ્ટિ રચી છે. નામ તો નથી રાખ્યાં. હું શું જાણું ? તમારી રચના કરી; તમને કંદસ્વામી પિલ્લૈ નામ તમારા પિતાએ આપ્યું છે. એનો દોષ પણ મારા પર આવી પડશે." ઈશ્વરે એમની બોબડી બંધ કરી દીધી.

આપ બંને તડકામાં ફરીને આવ્યા છો, તેથી ગુસ્સામાં છો. એમ ન માનતા કે આપે મને હરાવી દીધો છે. હું તો એટલા માટે ડરી રહ્યો છું કે ગુસ્સામાં ક્યાંય શાપ આપી દીધો તો મારા પચ્ચીસ રૂપિયા ડૂબી જશે." કંદસ્વામી પિલ્લૈ બોલ્યા.

બાળકીએ મીઠાઈ પર વીંટાળેલો કાગળ ખોલતાં કહ્યું, "પિતાજી સાથે શા માટે વાત કરો છો દાદાજી ? એમને કંઈ નથી આવડતું. આ ખાઈને તો જુવો, કેટલી ગળી છે !"

બાળકીએ લાડુના કટકા ઈશ્વરને આપી દીધા. તે ખાતાં એ બોલ્યા, "બેટી, ટુકડા મને આપી દે. આખો લાડુ તું ખા. એક લાડુ હાથમાં લઈને બાળકી થોડી વાર વિચારતી રહી.

"દાદાજી, આખો તો મોઢામાં નહિ જાય, ટુકડા કરું તો તમને આપવા પડશે. તો મારે માટે શું રહેશે ?" બાળકીએ નાદાનીથી પૂછ્યું.

ઈશ્વર હસતાં હસતાં બેવડ વળી ગયા. "બધા તું જ ખાઈ જા બેટી."

"બધા મારે માટે ?" બાળકીએ આશ્ચર્યથી પૂછ્યું.

"હા, તારે માટે." ઈશ્વરે કહ્યું.

"તો પછી ભૂખ મરી જશે. અને નહિ ખાઉં તો મા મારશે. પિતાજી ચૂરણ આપી દેશે, "બાળકીને ચિંતા થઈ. "તને ભૂખ લાગશે. ડર નહિ." ઈશ્વરે કહ્યું.

"ભલે ને તમે અપાવી હોય પણ આખરે તો એ હોટલની મીઠાઈ છે. યાદ રાખજો !" કંદસ્વામી પિલ્લૈ બોલ્યા.

"અરે હું છું ને !" ઈશ્વરે કહ્યું.

"મેં ક્યારે કહ્યું કે તમે નથી ?" કંદસ્વામી પિલ્લૈએ પૂછ્યું.

થોડી વાર પછી પૂછ્યું, "આજના ખર્ચ પછી સોની નોટમાંથી કેટલા બચ્યા છે ?"

"તમારા પચ્ચીસ બાદ કરીને પચાસ બચે છે." ઈશ્વરે હસતાં હસતાં કહ્યું.

"ત્યાર પછી શું કરવું છે ?"

"મને તો કંઈ સૂઝતું નથી."

"મારી માફક વૈદક શરૂ કરી દો."

"હું તમારો હરીફ બનવા નથી માગતો."

"અરે, આપ એવું કેમ વિચારો છો ?"

"મારા હરીફ નહિ બનો, સંસારની મૂર્ખતાના હરીફ બનશો. ઈચ્છા ન હોય તો સિદ્ધાંત પર ભાષણ આપી શકો છો."

"તમે મારી આજીવિકાના ઉપાય બતાવી રહ્યા છો ? એમાં ધન મળશે ?" ઈશ્વર હસ્યા.

"તો પછી ?"

"મને તો નૃત્ય આવડે છે. તમે શું વિચારો છો ? જોઈએ તો દેવીને પણ બોલાવી લઉં."

કંદસ્વામી પિલ્લૈ વિચારમાં પડી ગયા.

"મને તો કંઈ ગમતું નથી."

"તો પછી જીવશું કેમ ? આખો માયાપ્રપંચ મારા નૃત્યથી જ તો ચાલે છે."

"આપની ઈચ્છા," કંદસ્વામી પિલ્લૈ બોલ્યા. કંદસ્વામી પિલ્લૈએ થોડી વાર વિચાર કર્યો. પછી ખીંટીએથી ધોતિયું ઉતારીને પહેરી લીધું. બોલ્યા, "ચાલો જઈએ."

"બાળકી ?" ઈશ્વરે પૂછ્યું.

"એ તો સૂતી છે. પાછા ફરશું ત્યાં સુધીમાં જાગશે." પિલ્લૈ બોલ્યા. પંદર મિનિટ પછી ત્રણ વ્યક્તિ દીવાનબહાદુર બૃહદીશ્વર શાસ્ત્રીના બંગલામાં પહોંચી-કંદસ્વામી પિલ્લૈ, ઈશ્વર અને દેવી.

"હું એમને માટે સુવર્ણભસ્મ બનાવું છું. એ મારી વાત માનશે." કંદસ્વામી પિલ્લૈ પગથિયાં ચડવા લાગ્યા. બંને એમની પાછળ ચાલવા લાગ્યા. દેવીના હાથમાં એક પોટલી હતી.

"સ્વામી છે ? કહો કે હું આવ્યો છું." નોકરને પિલ્લૈએ હુકમ કર્યો.

"પિલ્લૈજી ! આવો; આવો; કાલ જ ભસ્મ ખલાસ થઈ. હું તો આપને શોધતો'તો," કહેતાં કહેતાં દૂબળું શરીર, રેશમી ધોતિયું અને સોનેરી ફ્રેમના ચશ્માવાળા દીવાનબહાદુર આવ્યા. બધાને પ્રણામ કરી આરામખુરશીમાં બિરાજયા.

"બેસો, બેસો." દિવાનબહાદુરે કહ્યું. કંદસ્વામી પિલ્લૈએ એમની નાડી તપાસતાં કહ્યું. "કંઈ વાંધો નહિ પિલ્લૈ. સાંજ સુધીમાં ભસ્મ મોકલી દઈશ. હું તો આપનો પરિચય આ લોકોને કરાવવા આવ્યો છું. બંને નૃત્યવિદ્યામાં પારંગત છે. આપ નૃત્યકલા મંડળીમાં કંઈ કામ અપાવી દો." દિવાનબહાદુરનો ઉત્સાહ કાચબાના પગની માફક અંદર સમાઈ ગયો, નાક પર આંગળી રાખેલી મુદ્રામાં શિર હલાવી રહ્યા હતા.

"આમનું નામ કુત્તનાર, એમની પત્નીનું નામ છે પાર્વતી." કંદસ્વામી પિલ્લૈએ સંબંધનો પરિચય કરાવ્યો.

"મેં તો કોઈ દિવસ સાંભળ્યું જ નથી. આપે પહેલાં ક્યાંય નૃત્ય કર્યું છે" ? દેવી તરફ જોતાં કુત્તનારને પૂછ્યું.

કુત્તનારના બોલતાં પહેલાં જ દેવી બોલી ઊઠી. "અમે તો બધી જ જગ્યાએ નૃત્યો કર્યાં છે."

"મેં જોયું નહિ હોય. કંઈ વાંધો નહિ. બહેન તો ઘણી શ્યામળી છે. વિચાર કરું છું કે કેવી લાગશે ?

"આપ છોકરી જોવા આવ્યા છો કે નૃત્ય જોવા માગો છો ?" દેવીએ પૂછ્યું.

"બહેન નારાજ ન થતાં. એક વાત કહું છું. કળા અને કાળાપણાનો કોઈ સંબંધ નથી. હું પણ ત્રીસ વર્ષથી કલામંડળીનો પ્રમુખ છું. સભામાં આવેલા કલાકારોની આંખો જ માત્ર કાળી હોય છે."

"આપની મંડળી જાય ચૂલામાં." દેવી ગુસ્સે થઈને ઊઠી ગઈ.

"અરે, આપ આમ નારાજ ન થાવ." કંદસ્વામી પિલ્લૈ અને દીવાનબહાદુર એકી સ્વરે બોલી ઊઠ્યા.

"આ નવી શૈલીમાં નૃત્ય કરે છે. અહીં એવું નૃત્ય જોવા નહિ મળે. શાસ્ત્ર એમની સામે ભીખ માગવા લાગશે. એક વાર જોઈ તો લો," કંદસ્વામી પિલ્લૈએ ભલામણ કરી.

"અચ્છા, જોઈ લઈએ. જોવામાં શું જાય છે ?" કહેતાં આરામ ખુરશીમાં ઢળી પડ્યાં. અચ્છા શરૂ કરો," કહેતા પાંપણો બંધ કરી દીધી. દેવીએ આમતેમ જોઈને જગ્યાનું નિરીક્ષણ કર્યું.

"પેલા વચલા ઓરડામાં જઈએ છીએ." ઈશ્વર બોલ્યા.

બંનેએ ઓરડામાં જઈને બારણું બંધ કરી દીધું. થોડી ક્ષણો પછી અંદરથી સંગીત ગૂંજી ઊઠ્યું. "સ્મશાન રુદ્ર છે. આ." "સ્મશાન રુદ્ર......." બારણાં ખૂલી ગયાં. ઈશ્વર વાઘચર્મ, ત્રિશૂલ, સર્પ, ગંગાથી અલંકૃત થઈને ધ્યાનમાં લીન હતા. પાછું સંગીત. વીજળીની માફક એક વાર ફર્યા ત્યારે એમના હાથમાં શૂલ ચમકવા લાગ્યું. આંખોમાં ઉન્માદ, હોઠો પર હાસ્ય લાવતાં પગ ઉપાડ્યા. કંદસ્વામી પિલ્લૈ રઘવાયા થઈ ગયા. એમને લાગ્યું, ઈશ્વર પોતાનું પણ ભૂલ્યો. એ બૂમ પાડી ઊઠ્યા. "એ કુત્તનાર, નૃત્ય બંધ કરો."

"ધત્ બિલકુલ નકામું છે. બોર્નિયોની જંગલી જાતિ જેવો વેશ બનાવીને આ તે કેવું નૃત્ય છે !" દીવાનબહાદુર ઊંચે સ્વરે બોલ્યા. પગ જમીન પર રાખી ઈશ્વર ઊભા રહી ગયા.

"અરે, તમે કલાની બાબતમાં કંઈ જાણો છો કે નહિ ? વાઘનું ચામડું પહેરી લીધું ! સાચા સર્પ ક્યાંય પહેરાય છે કે ? સર્પ જેવું કોઈક આભૂષણ પહેરવું જોઈએ. વાઘના ચર્મ જેવું રેશમી વસ્ત્ર પહેરવું જોઈએ. કલાનું પ્રથમ તત્ત્વ સૌંદર્ય છે. સાચાં ઈશ્વરપાર્વતી પણ આ નૃત્ય કરે તો તે નાટ્ય શાસ્ત્રની વિરુદ્ધ થશે. એમાં આ રીત નથી બતાવી. પહેલાં સાપોને ડબ્બામાં બંધ કરો. અહીં બાળકો રમે છે," દીવાનબહાદુર બોલ્યા.

શ્રી કંદસ્વામી પિલ્લૈને પણ એમણે ન છોડ્યા.

"કંદસ્વામી પિલ્લૈ, તમે દવા આપો છો, એનો અર્થ એ નથી કે હું આવું નૃત્ય જોયા કરું. અંતે તો ચાર માણસો વચ્ચે રહેવું છે મારે."

પંદર મિનિટ પછી સિદ્ધ વૈદ્ય દીપિકાની ઓફિસમાં બે વ્યક્તિ બેઠેલી. દેવી સિવાયની બાળકી સાદડી પર સૂતેલી હતી. બંને મૂંગા હતા. "લાગે છે કે મારી કલાથી અહીં જીવિકા નહિ મેળવી શકાય," ઈશ્વર બોલ્યા.

"મેં જે વાત સુઝાડી તે આપને પસંદ ન પડી. આપને જે વાત રુચિ તે સંસારને રુચિ. મન થાય તો સંગીત પાઠશાળા ખોલીએ."

ઈશ્વરે રુચિ ન દેખાડી.

"આટલા જલદી સંસારથી કંટાળી ગયા ?"

"તમને જોઈ લીધા, સંસારને જોઈ લીધો."

ઈશ્વરે કહ્યું,

"તમને જોયા પછી," કંદસ્વામી પિલ્લૈ હસ્યા.

"તમને લોકોને વરદાન આપી શકું છું, પણ તમારી સાથે જીવી શકું તેમ નથી." ઈશ્વરે કહ્યું.

"આપનો વર્ગ એને યોગ્ય છે," કંદસ્વામી પિલ્લૈએ કહ્યું. એમને ઉત્તર આપવા ત્યાં કોઈ નહોતું.

ટેબલ પર આજીવન સભ્યતાના પચ્ચીસ રૂપિયા રાખેલા હતા.

કૈલાસપુરમ પરમશિવમ્ પિલ્લૈ; આજીવન લવાજમ પચ્ચીસ રૂપિયા કંદસ્વામી પિલ્લૈએ હિસાબની ડાયરીમાં લખ્યું.

"દાદાજી ચાલ્યા ગયા ?" બાળકી ઊઠી ગઈ.

સાધુ, બાલિકા અને સીડે*

"મનુષ્યે ઈશ્વરની રચના કરી. પછી ઈશ્વરે માનવસૃષ્ટિ બનાવી."

"બંનેની વચ્ચે હરીફાઈ શરૂ થઈ; જે આજ સુધી સમાપ્ત નથી થઈ."

"કાલ સુધી પોતાના અનુજ ઈશ્વરને અગ્રજ માનવ સાથ આપતો રહ્યો. એમાં હારજીત નાના-મોટાનો નિર્ણય કેવી રીતે થાય ? આ નિર્ણય કરવો યોગ્ય છે કે ?"

સાધુ વાતમાંથી વાત કાઢતા ગયા. સામે તામ્રવર્ણીની ફેનિલ લહેરો ઘૂમરીઓ લેતી ઝડપથી વહેતી હતી. એ ઘાટનાં પગથિયાં પર બેઠા હતા. સામે બીજા કિનારે તાડનાં વૃક્ષો દ્વારા સીમાબદ્ધ આંબાવાડિયું એની આગળ સિંધુપૂંદુરાઈનું ગામ, અત્યારે ત્યાં ફૂલોવાળાં વૃક્ષો છે. એ જ રીતે નિરાશા અને માનસિક અસ્વસ્થતાને વિખેરી નાખનારાં કંઈક હજાર હૃદય ધડકી રહ્યાં છે. જયાં ધબકારા અટકાવી ત્યાં એને બાળવા માટે સ્મશાન છે. અત્યારે આ વખતે પણ ત્યાંથી ધુમાડા નીકળી રહ્યા છે. આશા અને નિરાશાના આધારભૂત શરીર પર ગર્વ કરવો એ કમજોરી જ છે. એ કમજોરીનું પ્રદર્શન કરીને ભિખારી ચાર પૈસા કમાઈ શકે છે. પણ કંઈ મનુષ્ય જીવી શકે છે. ? એટલા માટે સ્મશાન-રૂપ ચિકિત્સક જીવન રૂપી રોગોને માટે જરૂરી છે.

સ્વામીજી આ વાત સમજે છે. અત: એમને સંસાર પર વૈરાગ્ય આવી ગયેલો. એમની ડાબી બાજુ સુલોચન મુદલિયારનો પુલ છે. કટટ્વોમ્મનની લડાઈમાં એમણે મધ્યસ્થી કરેલી. એમણે પોતે એ પુલનું નિર્માણ કરેલું. તિરનેલવેલીના લોકોને એ વાતનો ઘણો ગર્વ છે. એમનું કહેવું હતું કે એ પુલનું નિર્માણ ઈંડા, તાડની લાહી તથા પીસેલા ગારાથી થયેલું છે.

આ પહેલાંની ભરતીમાં વહી આવેલા ભૂસાના ઢગલાએ બુઢ્ઢાના આગલા દાંત જેવા બે-ત્રણ થાંભલાઓ વહાવી દીધેલા. એને ફરીથી ઊભા કરી દેવામાં આવ્યા. નકલી દાંતો લગાવ્યા પછી પણ અંતે બુઢ્ઢો બુઢ્ઢો જ રહે છે. આ પુલ પણ બરાબર એવો જ છે. જાણે કોઈ જર્જરિત પરંપરા પોતાને મજબૂત બતાવવાની કોશિશ કરી રહી છે ! એનાથી થોડે દૂર જતાં એક ટેકરી છે. જાણે આકાશના ચિર સ્મિતને પોતાની ઉપર ઝીલતી એ ટેકરીઓ પથરાયેલી છે.

---

* સીડે-તમિલનાડુનો એક વિશિષ્ટ ખાદ્યપદાર્થ છે. ચોખાના લોટ અને તલમાંથી નાની નાની ગોળીઓના આકારમાં બનાવવામાં આવે છે. કૃષ્ણજન્માષ્ટીને દિવસે એ ખાસ કરીને બનાવવામાં આવે છે. એ ખારા અને ગળ્યા બંને પ્રકારના હોય છે.

એનાથી થોડે દૂર જતાં એક ટેકરી છે. જાણે આકાશના ચિર સ્મિતને પોતાની ઉપર સાધુની પાછળ કાર્તિકેયનું મંદિર છે. યૌવન, શક્તિ, સૌંદર્ય અને વિશ્વાસના ગુણોથી યુક્ત મૂર્તિનું નિવાસસ્થાન. એની પાછળ મહાકાલીનું મંદિર. પશ્ચિમ દિશાના ભયંકર હાસ્યને પ્રતિબિંબિત કરતી ભયંકર આકૃતિ. અંધારામાં ટમટમતું મંદિર. એવું લાગે છે કે જાણે યૌવન અને વિશ્વાસ એ ભયંકર હાસ્યની દયા પર નિર્ભર છે.

એમણે એને છોડી દીધું છે. પણ માનવ એને છોડી શક્યો નથી. એટલા માટે એમનો પૃષ્ઠ ભાગ એ ચિત્રની સામેથી ખસી ન શકવાથી પરેશાન હતો.

સાધુની ડાબી બાજુ.....

સાધુની ડાબી બાજુ એક નાનકડી બાલિકા છે. ચાર વર્ષની બાલિકા ચણિયાના ઘેરમાં સીંડેની પોટલી બાંધીને ઘાટની સીડી પર બેઠી બેઠી પાણીમાં પગ બોળીને હલાવી રહી છે. નાનકડા પગમાંનાં કડાં પાણીની બહાર નીકળીને સૂર્યના પ્રકાશમાં ઝગમગી ઊઠે છે. ફરીથી એક ક્ષણ પછી સૂર્યનાં કિરણો નિરાશ થઈ જાય છે. બાળકીનો પગ પાણીની અંદર ચાલ્યો જાય છે. સૂર્ય પ્રતાપી ભલે હોય, બાલકીની ચરણરજને માટે તપસ્યા કરી રહ્યો છે. બાળકી સીંડે ચાવતી ચાવતી સાધુને જોઈ રહી છે.

સાધુ ભરતીને જોઈ રહ્યો છે. ભરતી બંનેથી અજ્ઞાત છે.

"મનુષ્ય ખરો છો. પોતાના સર્જક ઈશ્વરની પાસે પોતાની બુદ્ધિ રહેવા દીધી હોત તો બુદ્ધિમાન હોત ? તો..... એને એના અસ્તિત્વનું ભાન જ ન થાત. પણ હવે વિદ્વાન બનીને કષ્ટ ઉઠાવી રહ્યો છે."

"એને ખબર નહોતી કે સૃષ્ટિનું કાર્ય કરવાવાળા માટે જ્ઞાન અત્યાવશ્યક છે. હવે એ પરેશાન થઈ રહ્યો છે. પણ એને દોષિત નહિ ઠરાવી શકાય." "મનુષ્યે પોતાની પ્રતિભાને ન ઓળખતાં જે ભૂલ કરી છે એનું નામ છે ઈશ્વર. મનુષ્ય નિર્માણ કરી શકે છે; નાશ નથી કરી શકતો. એ નાશ પામે ત્યાં સુધી માત્ર પ્રતીક્ષા કરી શકે છે."

"બસ, પ્રતીક્ષા કરી રહ્યો છે. પણ એના હાથોમાં આળસ છે. આ કારણે જ ભૂલોની સંખ્યા વધતી જાય છે......" સાધુએ વિચાર કર્યો.

કિનારા પર ઊગેલું ઘાસ એકદમ મોજાંમાં લીન થઈ ગયું. બાળકીએ પણ હાંની મુદ્રામાં મસ્તક હલાવતાં એક સીંડે મોઢામાં નાખીને ખાઈ લીધું.

ઘાટ પર એ શબ્દને સાંભળનારું બીજું કોઈ જ નહોતું.

Lasertypeset by Shabd Publications, Baroda-390 005.
Printed at The Central Electric Press, New Delhi-28